જાન્યુઆરી-૨૦૨૩
વર્ષ : ૧૫
અંક : ૦૭
મુલ્ય : રૂા. ૨૦/-

સહ વીર્યં કરવાવહૈ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સંચાલિત સમાજનું મુખપત્ર

# સેતુ સમાજ સંદેશ

*Unity is our Strength*

(માસિક)

વિજયનગર નગર મધ્યે મહાસભા કાર્યાલય, નાગલપર મધ્યે વિવિધલક્ષી ભવનની દિવાલનું ભુમીપુજન અને સિનુગ્રા તેમજ રેહા મધ્યે કુળદેવી માતાજીના મંદિરના ત્રિવિધ કાર્યક્રમ દરમ્યાન રેહા મધ્યે ભવ્ય સમારોહમાં મહાનુભાવોનું સન્માન...









રાજકોટ ઘટક


જામનગર-સિક્કા ઘટક


દ્વારકા ઘટક


મીઠાપુર ઘટક


ઓખા ઘટક



વડોદરા ઘટક

મહાસભાના આદ. પ્રમુખ શ્રી યોગેશભાઈ ચાવડા ગુજરાત પ્રાદેશિક અંતર્ગત રાજકોટ, જામનગર-સિક્કા, દ્વારકા, મીઠાપુર, ઓખા અને વડોદરા ઘટકની શુભેચ્છા મુલાકાતે પધાર્યા હતા તે વેળાની તસ્વીરો...

*If undelivered please return to :*

**Setu Samaj Sandesh**

C/o. Shree K.G.K. Samaj Bhavan
Nr. Townhall,
ANJAR - KUTCH 370 110.
Ph. : (02836) 246511

RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2023-2025
Posted at S.O. BHUJ on 2nd of Every Month.








Late Karmsinh Madhavji Tank
(Sinogra)

**Mr. Prafulchandra K. Tank**
Mob: +91 9825053258

**Mr. Kishan P. Tank**
Mob: +91 9925811599

K C I

# KARMA CHEMICAL INDUSTRIES

Manufacturer of : BASIC DYES

**RHODAMINE B 540%**

Basic Violet 10 & Other Qualities

**BASIC RHODAMINE B BASE**

BASIC DYES FOR

**Paper, Textile Printing & Leather**

**Factory** : 67/6, Phase 1, G.I.D.C ,Vatva.
Ahmedabad-382445 , ph:079-25890110

**Residence** : 21,22/D Ramkrishna Soc; Near Aavkar hall; Maninagar;
Ahmedabad-380008. ph:079-25462812

**E-mail** : karmachemical@gmail.com, tankishan5115@gmail.com

|| विद्यादान महादान || || परम पूज्य श्री गंगा मैया ध्रुव स्मृति || || सा विद्या या विमुक्तये ||

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ - કચ્છ) ૩૭૦ ૧૦૫. ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

કન્યા કેળવણીના ક્ષૈત્રે ભારત વર્ષમાં આપણા સમાજનું એકમાત્ર છાત્રાલય કુકમા (કચ્છ) મુકામે સમાજબંધુઓના સહયોગથી બંધારણીય રીતે સ્થાપવામાં આવેલ છે. દેશ-પરદેશ વસતા શુભેચ્છકો તથા ઉદાર દિલ દાતાશ્રીઓના સહયોગથી તેમજ નિષ્ઠાવાન કાર્યકર્તાઓની જહેમતથી છાત્રાલયનું સંચાલન સુચારૂ રૂપે થઇ રહ્યું છે. હાલે ધો. ૫ થી કોલેજકક્ષા સુધીની વિદ્યાર્થીનીઓને છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવે છે.

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842માં જમા કરાવી માનદ્ સહ વ્યવસ્થાપક શ્રી મોહનલાલ કુંવરજીભાઇ ચૌહાણ મો. 09427767810ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.



'સમાજરત્ન' શ્રદ્ધેય
સ્વ. હિરજીભાઇ ખીમજીભાઇ
ચૌહાણ - રત્નાગીરી

: પ્રેરણા સ્ત્રોત :

દર મહિનાની રજી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

# સેતુ સમાજ સંદેશ

સમાજના શીલ, શિક્ષણ અને સહકારનું માસિક

સહ વીર્યં કરવાવહૈ

'સમાજરત્ન'
શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ
સોલંકી - માધાપર



વર્ષ : ૧૫ અંક : ૦૭ જાન્યુઆરી-૨૦૨૩

સંસ્થાપક અને આદ્યતંત્રીશ્રી :
વૈદ્યરાજ સ્વ. પ્રાગજીભાઇ મોનજીભાઇ રાઠોડ

(Subject To Anjar Jurisdiction Only)

:: સમાજ સંરક્ષક ::



ભરતભાઈ કાંતિલાલ સાવરિયા
રાયપુર (છત્તીસગઢ)

: માનદ્ તંત્રી-મુદ્રક-પ્રકાશક :



વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર
'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8, કામધેનુ સોસાયટી-1,
અંજાર (કચ્છ) 370 110 M. 9408244644, 8160121930

: માલિક :



યોગેશભાઈ મગનભાઈ ચાવડા
પ્રમુખ શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા

અધ્યક્ષ, સેતુ સમાજ સંદેશ સંચાલન સમિતિ



હિતેશ ભોગીલાલ ચૌહાણ
63-65 / B, બંસરીવિલા, ગામ : મેઘપર કુંભારડી,
અંજાર (કચ્છ) 370 110.M. 9909069057

:: પથદર્શક ::



સ્વ. ભરતભાઈ વલમજીભાઈ વાઢેર
અંજાર (કચ્છ)

માનદ્ સંયોજક (Coordinator)
વિનોદ કેશવજીભાઈ પઢિઆર

પોસ્ટ એવં પ્રિન્ટીંગ
વિનોદ લીલાધરભાઈ ચૌહાણ

લવાજમ-વિજ્ઞાપન
અજય પ્રાગજીભાઈ પઢિઆર

સભ્યશ્રીઓ : વિનોદ શાંતિલાલ જેઠવા વિજય પ્રાગજીભાઈ પઢિઆર પ્રતિક દિનેશભાઈ ટાંક ગિરીશ મહેશભાઈ પરમાર


આજના યુગમાં મશીનો માનવવત્ (માનવી જેવા) બનતા જાય છે અને માનવ યંત્રવત્ (મશીન જેવા) બનતા જાય છે. દરેક યંત્ર બીજા દ્વારા દબાવવામાં આવતા બટન ઉપર આધારીત હોય છે. જેમ કે એક બટન દબાવવાથી ચીજને પીસી દે છે. બીજું બટન ચાળીને સાફ કરી દે છે. ત્રીજું બટન પેક કરી દે છે. એવી જ રીતે માનવ જ્યારે બીજા દ્વારા દબાવવામાં આવતા બટન ઉપર કામ કરવા લાગે છે ત્યારે તે પણ યંત્રવત્ બની જાય છે. જાણે પોતાની કોઇ સોચ-સમજ કાંઇ હોય જ નહીં. કોઇ ગ્લાનિરૂપી બટન દબાવે એટલે ક્રોધિત થઇ જવું. કોઇ મહિમારૂપી બટન દબાવે એટલે ખુશીમાં ફુલાઇ જવું. એક વાત આવી ઉદાસ કરી ગઇ, બીજી વાત આવી ચિંતા કરાવી ગઇ, ત્રીજી વાત આવી ઇર્ષ્યા પેદા કરાવી ગઇ, ચોથી વાત આવી વેરોનો બદલો લેવાની ભાવના જગાવી ગઇ. આવી રીતે દિવસભર આવતી ભિન્ન ભિન્ન પ્રકારની વાતો, પરિસ્થિતિઓ, ઘટનાઓ રૂપી બટન દબાતા જ રહે છે અને માનવ મશીનવત્ ભિન્ન ભિન્ન પ્રકારની મનોસ્થિતિમાંથી પસાર થતો રહે છે. આથી એકરસ સ્થિતિ રહી શકતી નથી. પરિણામે જીવન શુષ્ક અને તનાવપૂર્ણ બની રહે છે. એટલે જ જરૂરી છે કે સ્વયંની એકરસ સ્થિતિ જાળવી રાખવા સ્વયંનું બટન બીજાના હાથમાં ન સોંપવું જોઇએ. માનવવત્ અર્થાત્ સ્વયંનું બટન પોતાના હાથમાં રાખવું અને યંત્રવત્ અર્થાત પોતાનું બટન બીજાના હાથમાં સોંપવું.

સ્થિર મનોસ્થિતિનું એક ઉદાહરણ સંત તુકારામ છે. તેમનું જીવન અત્યંત ગરીબીમાં વિત્યું હતું. તેઓ ખુબ દયાળુ અને પરોપકારી હતા. એક દિવસ તેમને કોઇ સેવાકાર્યના બદલામાં થોડા શેરડીના સાંઠા મળ્યા. ઘર તરફ પ્રયાણ કરતી વખતે રસ્તામાં બાળકો શેરડીની માંગણી કરવા લાગ્યા એટલે સંત તેમને વહેંચતા ગયા. ઘરે પહોંચ્યા ત્યાં સુધી માત્ર શેરડીનો એક જ સાંઠો બચ્યો. તેમની પત્નિ એકજ સાંઠો જોઇ ગુસ્સે થઇ ગઇ અને જોર-શોરથી ભલું-બુરૂં સંભળાવતાં બચેલો સાંઠો સંતની પીઠ ઉપર મારી દીધો. શેરડીના બે ટુકડા થઇ ગયા ! તુકારામ મલકાયા અને કહ્યું, ''સારૂં થયું, એક ટુકડો તું ખાઇ લે, બીજો હું ખાઇ લઇશ...!''

ઉપરોક્ત ઘટનામાં સંતનું સ્વયં પર પુરૂં નિયંત્રણ હતું. જેથી તેઓ એકરસ સ્થિતિ જાળવી શક્યા. ગીતામાં પણ ભગવાને કહ્યું છે કે, ''જે સુખમાં છલકાતો નથી અને દુ:ખમાં હારતો નથી તે સ્થિર બુદ્ધિવાળો જ જ્ઞાની કહેવાય છે.'' સંસારમાં રહીએ છીએ એટલે ઘટનાઓ તો બનતી જ રહેશે પરંતુ હું કોણ છું, સંસારમાં આવવાનો મારો ઉદ્દેશ શું છે એ સ્મૃતિ સદાય બની રહે તો જીવન તનાવરહિત બની જાય. યંત્ર ઉપરથી માનવું નિયંત્રણ દુર થઇ જાય તો નુકશાન થઇ જાય પરંતુ માનવ ઉપરથી સ્વયંનું નિયંત્રણ દુર થઇ જાય તો એનાથી પણ ભયંકર નુકશાન થઇ જાય. પરિણામે એક અપરાધી જેવું જીવન ગુજારવું પડે છે. અત: આપણે યંત્રવત્ ન બનતા સ્વ નિયંત્રણનું બટન સદા આપણી પાસે જ રાખી માનવવત્ જીવન વ્યતિત કરવું આજના યુગમાં અતિ આવશ્યક છે.

**(સ્વ. ભરતભાઇ વાઢેરના લેખોમાંથી સાદર...)**


મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી)
સમાજ ભવન,
ટાઉન હોલ પાસે,
અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦

વાર્ષિક લવાજમ : ₹ ૨૦૦
આજીવન લવાજમ : ₹ ૧૫૦૦

મહાસભા વેબસાઇટ
www.kgksamaj.org

રકમ કોઇપણ Bank of Baroda - Anjar ની શાખામાં "Setu Samaj Sandesh" ના
Saving A/c. No. 03740100017955
IFSC Code - BARB0ANJARX (5th Character is Zero) માં ભરી શકાય છે.
*E-mail : setusamaj@gmail.com* *Visit us on at : www.setusamajsandesh.org*

ખાસ નોંધ : ★ સરનામામાં ફેરફાર અથવા સુધારા-વધારા તેમજ વિજ્ઞાપન બાબતે જાણકારી મેળવવા માટે 9067292827 નંબર પર S.M.S. / Whatsapp કરવા વિનંતી. મેસેજમાં ગ્રાહક નંબર, પુરૂં નામ - સરનામું લખવું અનિવાર્ય છે. ★ સેતુ સમાજ સંદેશમાં પ્રકાશીત થતા અહેવાલ, વિચાર, પત્ર, જાહેરખબર, લેખ વગેરેની વિગત સાથે તંત્રીશ્રી, મહાસભાના પદાધિકારીઓ સહમત હોય એ જરૂરી નથી. વિગતને લખનારના વ્યક્તિગત વિચારો સમજવા.



Reg. No. : S/12386 of 1972-73 West Bengal Societies Act - XXVI of 1961

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા




પ્રમુખશ્રી મહાસભા

શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા

'અંબર', વાત્સલ્ય ભૂમિ, વાઠોડા,

પો. નાગપુર (મહારાષ્ટ્ર) 35

Mob. 9373129642

સહ વીર્યં કરવાવહૈ

મહામંત્રીશ્રી મહાસભા

શ્રી વિનોદભાઈ કેશવજીભાઈ પઢિઆર

પ્લોટ નં. 26-બી, બાલાજીનગર-1

અંજાર (કચ્છ) 370 110

Mob. 09978790488

Regd. Office : 22, Hysham Road, Kolkata - 700 020 (W.B.)

Main Office : Shri Kshatriya Gyati Sewa Samiti, Opp. Satkar Hotel, Civil Station Road, Po. Raipur (C.G.) 492009. Ph./Fax : 0771 - 4098024

NAGPUR Office : "AMBER", Vatsalya Bhumi, Wathoda, Nagpur - 35. Mob. 937312642 ANJAR Office : Shop No. 5, Balaji Chambers - 2, Below Hotel Payal, Po. ANJAR (Kutch) 370 110, Mob. 9978790488


## પ્રમુખ સ્થાનેથી...

### ઐતિહાસીક કાર્યોના પગરણ...

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજની રાષ્ટ્રિય કાર્યકારીણીની બેઠક અને મહાસભાની બંધારણીય સામાન્ય સભા આ અંક આપના કર કમળોમાં આવશે ત્યારે સંપન્ન થઇ ગયેલ હશે. સમાજસેવાના પાવન કાર્યમાં યોગદાન આપનાર સૌ સમાજબંધુઓનો હાર્દિક આભાર માનું છું. હરહંમેશ આપનું યોગદાન મહાસભાને મળતું રહે તેવી આશા વ્યક્ત કરું છું.

### વિજયનગર પ્લોટ મધ્યે કાર્યાલયનું ભુમિપુજન

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાની કાયમી અકસ્માયતો ઉભી કરવાના ભાગ રૂપે મહાસભાનું વ્યવસ્થિત કાર્યાલય અંજાર સમાજના વિજયનગર પ્લોટ મધ્યે ઉભું કરવા માટેના પ્રયાસોને સાકાર કરતાં તા. ૨૩/૧૧/૨૦૨૨ના રોજ સમાજબંધુઓની હાજરીમાં ભુમિપુજનનું કાર્ય સંપન્ન કરવામાં આવેલ છે. સર્વે સમાજબાંધવોને અત્યંત હર્ષ સાથે જણાવતા બેહદ આત્મીય આનંદની અનુભૂતિ થાય છે કે મર્યાદા પુરૂષોત્તમ શ્રી રામના આશીર્વાદથી 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી પરિવાર તરફથી રૂપિયા અગિયાર લાખનું અનુદાન પ્રાપ્ત થયેલ છે. મહાસભાને સંગઠીત કરવામાં









જેમનું અમુલ્ય યોગદાન રહે છે તેવા પૂર્વ પ્રમુખશ્રીઓ આદ. શ્રી કાંતિલાલભાઇ જીવરામભાઇ જેઠવા (મહાત્માજી) પરિવાર - અંજાર, આદ. શ્રી રણજીતભાઇ હરજીભાઇ પરમાર પરિવાર - બાલાઘાટ, આદ. શ્રી ભુપેન્દ્રભાઇ વિશનજીભાઇ પરમાર પરિવાર - રાઉરકેલા, આદ. શ્રી કુંવરજીભાઇ રણછોડભાઇ ટાંક પરિવાર - નાગલપર, વર્તમાન સલાહકાર પ્રમુખ શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમાર પરિવાર - રાજનાંદગાંવ અને વર્તમાન મહાસભાના આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડા - પરિવાર - નાગપુર તરફથી આમ સર્વે પૂર્વ પ્રમુખશ્રી અને વર્તમાન પ્રમુખશ્રી તરફથી રૂપિયા બે-બે લાખનું અનુદાન જાહેર કરવામાં આવેલ છે. આ સૌ વડિલ મહાનુભાવોને આ સ્થાનેથી હું શત્ શત્ વંદન કરું છું... આભાર વ્યક્ત કરું છું. અંજાર ઘટક અને મહાસભા સંયુક્ત રીતે કાગજી કાર્યવાહી પૂરી કરી આપણા સૌના સ્વપ્નને સાકાર કરવા સમયોચિત કદમ ઉઠાવી મહાસભા કાર્યાલયનું સ્વપ્ન મૂર્તિમંત કરવા પ્રયત્નશીલ રહેશે તેવો વિશ્વાસ ધરાવું છું.

## નાગલપર મધ્યે વિવિધલક્ષી ભવનના કમ્પાઉન્ડ વોલનું ભુમિપુજન

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજની દરેક પ્રવૃત્તિઓને વેગ આપવા અને મહાસભાની કાયમી સંપત્તિ ઉભી કરવાના પ્રયાસ રૂપે નાગલપર-સિનુગ્રા રોડ પર નેશનલ હાઇવેની તદ્દન નજીક મહાસભાએ ખરીદેલ જમીન પર હાલના તબક્કે કમ્પાઉન્ડ વોલ અને ભવ્ય પ્રવેશ દ્વાર બનાવી તેને સુરક્ષીત કરવા માટે બાઉન્ડ્રીનું ભુમિપુજન તા. ૨૩-૧૧-૨૦૨૨ના રોજ નાગલપર ઘટક અને તેમની બન્ને પાંખોની હાજરીમાં વિધિપૂર્વક સંપન્ન કરવામાં આવેલ છે.



માધાપર (ખંભરા) નિવાસી અને મહાસભાના ઉપપ્રમુખ બ્ર.કુ. શ્રી બાબુભાઇ અરજણભાઇ પરમાર દ્વારા રૂપિયા બે લાખ એકાવન હજાર અને મુન્દ્રા (ચંદિયા) નિવાસી અને મહાસભાના માનદ્ સભ્ય આદ. શ્રી ભોગીલાલભાઇ દેવશીભાઇ ચાવડા દ્વારા રૂપિયા બે લાખ એકાવન હજારનું અનુદાન પ્રાપ્ત થયેલ છે. આ માટે આ બન્ને મહાનુભાવોનો સમસ્ત મહાસભા વતી આભાર વ્યક્ત કરું છું. ખુબજ ટુંકા ગાળામાં આ જમીનની બાજુમાં આવેલ નેશનલ હાઇવે પર બી.એ.પી.એસ. દ્વારા નિર્માણ પામી રહેલ સ્વામિનારાયણ ભગવાનનું વિશાળ સંકુલ, સૂચિત કૃષિ કોલેજ, ત્રિ-મંદિરને લઇને આ મિલ્કત ભવિષ્યમાં સમસ્ત સમાજને ખુબજ ઉપયોગી બની રહેશે તેવો વિશ્વાસ ધરાવું છું.

## સિનુગ્રા-રેહા મધ્યે કુળદેવી સ્થાનકોનું ભુમિપુજન

મહાસભાના ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ - ગાંધીધામ પરિવાર તરફથી કુળદેવી સ્થાનકોના જીર્ણોદ્ધારના પવિત્ર કાર્યના બીજા તબક્કામાં સિનુગ્રા મધ્યે ટાંક પરિવાર અને રેહા મધ્યે ચૌહાણ (ચાવલમાં) અને ચૌહાણ (સિકોતરમાં) આમ કુલ ત્રણ મંદિરોના ભુમિપુજનનું કાર્ય પણ તા. ૨૩-૧૧-૨૦૨૨ના રોજ સંપન્ન કરવામાં આવેલ છે. આ પહેલા શ્રી મનોજભાઇ વેગડ પરિવાર તરફથી દેવળીયાના ત્રણ, કુંભારીયાના ચાર આ કુલ સાત મંદિરો અને 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી તરફથી ખંભરામાં એક એમ કુલ આઠ મંદિરોના જીર્ણોદ્ધારનું કાર્ય સંપન્ન કરી આસો નવરાત્રીમાં ગોઠી ભાઇઓને સુપરત કરી આપવામાં આવેલ છે. મંદિરોના જીર્ણોદ્ધારનું આ પાવન કાર્ય મહાસભાની કચ્છ દર્શન સમિતિના પ્રભારી અને ઉપપ્રમુખ શ્રી લાધુરામભાઇ જીવરામભાઇ રાઠોડ - ખંભરા અને તેમની કર્મઠ ટીમ દ્વારા થઇ રહેલ છે. સમિતિના સૌ સભ્યોને મહાસભા વતી ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવું છું. કોઇપણ સમાજ જ્યારે પ્રગતિ સાધે ત્યારે તેમના મૂળમાં આવા








પાયાના કાર્યકર્તાઓની ધગશ અને યોગદાન જ મહત્વના સાબિત થતા હોય છે. કચ્છ દર્શન સમિતિએ એ સાબિત કરી બતાવ્યું છે. તેનો મને અને સમસ્ત મહાસભાને ખુબજ ગર્વ રહેશે.

















## મહાસભાના કચ્છના હોદ્દેદારો સાથે મનોમંથન – ચિંતન ફાર્મ, કુકમા

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના કચ્છના હોદ્દેદારો સાથે મુલાકાત મિલન-ચિંતનના બે કલાકનો કાર્યક્રમ મહાસભાના આદ. ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ સોલંકીના ચિંતન ફાર્મ - કુકમા મધ્યે તા. ૨૩-૧૧-૨૦૨૨ના સાંજે ૪.૦૦ કલાકે આયોજીત કરવામાં આવેલ હતો. 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીજીની ગરિમામય ઉપસ્થિતિમાં મહાસભાના અત્યાર સુધીના કાર્યોનું વિહંગાવલોકન અને ભવિષ્યમાં કરવાના કાર્યોના મુદ્દાઓ પર વિશદ્ ચર્ચા કરવામાં આવેલ હતી. કચ્છ બહાર ખુબ નાના સમુહમાં કે એકલ-દોકલ રહેતા સમાજબાંધવોના કચ્છમાં પુનર્વવસન બાબતે ગંભીર ચર્ચા-વિચારણા કરવામાં આવેલ હતી. ખાસ કરીને મોટી ઉંમરના સમાજબાંધવો કે જેમના પુત્ર-પુત્રીઓ ભણીગણી વિદેશમાં અથવા મુંબઇ, પૂના, હૈદ્રાબાદ, બેંગ્લોરમાં સ્થાયી થયા છે તેઆના વાલીઓની એકલતા અને સાર-સંભાળ પર ખાસ ભાર મુકવામાં આવેલ હતો. ઘટકોના પ્રવાસ વખતે આવા વડીલોની રજુઆતોનું વર્ણન કરી સૌ હોદ્દેદારોને અવગત કરવામાં આવેલ હતા. બધા હોદ્દેદારોએ આ બાબતે સારા-નરસા પાસાની રજુઆત કરી ચર્ચા કરેલ હતી. આ વિચારને વધુ ફલક આપવા મહાસભાની મીટીંગોમાં ચર્ચા પર લેવા અને શક્યતા જણાય તો ઠોસ પ્રોજેક્ટ રજુ કરવા દરેકને અનુરોધ કરવામાં આવેલ છે. આ બાબતે દરેકે દરેક સમાજબાંધવો વિચાર કરે અને કોઇ સારો ઉકેલ મળેતો જરૂરથી મહાસભાને જણાવવા અનુરોધ કરું છું.






# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ હૈદ્રાબાદ-સિકંદરાબાદ ઘટક સ્નેહમિલન-૨૦૨૨ની તસ્વીરો

































# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજનું ગૌરવ - અભિનંદન



**શ્રી વિનોદભાઈ**
**કેશવજીભાઈ પઢિઆર**
કોષાધ્યક્ષશ્રી



**શ્રી જીવરામભાઈ**
**ભવાનભાઈ ટાંક**
પ્રમુખશ્રી



**શ્રી રમેશભાઈ**
**રણછોડભાઈ ચૌહાણ**
સહમંત્રીશ્રી

## શ્રી અંજાર તાલુકા પેન્શનર્સ મંડળ - અંજાર

સમસ્ત અંજાર તાલુકાના નિવૃત્ત પેન્શનરોના ૬૫૦ સભાસદો ધરાવતી અંજાર તાલુકા પેન્શનર્સ મંડળના ઉપરોક્ત ગૌરવવંતા પદો પર બીનહરીફ વરણી થવા બદલ સમસ્ત સમાજ વતી આપશ્રીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ...

આપશ્રી આ ક્ષેત્રમાં ખુબજ સફળતાપૂર્વક આગળ વધો અને સમાજનું નામ રોશન કરો તેવી હાર્દિક શુભકામના...

**:: વિનિત ::**

**શ્રી યોગેશભાઈ મગનલાલભાઈ ચાવડા - નાગપુર**
પ્રમુખશ્રી
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

**શ્રીમતી અમિતાબેન વિજયભાઈ સોલંકી - ભુજ**
પ્રમુખશ્રી
શ્રી અખિલ ભારતીય મહિલા મહામંડળ

**શ્રી તૃષારભાઈ મોહનભાઈ ચૌહાણ - વડોદરા**
પ્રમુખશ્રી
શ્રી અખિલ ભારતીય યુવા મહામંડળ

With Best Compliments from Ashok, Ramesh, Rajan Chauhan & Family, Pune



Chauhan Group of Companies

# mother cat® Industries

Regd. Off. & Works : 136 A, Mohan Nagar, Chinchwad, Pune - 411019.
Tel. : +91 20 27475697/ 98 , Email : info@mothercatindia.com
Enq. Call : 9325323701, 9325323708, 9325323697

**Mfg. & Paper Convertor: Computer Stationery, Carbonless Stationery, Thermal Roll, Tissue Napkin, Toilet Roll**



WDG LAUNDROMAT Estd. 2012

TIKSHOW INDUSTRIES

Mother Cat Agri Udyog

www.mothercatindia.com

# 'સેતુ સમાજ સંદેશ' વિતરણ વ્યવસ્થા – સમસ્યા અને ઉકેલ...






મહાસભાનું મુખપત્ર 'સેતુ સમાજ સંદેશ' આજે ઘર-ઘરનું ઘરેણું બની ગયું છે. વિવિધ સમાચારો, કોલમો, વિભાગો તથા વિષયો દ્વારા પણ મળતી માહિતી સમાજના પરિવારોને એક સુત્રથી બાંધવાની સામાજીક ફરજ અદા કરે છે ત્યારે સેતુ સમાજ સંદેશની નકલ સમયસર પોતાને મળે તેવી સમાજબાંધવોની અપેક્ષા પણ વ્યાજબી છે. એટલે આપણે ઉપરોક્ત વિષય બાબતે અવગત થશું. 'સેતુ સમાજ સંદેશ'નું કમ્પોઝીંગ અને ડીઝાઇનીંગ કામ અંજાર મુકામે થાય છે જ્યારે પ્રિન્ટીંગ-પેકીંગ અને પોસ્ટીંગ ભુજ મધ્યે થાય છે. અંકો પ્રિન્ટ થયા પછી મજબુત પોલીથીન બેગમાં પેક કરી તેના પર સરનામાના સ્ટીકર લગાડવામાં આવે છે. જેમાં પોસ્ટલ સ્ટેમ્પ પણ હોય છે. ત્યાર બાદ રાજ્ય/શહેર અને મોટા ગામો વાર બંડલો બનાવી ભુજ સોર્ટીંગ ઓફિસથી પોસ્ટીંગ માટેની નિયત એવી દર મહિનાની બીજી તારીખે પોસ્ટ કરવામાં આવે છે અને પોસ્ટલ વિભાગની નિયત વ્યવસ્થા અનુસાર જે-તે રાજ્ય/શહેર/ગામો તરફ આખે-આખા બંડલો રવાના કરવામાં આવે છે. જે જે-તે વિસ્તારની ટપાલ કચેરીએ પહોંચ્યા બાદ સ્થાનિકે અંકોનું વિતરણ કરવામાં આવે છે. વરસોથી ચાલી આવતી આ એક સર્વ સામાન્ય વ્યવસ્થા છે. તેમ છતાં ૨૦ તારીખ સુધી અંકો ન મળ્યાની ફરીયાદ 'સેતુ સમાજ સંદેશ'ના તંત્રી શ્રી વિનોદભાઇ ખોડિયાર અને અધ્યક્ષ શ્રી હિતેશભાઇ ચૌહાણને મળે તો તેમને રી-પોસ્ટ કરી અંકો પહોંચાડવાની જવાબદારી પણ કાર્યાલય તરફથી નિભાવવામાં આવે છે. તેમ છતાં અંકો ન મળવાની ફરીયાદોનો વ્યાપ વધી રહ્યો છે ત્યારે તેના નિરાકરણના ઉપાયો વિશે વિચારીએ. 'સેતુ સમાજ સંદેશ' કાર્યાલયનું કામ તૈયાર થયેલા અંકોને નિયત તારીખે પોસ્ટ કરવાનું છે. જે બરાબર રીતે થાય છે. તેમ છતાં કોઇ ગ્રાહક અંકો ન મળવાની ફરીયાદ કરે તો જે-તે ગામનું બંડલ ચેક કરી ફરીયાદી ગ્રાહકને અંક પોસ્ટ થયો છે કે કેમ ? તેની ચકાસણી કરી ઘણી વખત સાબિતી રૂપે તેનો ફોટો પાડીને મોકલવામાં આવે છે. પણ અનુભવ અને તપાસના આધારે એવું જણાયું છે કે છેલ્લા કેટલાક સમયથી ઘણી જગ્યાએ ટપાલ વિતરણની વ્યવસ્થા સ્ટાફના અભાવે કે અન્ય કારણોસર ખોરવાઇ ગઇ છે. પરિણામે, અંકો જે-તે ટપાલ કચેરીમાં પડ્યા રહે છે, અથવા તેનું મોડું વિતરણ થાય છે. આ સ્થિતિમાં ઘણી જગ્યાએ ગ્રાહકો પોસ્ટ ઓફિસમાં જઇને પોતાનો અંક મેળવી લે છે તેવું પણ જાણવા મળે છે. કેટલાક ઘટકો અને જાગૃત સમાજબાંધવો એ સ્થાનિય સ્તરે કરેલ રજુઆત અને ફરિયાદ બાદ અંકો નિયમિત મળતા હોવાના પ્રેરક સમાચાર પણ મળેલ છે. આથી હાલની સ્થિતિએ મહાસભાના મુખપત્રની માત્ર વિતરણ વ્યવસ્થાને દોષ ન આપતાં જે ઘટકોમાં અંકો નથી મળતા તે ઘટકના પ્રમુખશ્રી, જાગૃત ગ્રાહકો કે જવાબદાર પદાધિકારીઓ સ્થાનિક પોસ્ટ ઓફિસમાં વારંવાર મૌખિક અને લેખિત રજુઆત કરે, અંકોનું વિતરણ થાય છે કે કેમ ? તેની જાત તપાસ કરે તે જરૂરી છે. મહાસભાનું મુખપત્ર આપણા સૌનું છે. **'સેતુ સમાજ સંદેશ'ના તંત્રી, અધ્યક્ષશ્રી અને વિવિધ સમિતિના પ્રભારીશ્રીઓ પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવે છે અને માનદ્ સેવા આપે છે. મહાસભાના પ્રમુખશ્રી યોગેશભાઇ ચાવડા પણ સમાજના પરિવારો સુધી સમયસર અને નિયમિત રીતે અંક પહોંચે તે બાબતે ચિંતિત અને પ્રયત્નશીલ છે.** 'સેતુ સમાજ સંદેશ' સંચાલન સમિતિ પણ પૂરતા પ્રયાસો કરે છે. તેની સાથે આ ફરિયાદનું નિરાકરણ આપણા સૌની સામુહિક જવાબદારી છે. ઘણા લોકો એવી ફરિયાદ કરે છે કે અમારા ઘટકમાં અંકો પહોંચતા જ નથી. પછી તપાસ કરતાં જાણવા મળે છે કે અમુક વિસ્તારોમાં ડીલીવર થાય છે જ્યારે અમુક વિસ્તારમાં નથી મળતા. આવું બને છે તે સ્થાનિક સમસ્યા છે. અને તેના નિવારણ માટે આપ સૌની જાગૃતિ તથા સહયોગ અતિ આવશ્યક છે. છેલ્લા કેટલાક સમયથી ટપાલ વિતરણ વ્યવસ્થા ખોરવાઇ ગઇ છે તે માત્ર આપણી જ નહીં પણ અન્ય સમાજો માટે પણ સમસ્યા બની છે. માટે આ લેખના માધ્યમથી આપ સૌને વિનંતી કે પોતાની પવિત્ર ફરજના ભાગરૂપે આવા કિસ્સામાં સૌ પ્રથમ સ્થાનિક પોસ્ટ ઓફીસનો સંપર્ક કરો. તેનું જરૂરથી હકારાત્મક પરિણામ મળશે. તેમ છતાં, આપણી પાસે રી-પોસ્ટ અને 'સેતુ સમાજ સંદેશ'નો ડીજીટલ અંક રૂપી વિકલ્પ તો છે જ... ઘણા ઘટક પ્રમુખો પોતાના ઘટકના અંકો કુરિયર અને પાર્સલથી મોકલવાનું સુચન કરે છે... પણ એ બધું ખર્ચાળ બની શકે છે. હાલે આપણે વરસોથી ચાલી આવતી સર્વસામાન્ય વ્યવસ્થા મુજબ અંકો રવાના કરીએ છીએ. તેમ છતાં મહાસભાના આદરણીય પ્રમુખ અને બંધારણીય સમિતિ આ બાબતે જે નિર્ણય કરશે તેવી વ્યવસ્થા ભવિષ્યમાં ઉભી કરવામાં આવશે. આપ સૌના સહકારની અપેક્ષા સાથે.... જય સમાજ... ચાલો, સાથે મળીને સમસ્યાનું નિરાકરણ કરીએ...



તા.ક. પોસ્ટિંગ બાબતે કોઇપણ વધારે જાણકારી આપવી કે મેળવવી હોય તો મારો સંપર્ક કરવા વિનંતી.

**વિનોદ લીલાધર ચૌહાણ**
**પ્રભારી, પ્રિન્ટીંગ અને પોસ્ટિંગ**
**મો.નં. ૯૮૭૯૧૫૦૧૧૩**




પ્રમુખશ્રી મહાસભા

શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા

'અંબર', વાત્સલ્ય ભૂમિ, વાઠોડા,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) 35
Mob. 9373129642


સહ વીર્યં કરવાવહૈ


વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા

શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર

'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8,
કામધેનુ સોસાયટી-1, અંજાર (કચ્છ) 370 110
Mob. 09408244644




# મહાસભાના પ્રમુખશ્રી અને તેમની ટીમનો ગુજરાત પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા ઘટકોની શુભેચ્છા મુલાકાત

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના પ્રમુખશ્રી આદરણીય શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા તેમની ટીમ, ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ લીલાધરભાઇ ચૌહાણ- ભુજ, શ્રી પરેશભાઈ ગોવિંદભાઈ ચૌહાણ -રાજકોટ તથા વરિષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઈ મોહનલાલભાઈ ખોડીયાર -અંજાર સાથે ગુજરાત પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા ઘટકોનો પ્રવાસ તારીખ ૨૬, ૨૭ અને ૨૮ નવેમ્બર ૨૦૨૨ના રોજ કરેલો હતો. જેનો અહેવાલ નીચે મુજબ છે.

**જામનગર ઘટક :** જામનગર ઘટકના ઉપપ્રમુખ શ્રી સંજયભાઈ ટાંકના નિવાસસ્થાને જામનગર- સિક્કા ઘટકના સમાજબાંધવોનું એક સ્નેહમિલનનું આયોજન કરવામાં આવેલું હતું. સર્વપ્રથમ મહાસભાના પ્રમુખશ્રી અને તેમની ટીમ દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવેલો. જામનગર સિક્કા ઘટકના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ ચૌહાણ દ્વારા મહાસભાના પ્રમુખશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું. જામનગર ઘટકના હોદ્દેદારો દ્વારા મહાસભાની ટીમનું સ્વાગત કરવામાં આવ્યું. જામનગર સિક્કા ઘટક ની માહિતી આપતા ઘટક ઉપપ્રમુખ શ્રી સંજયભાઈ એ જણાવ્યું કે ઘટકમાં દરેક તહેવારો ખૂબ જ સારી રીતે ઉજવવામાં આવે છે અને ઓછી સંખ્યા હોવા છતાં બધા લોકો સારી રીતે ભાગ લે છે. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી કુસુમબેન ટાકે પણ મહિલા મંડળનો અહેવાલ આપ્યો હતો તથા યુવા મંડળ તરફથી શ્રી ઉગમભાઈ ટાંકે પણ પોતાની ટીમની માહિતી આપી હતી. મહાસભા તરફથી પદાધિકારીઓએ પ્રાસંગિક ઉદબોધન આપેલું ત્યાર બાદ મહાસભાના પ્રમુખ શ્રી યોગેશભાઈ ચાવડાજીએ પોતાની આગવી શૈલીમાં મહાસભાની માહિતી આપી હતી અને સમાજ ઉત્કર્ષ માટે સમાજના સર્વે લોકોને જાગૃત થઈ એક સંપ સાથે કામ કરવાની હાકલ કરી હતી. મહાસભા તરફથી વરિષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઈ ખોડીયારએ આભાર વિધિ કરી હતી તથા મહાસભા તરફથી જામનગર સિક્કા ઘટકના પ્રમુખશ્રી મહિલા મંડળ અને યુવા મંડળના પ્રમુખશ્રીનું સન્માન મહાસભાના પ્રમુખશ્રી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું. અંતમાં જામનગરની પ્રતિષ્ઠિત લોર્ડ્સ હોટલમાં સૌ સાથે બપોરનું ભોજન લીધું અને ગ્રુપ ફોટો સેશન બાદ મહાસભાની ટીમે દ્વારકા તરફ પ્રયાણ કર્યું.




**દ્વારકા :** ઓખા મંડળ ટ્રસ્ટ દ્વારા સંચાલિત આપણા સમાજની અધ્યતન કચ્છી સમાજ ભવનના નવનિર્મિત એર કન્ડિશન રૂમમાં મહાસભા ની ટીમ નો ઉતારો આપવામાં આવેલો. સાંજે બધા ફ્રેશ થઈ ભોજન બાદ કચ્છી સમાજ ભવનમાં સભાખંડમાં શ્રી ઓખા મંડળ ટ્રસ્ટ અને દ્વારકા ઘટક દ્વારા સંયુક્ત મિટિંગનું આયોજન કરવામાં આવેલું. જેમાં દ્વારકા ઘટકના સમાજબંધુઓએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી તથા ટ્રસ્ટના તમામ હોદ્દેદાર શ્રીઓ અને ટ્રસ્ટીઓની હાજરી પણ નોંધનીય હતી. સમગ્ર મિટિંગનું સંચાલન કચ્છી સમાજ ભવનના ટ્રસ્ટી શ્રી ભગવાનજીભાઈ ટાંક અને શ્રી વિજયભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવેલું. સર્વ પ્રથમ દીપ પ્રાગટ્ય બાદ ટ્રસ્ટ મંડળની પ્રણાલી મુજબ પ્રાર્થના ''ઇતની શક્તિ દેના દાતા'' સૌ લોકોએ ઊભા થઈને ગાયું હતું.





ત્યારબાદ ટ્રસ્ટના પ્રમુખ શ્રી મહેશભાઈ ટાંક દ્વારા મહાસભાના પ્રમુખ શ્રી યોગેશભાઈ ચાવડાનું દ્વારકાધીશનો પ્રણાલીગત ખેસ પહેરાવી સન્માન કરી ડાયસ પર આસન આપ્યું હતું. આવી જ રીતે મહાસભાના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ ચૌહાણનું સન્માન શ્રી ભગવાનજીભાઈ ટાંક દ્વારા તથા મહાસભાના ઉપપ્રમુખ શ્રી પરેશભાઈ ચૌહાણનું સ્વાગત શ્રી વિજયભાઈ રાઠોડ દ્વારા અને વરિષ્ઠ મહામંત્રી મહાસભા વિનોદભાઈ ખોડીયારનું સ્વાગત શ્રી હરસુખભાઈ વાઢેર તથા ગુજરાત પ્રાદેશિક સમીતીના ઉપપ્રમુખ શ્રી પ્રવીણભાઈ ચૌહાણનું સ્વાગત શ્રી પ્રભુલાલભાઈ ટાંક દ્વારા કરેલ. ટ્રસ્ટ તરફથી શ્રી મહેશભાઈ ટાંકે પ્રાસંગિક ઉદબોદન કરેલ ત્યારબાદ શ્રી ભગવાનજીભાઈ ટાંક દ્વારા ટ્રસ્ટની ગતિવિધિની માહિતી આપવામાં આવી હતી. દ્વારકા ઘટક તરફથી મંત્રી શ્રી મનોજભાઈ વાઢેર દ્વારા મહાસભાના પ્રમુખશ્રી અને તેમની ટીમનું અભિવાદન કરવામાં આવેલ અને દ્વારકા ઘટકનો અહેવાલ આપવામાં આવેલ. ટ્રસ્ટના વરિષ્ઠ ટ્રસ્ટી ડો. ઈશ્વરલાલભાઈ ટાંક દ્વારા પોતાની લેખકની આગવી શૈલીમાં ખૂબજ સરસ ઉદ્‌બોધન આપેલ. મહાસભાના હોદ્દેદારોએ પ્રાસંગિક પ્રવચન કરેલ તથા પ્રમુખશ્રીએ પણ પોતાના ઉદ્‌બોધન માં સમાજની હાલની પરિસ્થિતિનો ચીતારા આપેલ. કચ્છી સમાજ ભવનની સુંદર વ્યવસ્થા અને જાળવણી બદલ સર્વેને અભિનંદન આપેલા અને આજે એમના બહેનશ્રી અને બનેવીશ્રી તરફથી રૂપિયા ૫૧,૧૧૧નું શ્રી કચ્છી સમાજ ભવન માટે અનુદાન જાહેર કર્યું ત્યારે સમગ્ર સભાએ તાલીઓથી વધાવી દીધા હતા. આ અગાઉ પ્રમુખશ્રી દ્વારા નવનિર્મિત એર કન્ડિશન રૂમ પેટે પોતાના કુટુંબીજનો વતી રૂપિયા ૨,૫૦,૦૦૦નું અનુદાન અગાઉથી અપાયેલું જ હતું આમ મહાસભાના પ્રમુખશ્રીની પણ કચ્છી સમાજ ભવન પ્રત્યેની લાગણી વ્યક્ત કરી હતી.

ઓખા મંડળ ટ્રસ્ટનું પ્રતિનિધિ મહાસભામાં મળે તે હેતુસર મીઠાપુર નિવાસી અને ગુજરાત પ્રાદેશિક સમિતિના ઉપપ્રમુખ શ્રી પ્રવીણભાઈ ચૌહાણની નિમણુંક મહાસભાના વિશેષ આમંત્રિત તરીકે જાહેર કરતા સૌએ તાલીઓથી તેમની નિમણૂંક વધાવી હતી અંતમાં મહાસભા તરફથી મહામંત્રી શ્રી વિનોદભાઈ ખોડીયાર દ્વારા ટ્રસ્ટ અને ઘટકના હોદેદારોનું સન્માન મહાસભાના પ્રમુખશ્રી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવેલ તથા સુંદર સભા માટે આભાર પ્રગટ કરેલ અને રાત્રે ૧૨:૦૦ વાગ્યે પણ સૌ લોકોએ સાથે રહ્યા તે બદલ પણ આભાર પ્રગટ કર્યો. બીજા દિવસે સવારે દ્વારકાધીશ મંદિરના દર્શન બાદ મહાસભાના પ્રમુખશ્રી તથા તેમની ટીમ શ્રી પ્રવીણભાઈ ચૌહાણના સથવારે બેટ દ્વારકા, દાંડી હનુમાન, ૮૪ ધુણો ગોપી તળાવ તથા નાગેશ્વર જ્યોતિર્લિંગ નો લાભ લીધો હતો અને સમગ્ર સમાજ બંધાવો ને સુખ સમૃદ્ધિ અને સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

**ઓખા ઘટક** : બરાબર સાંજે છ કલાકે ઓખા ઘટક તરફથી મહાસભાના પ્રમુખથી અને તેમની ટીમનો શુભેચ્છા સભાનું આયોજન કરવામાં આવેલ. સમગ્ર મિટિંગનું કુશળ સંચાલન યુવા મંડળના પ્રમુખ શ્રી ભરતભાઈ યાદવ દ્વારા કરવામાં આવેલું હતું. સર્વ






પ્રથમ દીપપ્રાગટ્ય બાદ પરંપરાગત ઇતની શક્તિ દે દાતા પ્રાર્થના દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ ઓખા ઘટકના હોદ્દેદારો દ્વારા મહાસભાના પ્રમુખશ્રી અને તેમનું ટીમનું પુષ્પગુચ્છથી સન્માન કરી ડાયસ પર લઈ જવામાં આવેલા હતા. ઓખા ઘટકની બાળાઓ દ્વારા સુંદર સ્વાગત ગીત રજૂ કરવામાં આવેલું હતું. દરિયા કિનારે ખોડીયાર માતાજીના મંદિરના પટાંગણમાં સુંદર વાતાવરણમાં સમગ્ર આયોજન ખૂબ જ ભવ્ય લાગતો હતો. મહાસભાની ટીમ તથા પ્રમુખશ્રીએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં મહાસભા વિશે જાણકારી આપી હતી તથા મહાસભા ની ઘટક પ્રત્યેની જવાબદારીઓ અને અપેક્ષાઓની માહિતી આપી હતી. મહાસભા સમાજ ઉત્કર્ષના કાર્યો માટે હંમેશા તત્પર રહેવાનો કોલ આપ્યો હતો. ઘટકની માહિતી શ્રી ભરતભાઈ યાદવએ આપી હતી. મહાસભા તરફથી ઓખા ઘટકના પદાધિકારીઓને પણ સન્માનિત કરેલા અને વરિષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઈ ખોડીયાર દ્વારા મહાસભા વતીથી

આભારવિધિ પ્રગટ કરી હતી મીટીંગ બાદ અલ્પાહાર કરી મહાસભા ની ટીમ મીઠાપુર જવા રવાના થઈ

**મીઠાપુર ઘટક :** મીઠાપુર ઘટકની બાળાઓએ મહાસભાના પ્રમુખશ્રી અને તેમની ટીમનું ગોતીડા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું ત્યારબાદ ઓખા મંડળના પેટન્ટ પ્રાર્થના ઇતની શક્તિ દે સૌને ઊભા થઈને ગઈ હતી ત્યારબાદ મહાસભાના પ્રમુખશ્રી અને તેમની ટીમનું



સ્વાગત કરી ડાયસ પર લઈ જવામાં આવેલા અને મીઠાપુર ઘટકને બાલિકાએ સુંદર સ્વાગત ગીત રજૂ કર્યું મીઠાપુર ઘટક મંત્રી શ્રી વિજયભાઈ રાઠોડ દ્વારા મીઠાપુર ઘટક નો અહેવાલ આપવામાં આવ્યો મીઠાપુર મહિલા મંડળ તરફથી મહિલા મંડળ પ્રમુખશ્રી એ અહેવાલ આપ્યો તથા યુવા મંડળ તરફથી યુવા મંડળ પ્રમુખ શ્રી એ પણ મીઠાપુર યુવા મંડળનો અહેવાલ આપેલ મહાસભાના ટીમે પણ પ્રાસંગિક ઉદબોધન કરેલ તથા પ્રમુખશ્રી એ પણ મહાસભાની કાર્યવાહીની માહિતી આપી હતી અને સો ટકા સેતુ સમાજ સંદેશ દરેક ઘરે આવા બદલ સમગ્ર સમાજ બંધુઓને હાર્દિક અભિનંદન આપેલા હતા અને તાતા નગરી જેવી શિસ્ત અને શું વ્યવસ્થિત ઘટકનો સંચાલન જોઈ ખૂબ જ ખુશી વ્યક્ત કરી હતી. મહાસભા તરફથી પણ મીઠાપુર ઘટના પદાધિકારીઓને સન્માન કરવામાં આવેલું હતું અને શ્રી વિનોદભાઈ ખોડીયાર દ્વારા આભાર વિધિ પણ કરેલ હતી મીટીંગ બાદ બધાએ સાથે ભોજન લઈ મહાસભા ની ટીમ દ્વારકા રાત્રી રોકાણ માટે દ્વારકા રવાના થઈ. બીજા દિવસે સવારે મહાસભાના પ્રમુખશ્રીને તેમની ટીમ રાજકોટ તરફ જવાના રવાના થઈ



**રાજકોટ ઘટક :** બરાબર સવારે ૧૧:૦૦ વાગે રાજકોટ ના પોશ એરીયા કાલાવડ રોડના બેંકવેટ હોલમાં મહાસભાની ટીમનું બાળાઓ દ્વારા ગોતીડા થી સ્વાગત કરવામાં આવ્યું. રાજકોટ ઘટક ની ટીમ દ્વારા મહાસભાના પ્રમુખશ્રી અને તેમની ટીમનું સ્વાગત કરવામાં આવ્યું. રાજકોટ ઘટકની કુમારી દિયા ટાંક દ્વારા સુંદર સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું. ત્યાર બાદ જેનીલ ટાંક દ્વારા પણ એક સુંદર સ્વાગત ગીત કરવામાં આવ્યું તથા કુમારી અંજલી રાઠોડ દ્વારા ભગવદ ગીતા પર ટૂંકમાં ખૂબ જ સુંદર વક્તવ્ય આપવામાં આવ્યું. મહાસભાના પ્રમુખશ્રી નું સ્વાગત પ્રમુખશ્રી ચંદ્રેશભાઇ ચાવડા દ્વારા પુષ્પગુચ્છ અને સાલ ઓઢાડીને કરવામાં આવ્યું મહાસભાના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ ચૌહાણનું સ્વાગત રાજકોટ ઘટકના સલાહકાર શ્રી પ્રફુલભાઈ ગોહિલ દ્વારા કરવામાં આવ્યું મહાસભાના ઉપપ્રમુખ શ્રી અને રાજકોટ ઘટકના સલાહકાર પ્રમુખશ્રીનો સ્વાગત રાજકોટ ઘટકના મંત્રી શ્રી રાજનભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું. મહાસભાના વરિષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઈ ખોડીયારનું સ્વાગત યુવા મંડળના પ્રમુખ શ્રી ધવલભાઈ ટાંક દ્વારા કરવામાં આવ્યું તથા મહાસભાના પ્રમુખશ્રીના ધર્મપત્ની શ્રીમતી મીનાબેન ચાવડાનું સ્વાગત મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી દીનાબેન ખોડીયાર દ્વારા કરવામાં આવ્યું.






સમગ્ર મીટીંગનું સંચાલન રાજકોટ ઘટકના મંત્રી શ્રી રાજનભાઈ પરમાર દ્વારા કરવામાં કરવામાં આવ્યું સર્વપ્રથમ ઘટક પ્રમુખ શ્રી ચંદ્રેશભાઇ ચાવડા દ્વારા પ્રાસંગીક પ્રવચન કરી રાજકોટ ઘટકનો અહેવાલ આપેલો એવી જ રીતે મહિલા મંડળના પ્રમુખશ્રી અને યુવા મંડળના પ્રમુખશ્રીએ પણ પોતાનો અહેવાલ આપેલો મહાસભાના ટીમ દ્વારા પણ પ્રાસંગિક ઉબોધન કરેલ રાજકોટ ઘટકના વરિષ્ઠ સલાહકાર શ્રી પ્રફુલભાઈ ગોહિલ દ્વારા પણ ઉપયોગી માહિતી આપેલ. પ્રમુખશ્રી દ્વારા રાજકોટ ઘટક ની મહાસભામાં રહેલ ભૂતપૂર્વ ફાળા બદલ આભાર પ્રગટ કરેલ અને મહાસભાના પ્રમુખશ્રી તરીકે રાજકોટ ઘટકને મુલાકાતને એક સુખદ સાંભરણા તરીકે ગણાવી હતી. મહાસભા તરફથી પણ રાજકોટ ઘટકના પદાધિકારીઓનું સન્માન કરેલું અને રાજકોટ ઘટકનો આભાર પ્રગટ કરી બપોરના ભોજન બાદ મહાસભાના પ્રમુખશ્રી વડોદરા જવા રવાના થયા.

**વડોદરા ઘટક :** તારીખ ૨૭-૧૧-૨૦૨૨ના રવિવારના શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના રાષ્ટ્રીય અધ્યક્ષ નાગપુર નિવાસી આદરણીય યોગેશભાઈ મગનભાઈ ચાવડા ગુજરાત પ્રાદેશિક અંતર્ગત આવતા વડોદરા ઘટકની મુલાકાતે આવ્યા હતા જેમનું સ્વાગત અખિલ ભારતીય યુવા મહામંડળના પ્રમુખ શ્રી તુષારભાઈ મોહનભાઈ ચૌહાણ તેમજ ગુજરાત પ્રાદેશિક સમિતિના અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વરુ અને ઘટક પ્રમુખ શ્રી પ્રભુલાલભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું આજની આ મિટિંગમાં વડોદરા ઘટક ની ત્રણેય પાંખની કારોબારીઓ ગુજરાત પ્રાદેશિકની ત્રણેય પાંખની કારોબારીઓ મહાસભાની ત્રણેય પાંખના હોદ્દેદારો વડોદરા ઘટકના પ્રતિનિધિઓ વડોદરા ઘટકનું સલાહકાર મંડળ તેમજ વિશેષ આમંત્રીશ્રીઓ આજની મિટિંગમાં હાજર રહ્યા હતા ઘટક દ્વારા પુષ્પગુચ્છ અને સાલ ઉડાડી આદરણીય પ્રમુખશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું મહાસભાના આદરણીય પ્રમુખ શ્રી એ પોતાના ઉદબોદનમાં તેમના બે વર્ષના કાર્યકાળ દરમિયાન થયેલ દરેક કામની વિગતો અને માહિતી આપી હતી. ઉપસ્થિત સર્વે વડોદરા ઘટકના પદાધિકારી સાથે પ્રમુખશ્રીએ સમાજ ઉપયોગી વિષયો પર ચર્ચા વિચારણા કરી હતી. પ્રમુખશ્રીએ દરેકના વિચારો સુજાવો સાંભળ્યા અને ચોક્કસથી એ સુજાઓ પર આવનારા દિવસોમાં કામ કરવાની ખાતરી આપેલ હતી લગભગ બે અઢી કલાક સુધી આ કાર્યક્રમ ચાલ્યો અને ત્યારબાદ સૌ સાથે ભોજન લઈ અને છૂટા પડ્યા.

અહેવાલ : પરેશભાઇ ગોવિંદભાઇ ચૌહાણ - ઉપપ્રમુખશ્રી મહાસભા



॥ ॐ શાંતિ ॥

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

સહ વીર્યં કરવાવહૈ



# 'સંજીવની-૪'

The Lifeline.....

માહિતિ...
માર્ગદર્શન...
મદદ...

**શ્રી વિનોદકુમાર શાંતિલાલભાઇ જેઠવા - અંજાર**
(વરીષ્ઠ ઉપપ્રમુખ : શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા, વિશેષ પ્રભારી : 'સંજીવની')

**Sanjivni A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)**

**Office : C/o. Shantilal Gopalji & Sons, Railway Station Road, Po. Anjar (Kutch-Guj.) 370 110. Mob. 9825163288**

## 'સંજીવની સંકલ્પધારી પરિવાર'

**:: પ્રતિમાસ રૂા. ૫૦૦૦ ના પ્રિમિયમ દાતાશ્રી ::**

'સંજીવની સમ્રાટ' સમાજરત્ન

શ્રીમાન વિનોદભાઇ પરસોત્તમભાઇ સોલંકી પરિવાર - માધાપર

'સંજીવની સરતાજ' શ્રી સુનિલભાઇ વિશ્રામભાઇ ચાવડા પરિવાર - હૈદ્રાબાદ

'સંજીવની સરતાજ' શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા પરિવાર - મુન્દ્રા

શ્રી કાંતિલાલભાઇ જીવરામભાઇ જેઠવા (મહાત્માજી) પરિવાર - અંજાર

સ્વ. શ્રી મણીલાલભાઇ કેશવજીભાઇ ચાવડા પરિવાર - રાયપુર

સી.એ. શ્રી મુકુન્દભાઇ પુરૂષોત્તમભાઇ ચૌહાણ પરિવાર - સુરત

શ્રી જીગ્નેશભાઇ મગનલાલભાઇ જેઠવા પરિવાર - કલ્યાણ

**:: પ્રતિમાસ રૂા. ૨૧૦૦/૨૦૦૦/-ના માનદ્ દાતાશ્રી ::**

કર્નલ સત્યેન ડી. રાઠોડસર - અમદાવાદ

શ્રી ભુપેશભાઇ શ્યામસુંદરભાઇ ચાવડા - પૂના

શ્રીમતી હેમલતાબેન ચાવડા - પૂના

શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ પરિવાર - અમદાવાદ

શ્રી અમિતભાઇ ગોપાલભાઇ ચૌહાણ - અંજાર-કલ્યાણ

**:: પ્રતિમાસ રૂા. ૧૫૦૦/૧૦૦૦/-ના સહયોગી દાતાશ્રી ::**

શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ - લાતુર

(પ્રભારી : મહિલા ઉત્કર્ષ સમિતિ - મહાસભા)

પ્રો. શ્રી ગોપાલભાઇ પી. ચાવડાસર - હૈદ્રાબાદ

શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા - અંજાર

સ્વ. ભરતભાઇ વલમજીભાઇ વાઢેર - અંજાર (પૂર્વ તંત્રીશ્રી સેતુ સમાજ સંદેશ)

શ્રીમતી મંજૂલાબેન છોટાલાલભાઇ ચૌહાણ

શ્રી ભરતભાઇ જીવરામભાઇ ચૌહાણ - આદીપુર (એન્જી.બી.જે. ચૌહાણ એસોસીએટ્સ - આદીપુર)

શ્રી ત્રિલોકેશભાઇ લીલાધરભાઇ ચાવડા પરિવાર - પૂના

શ્રી હરીરામભાઇ દાનાભાઇ રાઠોડ - જબલપુર (પૂર્વઉપપ્રમુખશ્રી મહાસભા)

શ્રી બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમાર - માધાપર (ઉપપ્રમુખશ્રી મહાસભા)

શ્રી હંસરાજભાઇ જીવરામભાઇ પરમાર - આદીપુર

શ્રી તૃષારભાઇ મોહનભાઇ ચૌહાણ - વડોદરા

(પ્રમુખશ્રી અ.ભા.યુવા મહામંડળ, પ.ઝોનલ ચેરમેન 'સંજીવની')

શ્રી ડૉ. હરસુખલાલ ગોવિંદભાઇ પરમાર - વડોદરા

શ્રીમતી હિરલબેન નિલેશભાઇ ખોડિયાર - અબુધાબી (યુ.એ.ઇ.)

શ્રી લીલાધરભાઇ રતિલાલભાઇ ખોડિયાર - શહડોલ

(પ્રમુખશ્રી : મહાકૌશલ પ્રાદેશિક સમિતિ)

શ્રી ભગવાનલાલ રણછોડભાઇ ટાંક - નડીયાદ

શ્રીમતી અનસૂયાબેન જેરામભાઇ પરમાર - કુકમા

શ્રી દયારામભાઇ પરબતભાઇ ચૌહાણ - વિશાખાપટ્ટનમ

શ્રી રામજીભાઇ નાનજીભાઇ જેઠવા પરિવાર - ખડગપુર (બાલાઘાટ)

શ્રી અનિલભાઇ પુરૂષોત્તમભાઇ ખોડિયાર પરિવાર - અંજાર

શ્રીમતી કાન્તાબેન કિશોરભાઇ કોન્ટ્રાક્ટર પરિવાર - અમદાવાદ

શ્રીમતી બબીતાબેન વિજયભાઇ ચૌહાણ પરિવાર - મુંબઇ

શ્રી હરગોવિંદભાઇ હેમરાજભાઇ ચૌહાણ પરિવાર - કુકમા

શ્રી સૌભાગ્યલાલ જયરામભાઇ વાઢેર પરિવાર - રાયપુર

'સંજીવની સરતાજ' શ્રી જગદીશભાઇ રાજાભાઇ રાઠોડ - ધનબાદ

શ્રીમતી આરતીબેન જગદીશભાઇ ચૌહાણ - ઉદયપુર (રાજ.)

હ. જુગલ ચૌહાણ - સાઉદીઅરેબીયા

શ્રીમતી ચંદ્રિકાબેન કાંતિલાલભાઇ જાદવજીભાઇ રાઠોડ - નાગપુર

**:: પ્રતિ માસ રૂા. ૫૦૦/-ના સ્નેહી દાતાશ્રી ::**

શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંક - અંજાર (પૂર્વ મહામંત્રીશ્રી, અ.ભા.યુવા મહામંડળ)

શ્રી કિશોરભાઇ વાલજીભાઇ પરમાર - ધનબાદ (પ્રમુખશ્રી કોલફીલ્ડ પ્રા.)

શ્રી વિજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર - અંજાર (ઉપપ્રમુખશ્રી મહાસભા)

ગં.સ્વ. જયાબેન મોહનભાઇ ટાંક જયપુર (રાજ.) (પાનવાલા)

શ્રી વિજયભાઇ વાસુદેવભાઇ ચાવડા - જયપુર (રાજ.)

શ્રી મનોહરભાઇ વિરમભાઇ ટાંક - અમદાવાદ (ગુજ.)

શ્રીમતી તારૂલતાબેન ગોવર્ધનભાઇ રાઠોડ - આદિપુર

શ્રી વિનોદભાઇ અમરશીભાઇ રાઠોડ (ખંભરા) અંજાર

(વિનંતી : ઉપરોક્ત દાતાશ્રીઓના નામ, ગામ, રકમ, વિગત વગેરેમાં જો કંઇ વિસંગતતા જણાય તો ધ્યાન દોરવા વિનંતી.)


શ્રી વિનોદભાઈ ચૌહાણ
પ્રભારીશ્રી

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા


# અભિલાષા-૪

**।। શિક્ષણ દાન એજ મહાદાન ।।**

સંપર્ક : 'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ M.E.S. રોડ, R.T.O. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ) ભુજ (કચ્છ)
મો. ૯૮૭૯૧ ૫૦૧૧૩ E-mail : vinodchauhan48@yahoo.in

**Abhilasha A/c :- Shri K.G.K. Samaj Mahasabha - A/c. No. 30646325251 S.B.I. - Katcheri Branch, Raipur (C.G.) IFSC Code : SBIN0003314**

નમસ્કાર... **મહાસભાના આદરણીય પ્રમુખ શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડાની સુચના અને માર્ગદર્શન મુજબ સત્ર ૨૦૨૧-૨૨ના કુલે ૩૪ જેટલો છાત્રોને ૩,૪૦,૦૦૦/- જેટલી શિક્ષણ સહાયની રકમ ચુકવવામાં આવેલ છે.** આ સેવા કાર્યમાં વિશેષ રૂપે **મહાસભાના ઉપપ્રમુખ શ્રી હેમંતભાઈ ગોહિલ - રાયપુર** તરફથી મળેલ સહયોગના સ્વીકાર સાથે તેમનો ખુબ ખુબ આભાર... સાથે શિક્ષણ સેવાના આ મહાયજ્ઞમાં દાનરૂપી પવિત્ર આહુતિ આપનાર દાતાશ્રીઓનો ખરા દિલથી ઋણ સ્વીકાર.... આભાર... તથા આપ સૌનો સહયોગ આગળ જતાં પણ મળી રહેશે તેવી આશા... અપેક્ષા...



**'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પી. સોલંકી** આ સમિતિના અનમોલ દાતાશ્રી છે. માસિક દાન ઉપરાંત પોતાના પરિવારના પ્રસંગોને દિપાવતાં સહયોગી બનતા રહ્યા છે અને તેમાં પણ પોતાનો જન્મદિવસ હોય પછી કોઈ કમી રખાય ખરી ? **તા. ૨૦/૧૧/૨૦૨૨ના રોજ તેમના ૬૬મા જન્મ દિવસની ખુશાલીમાં તેઓશ્રી તરફથી સમાજના આર્થિક રીતે નબળા છાત્રોની શિક્ષણ સહાય માટે રૂા. ૧૧૦૦૦/-નું ખુશાલી દાન પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત, માસિક દાનના રૂા. ૫૦૦૦/- તો ખરાજ... આપણા 'સમાજરત્ન' સાહેબનો સ્નેહ અને ઉદારતા સદા વરસતી રહે તેવા ભાવ સાથે જન્મદિવસની હાર્દિક શુભકામના... જય સીયારામ...**



કોઈ વ્યક્તિ દુનિયા છોડીને જાય ત્યારે તેમનું નામ પરોપકાર સાથે જોડાયેલું રહે તેનાથી મોટું તર્પણ બીજું કોઈ નથી. તેનું પ્રેરક ઉદાહરણ એટલે મુળ ગામ દેવળીયા અને હાલે રાયપુર નિવાસી **સ્વ. કેશવજીભાઈ મુલજી ચાવડા**નો પરિવાર. અગાઉ પણ આ સમિતિને નોંધપાત્ર દાન આપનાર ચાવડા પરિવાર તરફથી **માતુશ્રી સ્વ. જયાબેન કેશવજી ચાવડાની પ્રથમ પુણ્યતિથી અવસરે 'અભિલાષા' સમિતિના સ્થાયી ફંડ માટે રૂા. ૨૫,૦૦૦ નું સ્મૃતિ દાન તેમના પુત્રવધુ શ્રીમતી હર્ષાબેન દિલીપભાઈ ચાવડા - રાયપુર દ્વારા અર્પણ કરવામાં આવેલ છે. સ્વ. માતુશ્રી જયાબેનના દિવંગત આત્માને શત્ શત્ વંદન... ચાવડા પરિવારો ખુબ ખુબ આભાર...**



મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિના પ્રભારી **શ્રીમતી મીતાબેન અશોકભાઈ રાઠોડ - લાતુર** આપણા સમાજનું એક એવું ગરિમામય મહિલા વ્યક્તિત્વ છે કે જેની ઓળખાણની જરૂરત જ નથી...! સામાજીક અને પારિવારિક જવાબદારીઓ વચ્ચે સતત વ્યસ્ત રહેતા **શ્રીમતી મીતાબેન તથા તેમના મૃદુભાષી, સરલ તથા સેવાભાવી પતિદેવ શ્રી અશોકભાઈ રાઠોડ અભિલાષા સમિતિના પણ અનમોલ દાતાશ્રી છે અને તેમના તરફથી પ્રતિમાસ રૂા. ૧૫૦૦નું દાન આ સમિતિને આપવામાં આવે છે. તે રીતે તેમના લગ્ન દિવસ (તા. ૯/૧૨) શુભ અવસરે**

**માસિક દાન પેટે છ માસના રૂા. ૯૦૦૦ નું દાન પ્રાપ્ત થયેલ છે.** સમાજસેવી દંપતિને લગ્નદિવસની શુભકામના સાથે આભાર...

દાનદાતાશ્રીઓના આ ક્રમમાં નોંધ લઇશું **શ્રી હેમંતભાઇ નરભેરામભાઇ ચાવડા – રાયગઢ** કે જેઓ રાયગઢ ઘટકના



પ્રમુખશ્રી પણ છે. આ સમિતિના માસિક દાનદાતાશ્રી તરીકે પ્રતિમાસ રૂા. ૫૦૦ નો સહયોગ તેમના તરફથી મળે છે. **પ્રતિ વર્ષ રૂા. ૬૦૦૦નો સહયોગ આપનાર દાતાશ્રી તરીકે શ્રી હેમંતભાઇ ચાવડાનો પણ અત્રેથી આભાર માનવામાં આવે છે.** કોઇપણ સત્કાર્યમાં સહયોગ નાનો હોય કે મોટો તેની પાછળ સમાયેલ ભાવ વધારે કિંમતી છે. અવસરોને ઉજાગર કરવામાં માનતા નિમ્નદર્શિત દાતાશ્રીઓ તરફથી મળેલ અનુદાન બદલ આભારની લાગણી વ્યક્ત કરી સહર્ષ નોંધ લઇએ છીએ...

★ **શ્રી પ્રકાશભાઇ પ્રાગજીભાઇ ચૌહાણ – કાર્યવાહક સભ્યશ્રી, મહાસભા – રેહા (કોટડા)** તરફથી તેમના જન્મદિવસ (તા. ૨૨/૧૧) શુભ અવસરે રૂા. ૨૧૦૦ નું ખુશાલી દાન પ્રાપ્ત થયેલ છે. ★ **શ્રીમતી ગીતાબેન તથા શ્રી જીતેન્દ્રભાઇ રણજીતભાઇ પરમાર – બાલાઘાટ પ્રમુખશ્રી, વિદર્ભ પ્રાદેશિક સમિતિ** તરફથી તેમના લગ્ન દિવસ (તા. ૯/૧૨) શુભ અવસરે રૂા. ૨૧૦૦ નું ખુશાલી દાન પ્રાપ્ત થયેલ છે. ★ **મહાસભાના કાર્યવાહક સભ્યશ્રી બાબુલાલભાઇ સામજીભાઇ ચૌહાણ – માધાપર** તરફથી તેમના સુપુત્ર ચિ. ભાર્ગવકુમારના ચિ. દુલારી સાથે થયેલ શુભ વેવિશાળની ખુશાલીમાં રૂા. ૨૧૦૦ નું દાન પ્રાપ્ત થયેલ છે. ★ **અખિલ ભારતીય યુવા મહામંડળના મંત્રી તથા સમાજના આશાસ્પદ યુવા આગેવાન શ્રી અંકિતભાઇ અનિલભાઇ ચૌહાણ – કુકમા** તરફથી તેમના જન્મ દિવસ તા. ૧૫/૧૨ની ખુશાલીમાં રૂા. ૧૦૦૧ નું દાન પ્રાપ્ત થયેલ છે. સૌનો આભાર... જય સમાજ... જય સરસ્વતિ માતાજી...

– વિનોદ લીલાધર ચૌહાણ – પ્રભારી અને ઉપપ્રમુખ

## શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર
## ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર (ભગવાન બાબા રામદેવપીર મંદિર) વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, SBE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. **ખાસ નોંધ : તા. ૧૫-૦૧-૨૦૨૩ અરજી કરવાની છેલ્લી તારીખ છે.**

:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::

**SHRI BALRAM NARSIBHAI CHAWDA**
CHAWDA TRADERS, STATION ROAD,
RAIPUR - 492009 (C.G.)
Mob. : 09926172722
E-mail : brchawda@gmail.com

## શ્રી ક.ગુ.ક્ષ. વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ, રાયપુર
## ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી ક.ગુ.ક્ષ. વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ, રાયપુર વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, BE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. સહાય મેળવવા નીચે મુજબના નિર્દેશોનું પાલન કરતા અરજીપત્રક મંગાવવા વિનંતી.

(૧) અરજીપત્રકમાં માંગેલી સર્વે વિગતો પૂરેપૂરી ભરવી (૨) પાછલી પરીક્ષાની માર્કશીટની કોપી મોકલવી (૩) કોલેજમાં એડમીશન વખતે જમા કરેલ ફીસની રસીદની કોપી મોકલવી.

**તા. ૧૫-૦૧-૨૦૨૩ પહેલા અરજી કરવી.**

:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::

**SHRI BHARAT KANTILAL SAWARIA**
Hotel Mayura, Jaistambh Chowk, Nr. Raj Talkies,
G.E. Road, Raipur (C.G.) 492001 Mob. 09301825240
E-mail : bksawaria@gmail.com



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# ।। લક્ષ્ય-૩ ।।

**વ્યાવસાયીક સંકલન, સંગઠન, સમૃદ્ધિ**


પ્રભારી : શ્રી પરેશભાઈ ગોવિંદભાઈ ચૌહાણ    સહપ્રભારી : શ્રી કિરીટભાઈ રમણીકભાઈ ચૌહાણ

માધવ માર્કેટીંગ - ૨૦૩, લાખાજીરાજ ટ્રસ્ટ ભવન, ઢેબર ચોક, રાજકોટ - ૩૬૦૦૦૧ મો. ૯૪૨૬૬૩૫૧૪૨, ૮૮૪૯૩૪૫૧૪૨ E-mail : paresh.lakshya@gmail.com


આ અંક આપના હાથમાં આવશે ત્યારે કેલેન્ડર બદલાઈ ગયું હશે, ૨૦૨૨ માંથી ૨૦૨૩ થઈ ગયું હશે. હાલમાં જ દિવાળી નિમિત્તે આપણી સંવત બદલી ત્યારે પણ મેં મારા લેખમાં કહ્યું હતું કે આપણા જીવનમાં ફક્ત તારીખ બદલવાની સાથે શું શું બદલાશે ??? અને શું શું બદલાવવું જોઈએ તેનો દિશા નિર્દેશ કરેલો. મને જણાવતા ઘણો આનંદ થાય છે કે તે લેખના અનુસંધાને મને ઘણા ફોન આવેલા અને સૂચનના અમલીકરણ માટે યોગ્ય માર્ગદર્શન અને માહિતી માગી.

સેતુ સમાજ સંદેશના લક્ષ્ય વિભાગની કોલમ આપ સૌ જીણવટ ભરી રીતે વાંચો છો તે જાણીને આનંદ થયો. ગત અંકમાં અંગત કારણોસર લેખ લખી શકાયો ન હતો તો લોકોના ફોન આવેલો કે આ અંકમાં આપના આર્ટીકલને ખૂબ જ મિસ કર્યો.

મિત્રો, લક્ષ્ય સમિતિના  અને આ  કોલમના માધ્યમ દ્વારા સૌ સમાજ બંધુઓને રચનાત્મક, હકારાત્મક ઉર્જા આપી વ્યવસાયિક રીતે સંગઠિત કરી એકબીજા સાથે જોડી વિકાસ કરવાનો ઉદેશ છે.

મિત્રો, ફરી પાછા ૨૦૨૩ ઉપર આવીએ. આપણા જીવનમાં આ વર્ષે શું બદલાવ ઇચ્છો છો ?.. આપના વ્યવસાયિક, આધ્યાત્મિક, શારીરિક અને સામાજિક ઈચ્છાઓને એક સારી જગ્યાએ લખો. એકવાર શાંતિથી ઓફિસ, ઘર કે દુકાન પર બેસી યાદ આવે તેટલી ઈચ્છાઓ લખો.... ભલે તે ત્રણ આંકડાથી પણ વધારે થાય... હા બરાબર કહું છું... જેટલી આપણી ઈચ્છાઓ વધુ હશે તેટલી તમામ ઈચ્છાઓ પરિપૂર્ણ થાય છે. માટે, તમારી લાગણીઓ અને ઈચ્છાઓનું શક્ય તેટલું મોટું લિસ્ટ બનાવો .

મિત્રો, આ વાત ખરેખર ખૂબ જ ગંભીર છે કેમ કે તમે એકવાર તમારી ઈચ્છા/ધ્યેયને લખો છો ત્યારે તમારા અર્ધજાગૃત મન પર તે વાત છપાઈ જાય છે અને નિયમિત રીતે તે ઈચ્છાઓ ધ્યેય ને વાંચવાથી તેનું પુનરાવર્તન થાય છે આમ થવાથી આપણી માનસિક કાર્ય પદ્ધતિમાં બદલાવા આવે છે. અને ધારેલા પરિણામો મેળવી શકાય છે. એટલે જ તો ''ધ સિક્રેટ'' નામનો મોટીવેશનલ વિડિયો સૌથી વધુ  અસરકારક અને લોકપ્રિય છે. યુ ટ્યુબ માંથી આપ તે જોઈ શકો છો.

મિત્રો, આપને આપના ધ્યેય લક્ષ્ય તરફ પહોંચતા કરવા સૌ સાથે મળીને પ્રયત્ન કરીશું તો ચોક્કસ સફળતા મળશે જ . આ સાથે હું પણ આપની એક સમક્ષ ઈચ્છા અને તે રજુ કરું છું કે આ વર્ષે હું આ લક્ષ્ય સમિતિના કોલમના માધ્યમથી સમાજના ઓછામાં ઓછા ૧૦૦ લોકોને પોતાના ધ્યેય સુધી પહોંચતા કરવા માટે મારાથી શક્ય તેટલી મદદ કરીશ. મિત્રો, હવે તમારો વારો છે..... કેટલા લોકો પોતાનો સપનું પૂરું કરવા તૈયાર છે.... ચાલો, મને ફોન કરીને જણાવો.... તમારા ધ્યેય, લક્ષ્ય મારે જાણવા નથી પરંતુ તેના અમલીકરણ માટેની પ્રોસેસ માટે શક્ય તેટલી મદદ કરવાનો પ્રયત્ન કરીશ.

૨૦૨૩ માં આપણા જીવનમાં નવું પામવા, નવું મેળવવાના ધ્યેયનું લિસ્ટ બનાવો અને આ લિસ્ટને દર રવિવારે શાંતિથી બે થી ત્રણ વખત વાંચી જાવ. થોડા સમયમાં જ તમને અંદરથી તમારી પોતાની કામ કરવાની પદ્ધતિમાં ફેરફાર કરવાની શરૂઆત થશે અને તમને તમારા લક્ષ્ય સુધી પહોંચતા કરવા માટે તમને  તમારા વિચારો જ તમને પ્રેરિત કરશે.

હા, મિત્રો આ સત્ય ઘટના છે, કોઈ વૈકલ્પિક વાતો નથી કે તમે જેવું વિચારો છો તેવું જ તમારી સાથે ઘટે છે મેં આવા ઘણા લોકો સાથે ચમત્કાર થતા જોયા છે અને તેના સાક્ષી રૂપ હું પણ આપની સમક્ષ ઉપસ્થિત છું. મારો એક એકસીડન્ટ થવાથી મારા ડાબા પગના ઢીંચણના લીગામેંટ  ફાટી જતા ડોક્ટરોએ મને બે મહિનાનો સંપૂર્ણ આરામ કરવાની સલાહ આપી હતી. પરંતુ મારા સુપુત્રના લગ્ન બે માસ બાદ થવાના હોવાથી બધા ખૂબ જ નિરાશ થઈ ગયા હતા પણ મેં ડોક્ટરને ચેલેન્જ  આપી હતી કે હું મારા દીકરાના લગ્નમાં ચાલીને જઈશ અને નાચીશ પણ ખરો તથા સંગીત સંધ્યામાં પર્ફોમન્સ પણ આપીશ. ડોક્ટરે તેમ કરવાની ખાસ ના પાડી પણ મારા દ્રઢ મનોબળ અને અર્ધ જાગૃત મનની શક્તિને કારણે મેં તે કારનામો કરી દેખાડ્યું અને સંપૂર્ણ પ્રસંગ ખૂબ જ હોંશભેર ઉજવ્યો. આમ મિત્રો જો ફક્ત એક જ વાર જો આપણે નક્કી કરી લઈએ કે આમ કરવું છે તો પૂરી પૂરી સૃષ્ટિ તેમ કરવા માટે આપણને મદદ કરે છે પરંતુ તે માટે જરૂર છે અતિ પ્રમાણિક પ્રયત્ન ની.... આ બે માસ દરમિયાન મેં હંમેશા પોઝીટીવ તથા હકારાત્મક વિચારો રાખેલા અને જે લોકો મળવા આવતા ખબર કાઢવા આવતા તે બધાને એક જ વાત કહેતો કે હું એકદમ પરફેક્ટ થઈ ગયો છે અને નાચવાની પ્રેક્ટિસ ચાલુ કરી છે અને ધીમે ધીમે એ શક્ય બનવા લાગ્યું. શરૂઆતમાં તકલીફ પડી પણ હિંમત હાર્યા વગર પ્રયત્ન કરવાનો ચાલુ રાખ્યો અને તેનું પરિણામ લગ્નમાં આવેલા તમામ મહેમાનો એ જોયું. આમ મિત્રો જો હું કરી શકું તો કોઈપણ વ્યક્તિ તેમ કરી શકે છે માટે ચાલો.. તમારા સપનાઓ નું લિસ્ટ બનાવો અને તે મેળવવા માટે લાગી પડો... ક્યાંય અટકો મારી મદદની જરૂર પડે તો હું તમારી સાથે જ છું... તમારા એક ફોન કોલથી જ હું દૂર છું.... જય સમાજ

- પરેશ ગોવિંદભાઈ ચૌહાણ રાજકોટ-ઉપપ્રમુખ-પ્રભારી



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# મહિલા ઉત્કર્ષ

**બહેનોની દરેક સમસ્યામાં એમને સાથ-સહકાર અને સ્નેહભર્યું માર્ગદર્શન**

**પ્રભારી : શ્રીમતી મીતાબેન અશોકભાઈ રાઠોડ** **ચેરપર્સન : શ્રીમતી જ્યોતિબેન ભક્તિરામભભાઈ રાઠોડ - જાલના**

રાઠોડ બિલ્ડીંગ, સોમાની હોસ્પીટલ સામે, ૨/૭ તિલકનગર, પો. લાતુર (મહા.) મો. ૯૦૯૬૫૯૮૯૪૪

જય સમાજ... ગૌરવવંતી માતૃસંસ્થા રાષ્ટ્રીય મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિના "Learn & Earn" અંતર્ગત ૨૩મો પ્રોજેક્ટ આંધ્રપ્રદેશ પ્રાદેશિકના નિઝામાબાદ ઘટકના **શ્રીમતી ઉર્મિલાબેન પરમાર** દ્વારા તા. ૩-૧૧-૨૦૨૨ના સફળતા પૂર્વક લેવામાં આવેલ.

‘‘જીવનમાં હર ક્ષેત્રમાં દાખવે જે પોતાની કલાકારી, પુરૂષના દરેક કામમાં સહભાગી બની, નિભાવે જે સાઝેદારી, માનત્ર ભાવુકતા જ નહીં જે રાખે પ્રત્યેક કાર્યમાં સમજદારી, કરે સર્જન એ ઘણી વસ્તુઓનું, પરંતુ નથી એ માત્ર વ્યાપારી. કહો લક્ષ્મી કે કહો અન્નપુર્ણા, પોતાનું કર્તવ્ય નિભાવતી, એ છે આજની ‘નારી’ !’’

આ આજની નારીને એમના સપનાઓના આકાશમાં ઉડાન આપવા મહિલા ઉત્કર્ષ સમિતિ જે પાંખ રૂપી સુવર્ણ તક આપણા સમાજની બહેનોને-દિકરીઓને આપે છે અને એમાં મહિલાઓને જે લાભ મળે છે એ અવર્ણનીય છે. મહિલાઓને માત્ર પોતાના આર્થિક ઉત્કર્ષને પામી પગભર થવાનો મોકો જ નહીં બલ્કી પોતાનું ભુલાયેલો આત્મવિશ્વાસ પણ પાછો લાવવાનું અત્યંત મહત્વનું કાર્ય મહિલા ઉત્કર્ષ સમિતિએ કર્યું છે.

આપણા સમાજની મહિલાઓને મળેલ અનમોલ તકની ઉજવણીમાં જેમણે પોતાની આવડત દાખવવાનો અવસર મળ્યો એવા નિઝામાબાદના ઉર્મિલાબેન મયુરભાઇ પરમાર એ સ્વ. કેશવજીભાઇ તથા સ્વ. સરસ્વતીબેન પરમારના પુત્રવધુ અને ચંદ્રપુરના શ્રીમતી લીલાવતીબેન ચંદ્રકાંતભાઇ રાઠોડના સુપુત્રી છે. ચંદ્રપુર એટલે વિદર્ભ પ્રાદેશિકનો એક ગરમ પ્રદેશ જે કોયલાની ખાણ માટે પ્રસિદ્ધ છે. ત્યાંના આ ‘હીરા’ છે. એમ.કોમ.ની ડીગ્રી પ્રાપ્ત કરી છે. બાળપણથી જ તેમણે વિવિધ વસ્તુઓ કરવામાં દિલચસ્પી હતી પરંતુ એમનો સાચો શોખ તો આર્ટ એન્ડ ક્રાફ્ટ અને બીજી બધી ક્રિએટીવ વસ્તુઓમાં હતું. એમનો આ શોખ લગ્ન પછી પણ યથાવત છે. સંયુક્ત પરિવાર, ઘર અને બાળકોને પૂરતો સમય આપી એમને આ શોકને કાયમ રાખી, એ બધી વાતમાં પારંગત થયા. સ્કુલમાં ફેન્સી ડ્રેસ હોય, એક્ટીવીટી હોય કે ઘરમાં તહેવાર કે લગ્ન પ્રસંગ બધી જ સજાવટ, બધી જ વસ્તુઓ ખુબજ સુંદર, આકર્ષક બનાવી બધાને મંત્રમુગ્ધ કરી દે છે. ઉર્મિલાબેન રંગોલી, હોમ ડેકોરેશન, ભરતગુંથણ, ક્રોશિયા, કુંદન વર્ક, મોતી વર્ક, જ્વેલરી મેકીંગ, વેસ્ટમાંથીઅ બેસ્ટ બધામાં ખુબ નિષ્ણાંત છે. તેઓ કહેછે કે કુકીંગનો શોખ તો




એમને હતો જ પણ મહિલા ઉત્કર્ષ સમિતિના ‘ખાના-ખજાના’ વોટ્સએપ ગ્રુપ જોઇન કર્યા પછી એમને પાછું વળીને જોયું નથી. ઘણા જ સુધારા-વધારા સાથે કુકીંગ, બેકીંગ ઉપરાંત ફુડ ફોટોગ્રાફીમાં પણ પોતાનો હાથ અજમાવ્યો છે.

મહિલા ઉત્કર્ષ સમિતિના ફર્સ્ટ પ્રોજેક્ટ - ચોકલેટ બકેટ મેકીંગ લેવાનો સૌભાગ્ય પણ એમને જાય છે અને લગ્ન સજાવટની વેડીંગ આઇટમ્સના ૨૩માં પ્રોજેક્ટમાં તેમણે સર્વપ્રથમ શ્રીફળ ડેકોરેશન, પછી સાકર અને ગોળ માટે ડેકોરેટીવ નાવ, પછી ખુબજ સુંદર રીંગ પ્લેટર, હલ્દી પ્લેટર, ખુબજ ઉપયોગી થાય એવા સાડી-શર્ટના ગીફ્ટ પેકીંગ, મહેંદી પ્લેટર, પુંખવાની સુંદર થાળી, છત્તર, મા-માટલું આ બધીજ વસ્તુઓને આકર્ષક રીતે સુંદરતાથી સજાવવાની ઘણી બધી આઇડીયા-માહિતી આપી આ પ્રોજેક્ટને સફળ બનાવ્યો.

ઉર્મિલાબેન મહિલા ઉત્કર્ષ સમિતિનો ખુબ ખુબ આભાર માને છે કે રાષ્ટ્રીય મહાસભાના આ મંચથી રાષ્ટ્રીય સ્તરે પ્રોજેક્ટ કરવાનો સુઅવસર એમણે મળ્યો, જેનો લાભ આંતરરાષ્ટ્રીય સ્તરેથી પણ આપણા સમાજની બહેનોએ લીધો. મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ ઉર્મિલાબેન જેવા બહુલક્ષી પ્રતિભા ધરાવતા, મહેનતુ-કર્મઠ, પ્રેમાળ-લાગણીશીલ, સમાજસેવાની ભાવનામાં સમર્પિત વ્યક્તિત્વ ધરાવતા બહેનને હૃદયથી સેલ્યુટ આપી... શબ્દસુમનોથી બીરદાવી... અભિનંદન આપી તેમના ઉજ્વલ જીવનમાં ઉતરોત્તર પ્રગતિ કરે તેવી પ્રભુચરણોમાં પ્રાર્થના કરી અનેકાનેક ધન્યવાદ આપે છે... અસ્તુ... જય સમાજ !

અધ્યક્ષા - શ્રીમતી મીતાબેન રાઠોડ - લાતુર

C/o.શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ (મહામંત્રી)
'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી,
યોગેશ્વરધામ, ન્યુ એમ.ઇ.એસ. રોડ,
આર.ટી.ઓ. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ)



શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી
પ્રમુખ : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9825929591



શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9426454999



શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9960471411

# અખિલ ભારતીય મહિલા મહામંડળ દ્વારા પ્રશ્નોતરી સ્પર્ધા યોજાઇ

સમાજબાંધવો અને વિશેષ રૂપે બહેનોના જનરલ નોલેજની ચકાસણી સાથે જાણકારીમાં વૃદ્ધિ થાય તે હેતુથી અ.ભા.મહિલા મહામંડળ શિક્ષણ સમિતિ દ્વારા પ્રશ્નોતરી સ્પર્ધાનું આયોજન તા. ૧૯-૧૧-૨૦૨૨ના રોજ ઓનલાઇન માધ્યમથી કરવામાં આવેલ હતું. સ્પર્ધાના પ્રરંભે અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકીએ આજની સ્પર્ધાનો હેતુ સમજાવી દરેક આયોજનોમાં અ.ભા. મહિલા મહામંડળને મળતા જબરા પ્રતિસાદ બદલ હર્ષ વ્યક્ત કરેલ હતો અને બહેનોને શુભેચ્છા પાઠવી હતી. શિક્ષણ સમિતિના અધ્યક્ષા શ્રીમતી ભુમિકાબેન નિતિનભાઇ વરૂએ સ્પર્ધાના નિર્ણાયક તરીકે સેવાઓ આપેલ હતી. જ્યારે સ્પર્ધાના પ્રાયોજક તરીકે અ.ભા.મહિલા મહામંડળના પૂર્વ પ્રમુખ શ્રીમતી પ્રતિમાબેન ભુપેન્દ્રભાઇ પરમારે સહયોગ આપેલ હતો.

:: પ્રાયોજક દાતાશ્રી ::



:: નિર્ણાયકશ્રી ::



સ્પર્ધાના નિયત સમયે અ.ભા.મહિલા મહામંડળના વોટ્સએપ ગ્રુપમાં વિશ્વ, દેશ અને આપણા સમાજને લગતા ૨૦ પ્રશ્નો મુકવામાં આવેલ હતા અને સમય અવધીમાં બહેનોએ પોતાના જવાબો મોકલાવેલ હતા. આ સ્પર્ધામાં ભારતભરમાંથી બહેનોએ ખુબજ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો તેમજ પોતાના રસ-રૂચી અને સામાન્ય જ્ઞાનનું સંતોષજનક પ્રદર્શન કરેલ હતું. ચકાસણીના અંતે ભાગ લેનાર બહેનોમાંથી ૧ થી ૧૦ ક્રમ અને ૬ આશ્વાસન ઇનામો રૂપે કુલ ૧૬ ઇનામો પ્રાયોજક દાતા શ્રીમતી પ્રતિમાબેન પરમાર દ્વારા આપવામાં આવેલ હતા તથા તેમણે વિજેતા બહેનોને અભિનંદન આપી પોતાની ખુશી વ્યક્ત કરી હતી. સ્પર્ધામાં નિમ્નદર્શિત યાદી મુજબ બહેનો વિજેતા જાહેર થયેલ હતો.

(૧) પ્રિતીબેન ચૌહાણ - કોરબા (૨) ગ્રિષ્માબેન પરમાર - રાઉરકેલા (૩) દિનાબેન રાઠોડ - ચાઇબાસા (૪) ઉષાબેન ચૌહાણ - કુકમા (૫) મીતાબેન રાઠોડ - લાતુર (૬) નિકિતાબેન પરમાર - નિઝામાબાદ (૭) માયાબેન ચૌહાણ - ભુજ (૮) ભાવનાબેન ચાવડા - ગોંદીયા (૯) હર્ષિદાબેન રાઠોડ - કલ્યાણ (૧૦) ભદ્રાબેન રાઠોડ - રાઉરકેલા

આશ્વાસન ઇનામો : (૧) રીનાબેન વરૂ - વિશાખાપટ્ટનમ (૨) હીનાબેન જેઠવા - વર્ધા (૩) હસ્મિતાબેન પરમાર - ભુજ (૪) રાધીકાબેન ટાંક - કુમ્હારી (૫) ખુશ્બુબેન ચૌહાણ - ધનબાદ (૬) મુદ્રાબેન ટાંક - રાયપુર. પ્રશ્નોતરી સ્પર્ધાની વ્યવસ્થા, સંચાલન અને આભારદર્શન મહામંત્રી શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ તથા શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણે કરેલ હતું. શિક્ષણ સમિતિના મંત્રીઓ શ્રીમતી કલ્પનાબેન પરમાર, શ્રીમતી કનકબેન ટાંક તથા શ્રીમતી જયશ્રીબેન જેઠવાએ સહયોગ આપેલ હતો.

રીટાબેન વિનોદ ચૌહાણ - મહામંત્રી
ગીતાબેન નટવરભાઇ ચૌહાણ - મહામંત્રી

સૌજન્ય
Cell : 94242 12886
શ્રી હંસરાજભાઇ વૃજલાલભાઇ રાઠોડ
સેવા નિવૃત્ત - એચ.ઓ.ડી. જલ સંસાધન વિભાગ, સભ્ય - ઑબિટ્રેશન ટ્રીબ્યુનલ
પ્રમુખ - શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ
રાયપુર (છ.ગ.)

શ્રીમતી અનુસૂયાબેન હંસરાજ રાઠોડ
શ્રી યતિનકુમાર હંસરાજ રાઠોડ
(IRSE) CHIEF ENGR. SEC Rly. Nagpur
શ્રીમતી હીનાબેન યતિનકુમાર રાઠોડ

## અમદાવાદ મહિલા મંડળ





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અમદાવાદ ઘટકનું સ્નેહમિલન તા. ૧૩-૧૧-૨૦૨૨, રવિવારના રોજ રાખવામાં આવેલ હતું. જેમાં મહિલા મંડળ દ્વારા મહિલાઓ માટે ત્રણ સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં બહેનોએ ભાગ લઇને કાર્યક્રમને ખુબજ સારી રીતે સફળ બનાવેલ હતો. તેમાં મહિલા મંડળ દ્વારા પ્રથમ, દ્વિતીય અને તૃતિય તેમજ આશ્વાસન ઇનામ આપવામાં આવેલ હતા. જેમાં ★ વેજીટેબલ્સમાંથી દાગીના બનાવવામાં પ્રથમ - શ્રીમતી લવીના આર.હ ચૌહાણ, દ્વિતીય - શ્રીમતી પ્રીતી કે. ચૌહાણ, તૃતિય - શ્રીમતી જલ્પા એ. ચૌહાણ, આશ્વાસન - શ્રીમતી પલ્લવી એન. ચૌહાણ, શ્રીમતી વંદનાન એન. ચાવડા, ★ બિસ્કીટમાંથી સેવરી (ફરસાણ)માં પ્રથમ - શ્રીમતી જલ્પાબેન એ. ચૌહાણ, દ્વિતિય - શ્રીમતી લવીના આર. ચૌહાણ, તૃતિય - શ્રીમતી ભાવીતા એ. ચાવડા, આશ્વાસન - શ્રીમતી પ્રીતીબેન કૃણાલ ચૌહાણ, શ્રીમતી અનસુયા ભુપેન્દ્ર ચૌહાણ, શ્રીમતી અનિતા પી. જેઠવા, શ્રીમતી વંદના એન. ચાવડા, શ્રીમતી પલ્લવી નીતીન ચૌહાણ, ★ ઐતિહાસિક પાત્રોનું રેમ્પ વોકમાં પ્રથમ શ્રીમતી ખુશા દીપેશ ચૌહાણ (કાલીકા માતા), દ્વિતીય - શ્રીમતી જલ્પા એ. ચૌહાણ (મીરાબાઇ), તૃતિય - શ્રીમતી હર્ષિદા એ. ચૌહાણ (મીરાબાઇ), આશ્વાસનમાં શ્રીમતી વંદના નિલેશ ચાવડા (મીરાબાઇ), શ્રીમતી પ્રીતી કે. ચૌહાણ (કૃષ્ણ ભગવાન). મહિલા મંડળ દ્વારા જેટલી પણ મહિલાઓ સભ્ય ફી ભરે છે તેમને લ્હાણી વિતરણ કરવામાં આવેલ હતી.

## મીઠાપુર મહિલા મંડળ





શ્રી ક.ગુ.ક્ષ. મીઠાપુર મહિલા મંડળ દ્વારા તા. ૨૬-૯-૨૦૨૨ પ્રથમ નોરતાના દિવસે નવરાત્રીની ઉજવણી કરવામાં આવી હતી. નવરાત્રીના ગરબા શ્રીમતી મંજુબેન વી. વરૂના નિવાસ સ્થાને રાખવામાં આવ્યા હતા. સમાજની સહુ બહેનો સાથે મળી માતાજીની સ્તુતિ, આરાધના કરી હતી. ત્યાર બાદ માતાજીના ગરબા લેવામાં આવ્યા હતા. પ્રથમ નવરાત્રી હોવાથી સહુ ઉત્સાહ અને ઉલ્લાસ સાથે ગરબા ગાયા અને ગરબા રમ્યા હતા. ત્યાર બાદ સહુ સાથે મળી નાસ્તા તથા કોલ્ડ્રીંક્સની મજા માણેલ. ત્યાર બાદ સહુ છુટા પડ્યા હતા. મીઠાપુર ઘટક દ્વારા તા. ૬-૧૧-૨૦૨૨ના સ્નેહમિલનનું આખા દિવસનું આયોજન કરવામાં આવેલ હતું. આ સ્નેહમિલનના કાર્યક્રમમાં મહિલા મંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ૧ થી ૯ ધોરણના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે માટે ઇનામ આપવામાં આવ્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમમાં સમાજના બાળકો તથા મહિલાઓ પણ વિવિધ કાર્યક્રમ રજુ કરેલ. મહિલા મંડળ દ્વારા એક સુંદર બોધ આપતું નાટક 'બેટી બચાવો' રજુ કરવામાં આવેલ. તેમાં સમાજની બહેનોએ ઉત્સાહ સાથે ભાગ લીધેલ. આખા વર્ષ દરમ્યાનની વિવિધ હરિફાઇના ઇનામ વિતરણ પણ કરવામાં આવેલ. આમ, સ્નેહમિલનના આખા દિવસ દરમ્યાન આનંદ અને ઉત્સાહ સાથે વિવિધ કાર્યક્રમની મજા માણી સમાજના સહુ સાથે મળી વિવિધ ગેમ રમ્યા તથા રાસગરબાની મજા માણી ત્યાર બાદ રાત્રીનું ભોજન લઇ હર્ષોલ્લાસથી છુટા પડ્યા હતા.

## મરાઠવાડા મહિલા પ્રાદેશિક

મરાઠાવાડા પ્રાદેશિક મહિલા મંડળ બહેનોના કલાત્મક ગુણોનો વિકાસ થાય તે માટે સતત પ્રયત્ન કરી રહ્યું છે કે સમાજની બહેનો વિવિધ કલાગુણ સંપન્ન બની આત્મનિર્ભર બનેને પોતાનો સર્વાંગી વિકાસ કરી શકે.. આ જ ઉપલક્ષને સિદ્ધ કરવા માટે મરાઠાવાડા અંતર્ગત આવતા નાંદેડ ઘટક તરફથી સલાડ ડેકોરેશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલું હતું. જેનું નાંદેડ મહિલા મંડળ પ્રમુખ રાધિકાબેન ચૌહાણ તથા તેમની પુરી ટીમે ખુબ સફળતા પૂર્વક સંચાલન કરેલું હતું. આ સ્પર્ધામાં પારિતોષિક પ્રાપ્ત થયેલા બધા જ બહેનો નું મરાઠાવાડ પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી પ્રીતિબેને અભિવાદન કરેલું હતું.

સલાડ ડેકોરેશન સ્પર્ધાનાં નિયમ અનુસાર પ્રતિયોગિતામાં સલાડ પ્લેટ, ડેકોરેશન, સફાઈ, આકર્ષક કટીંગ, ને ધ્યાનમાં રાખીને વિજેતાઓની ઘોષણા કરવામાં આવી... આ સ્પર્ધામાં બહેનોએ ખુબ ઉત્સાહપૂર્વક ભાગ લીધી ખુબ એન્ટ્રીઓ આવી.

સલાડ ડેકોરેશન સ્પર્ધા : પ્રથમ ઇનામ - શ્રીમતી જ્યોતિબેન અરુણભાઈ રાઠોડ (ભુસાવલ ), દ્વિતીય ઇનામ - સેજલબેન વરુ ( ઔરંગાબાદ ), તૃતીય ઇનામ - ચંપાબેન પરમાર (પરલી ), ચતુર્થ વિજેતા - દિપીકાબેન મારૂ (હિંગોલી) ઉત્સાહવર્ધક પુરસ્કાર પણ ત્રણ આપવામાં આવેલા હતા. ★ રિદ્વી સોલંકી (૫ વર્ષ -પરભણી ) ★ મંજુલાબેન મકવાણા (૭૨- વર્ષ -શ્રીરામપુર) ★ ત્રિવેણીબેન સોલંકી (૭૨- વર્ષ - નાંદેડ) મરાઠાવાડા પ્રાદેશિક મહિલા મંડળ તરફથી સર્વે વિજેતા બહેનો શુભેચ્છા.. અભિનંદન આપવામાં આવેલ તેમજ પ્રતિયોગિતા મા ભાગ લેવા બદલ સર્વે બહેનો નો આભાર વ્યકત કરવામાં આવેલ.

## ગાંધીધામ મહિલા મંડળ




ગાંધીધામ મહિલા મંડળની મીટીંગ નવેમ્બર મહિનામાં કરવામાં આવેલ હતી. દિવાળી બાદની મીટીંગ હોતાં પ્રમુખ શ્રીમતી પ્રતિમાબેને સૌને નવા વર્ષની શુભેચ્છા પાઠવી અને નવરાત્રી મહોત્સવમાં સૌએ ઉત્સાહથી ભાગ લઇ આયોજનને સફળ બનાવ્યું એ માટે અભિનંદન પાઠવ્યા હતા. મીટીંગમાં આશરે ૭૫ જેટલી બહેનોની ઉપસ્થિતિમાં નિહારીકાબેન ચૌહાણ ગ્રુપ લીડરના સંચાલન હેઠળ સદાબહાર ગ્રુપ દ્વારા વેજીટેબલ ઓર્નામેન્ટસની પ્રતિયોગીતા રાખવામાં આવેલ હતી. જેમાં ૧૨ સ્પર્ધકોએ આનંદપૂર્વક ભાગ લઇ ખુબજ સુંદર ઓર્નામેન્ટસ બનાવ્યા હતા.જેમાં પ્રથમ વિજેતા વિભાબેન ચૌહાણ, દ્વિતીય - સંગીતાબેન રાઠોડ અને તૃતિય - મોનાબેન પરમારને પુરસ્કૃત કરવામાં આવેલ. એ જ રીતે દિવાળી દરમ્યાનની મીટીંગમાં દિનીશાબેન ચૌહાણ ગ્રુપ લીડરના સંચાલન હેઠળ સનફ્લાવર ગ્રુપ દ્વારા ફુલોની રંગોળીની સ્પર્ધા રાખવામાં આવેલ હતી. જેમાં પ્રથમ વિજેતા અનોખીબેન ચૌહાણ, દ્વિતીય - વર્ષાબેન ચાવડા અને તૃતિય - રિતીશાબેન ચૌહાણને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. સ્પર્ધા બાદ પલ્લવીબેન ચૌહાણે તુલસી વિવાહને અનુલક્ષીને અને સુનીતાબેન ટાકે દિવાળીના પાંચ દિવસના તહેવાર અંગે ખુબજ સરસ ધાર્મિક વકતવ્ય આપ્યું હતું. જેમાં બહેનોને ખુબજ આનંદ આવ્યો. ત્યાર બાદ સૌ ઉત્સાહપૂર્વક ભેગા મળી ગેમ રમ્યા અને સ્વાદિષ્ટ નાસ્તાના આસ્વાદ બાદ હીનાબેન પરમારે સૌને ધન્યવાદ પાઠવી મીટીંગ પૂર્ણ કરેલ. આ રીતે ગાંધીધામ મહિલા મંડળની દરેક મીટીંગમાં બહોળી સંખ્યામાં બહેનો ઉત્સાહપૂર્વક ભાગ લઇ રહ્યા છે.



## રાઉરકેલા મહિલા મંડળ



ગત તા. ૧૦-૧૨-૨૦૨૨, શનિવારના રોજ શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાઉરકેલા મહિલા મંડળ દ્વારા રાઉરકેલા સેક્ટર ૮ સ્થીત ડીયર પાર્કમાં રાઉરકેલા મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી સોનલબેન દિનેશભાઇ પરમારના પ્રમુખપણા હેઠળ એક પિકનિકનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં આપણી જ્ઞાતિના મહિલાઓ અને બાળકોએ ભાગ લઇ કાર્યક્રમને સફળ બનાવેલ હતો. આ પિકનિકમાં ભાગ લેનાર સભ્યો પોતાની સગવડે પિકનિક સ્થળે સવારે ૧૦ વાગ્યા સુધી પહોંચી ગયા હતા. પિકનિકમાં ઉપસ્થિત સર્વે સભ્યોએ મહિલા મંડળ દ્વારા આયોજીત રમતગમત અને સ્વાદિષ્ટ વાનગીઓનો આનંદ માણેલ હતો. કાર્યક્રમ દરમ્યાન શ્રીમતી નિશાબેન કિશોરભાઇ પરમાર અને ગ્રિષ્માબેન ધર્મેશભાઇ પરમારે રમત-ગમતનું સંચાલન કરેલ હતું. કાર્યક્રમના અંતે રમત-ગમતમાં વિજેતા પ્રથમ શ્રીમતી ભુમિકાબેન પ્રતિશભાઇ ચાવડા, દ્વિતીય શ્રીમતી રીચાબેન પરેશભાઇ રાઠોડ અને તૃતિય રિશાંક પરેશભાઇ રાઠોડને ઇનામ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપનાર તથા પ્રાયોજકો શ્રીમતી સોનલબેન દિનેશભાઇ પરમાર, શ્રીમતી આશાબેન રાજેશભાઇ પરમાર અને શ્રીમતી લલીતાબેન કિશોરભાઇ રાઠોડનું આભાર વ્યક્ત કરવામાં આવેલ હતું. સાંજે પાંચ વાગે સર્વે રાજીખુશી હર્ષભેર વિખરાયા હતા.

## આદિપુર મહિલા મંડળ



તા. ૧૧-૧૧-૨૦૨૨ના રોજ આદીપુર મહિલા મંડળ દ્વારા શ્રીમતી વર્ષાબેન ભરતભાઇ ચૌહાણના ઘરે કીટી પાર્ટી તેમજ મહિલા મંડળની મીટીંગનું આયોજન કરવામાં આવેલ. વર્ષાબેનના ઘરના બધા જ સભ્યોએ મહિલા મંડળની બહેનોનું ઉમળકાબેન સ્વાગત કર્યું હતુંતેમજ ગરમાગરમ કોફી આપી પાર્ટીની શરૂઆત કરેલ. સૌએ અર્જુન ગીતા ગાઇને મીટીંગની શરૂઆત કરેલ. ઉપરાંત અંજાર મુકામે યોજાયેલ ''જીવન-સૌરભ સંસ્કાર શિબિર-૨૦૨૨''માં જે બહેનોએ ભાગ લીધેલ તેઓએ પોતાના સુખદ અનુભવ વર્ણવ્યા હતા. ત્યાર બાદ ઘણી બધી સામાજીક બાબતે વિષે ચર્ચા-વિચારણા કરેલ. વેકેસન દરમ્યાન જે બહેનોએ પ્રવાસ-યાત્રા કરેલ તે બહેનોએ પણ પોતાના અનુભવનું વર્ણન કરેલ હતું.

કુ. ફ્લોરા તેમજ જીનલ નિખિલભાઇ ચૌહાણે સૌ બહેનોને સરસ મજાની ગેમ રમાડી હતી તેમજ પલ્લવીબેન અને



મનિષાબેનને ઇનામ આપી વિજેતાઓને પ્રોત્સાહીત કર્યા હતા. ત્યાર બાદ ચૌહાણ પરિવાર તરફથી સૌ બહેનોને ડીનર કરાવેલ તેમજ છેલ્લે પાન આપી સૌને વિદાય કર્યા હતા. ત્યાર બાદ સૌએ ગ્રુપ ફોટા પડવી વિદાય લીધી હતી.

## રાયગઢ મહિલા મંડળ





તા. ૧૩-૧૧-૨૦૨૨ના દિવસે બાલ દિવસના રૂપે ઉજવવામાં આવ્યો હતો. કાર્યક્રમનો આરંભ શંખનાદ અને દીપ પ્રજ્વલન સાથે કરવામાં આવ્યો હતો. ઘટકના સ્કુલના બાળકો માટે નવગઠીત મહિલા મંડળ દ્વારા હનુમાન મંદિરમાં બાલ સખાઓ માટે સ્વલ્પાહાર, ગેમ્સ, જ્યુસ, ગીફ્ટ સાથે સાથે બલૂન ડેકોરેશન, સેલ્ફી ઝોન વગેરેની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. કાર્યક્રમમાં ઘટક પ્રમુખ, યુવા મંડળ પ્રમુખ સાથે જ સમાજના ભાઇ-બહેનો પણ ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોનું ઉત્સાહવર્ધન કર્યું હતું.

## જબલપુર મહિલા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ જબલપુર મહિલા મંડળ દ્વારા નવરાત્રીમાં છઠ્ઠના દિવસે ગરબા સજાવટની હરીફાઇ રાખવામાં આવેલ હતી. જેમાં બધી બહેનોએ ખુબજ ઉત્સાહથી ભાગ લીધો હતો. જેમાં પ્રથમ મહકબેન જેઠવા, દ્વિતીય રોનિકાબેન યાદવ અને તૃતિય પુરસ્કાર યોગિનીબેન યાદવ અને હિનલબેન ખોડિયારને આપવામાં આવ્યું હતું. પ્રતિયોગીતાના નિર્ણાયક શ્રીમતી નિશાબેન દયારામભાઇ રાઠોડ હતા અને પુરસ્કાર તેમના તરફથી રાખવામાં આવ્યા હતા. બધા જ ભાગ લેનારને પ્રોત્સાહન પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

# શ્રી ક.ગુ.ક્ષ. કન્યા છાત્રાલય - કુકમા દ્વારા આયોજીત વડોદરા પ્રવાસનો અહેવાલ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય કુકમાનો શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવાસ છાત્રાલયના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - માધાપરના માર્ગદર્શન અને રૂા. ૨૧૦૦૦ના આર્થિક સહયોગ સાથે તા. ૧૦-૧૨-૨૦૨૨ અને ૧૧-૧૨-૨૦૨૨ એમ બે દિવસ માટે વડોદરા અને તેની આજુ-બાજુના જોવાલાયક સ્થળોનો યોજવામાં આવેલ હતો.

પ્રથમ દિવસે વડોદરા સમાજ ભવનમાં સવારના નાસ્તાની અને બપોરના ભોજનની વ્યવસ્થા વડોદરા ઘટક દ્વારા કરવામાં આવેલ હતી. વડોદરા પહોંચેલી કન્યા છાત્રાલયની ટીમને ઘટક પ્રમુખ શ્રી પ્રભુલાલભાઇ રાઠોડ, મંત્રી શ્રી તૃષારભાઇ ચૌહાણ, સલાહકાર પ્રમુખ શ્રી જગદીશભાઇ વરૂ, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી દર્શનાબેન તથા અન્ય મહાનુભાવોએ ઉપસ્થિત રહી આવકારેલ હતા.





પ્રથમ દિવસે બપોરે વિશ્વની સૌથી ઉંચી ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન સરદાર શ્રી વલ્લભભાઇ પટેલની ૧૮૨ મીટર ઉંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટિ'ના દર્શન કરેલ હતા તેમજ ત્યાં આવેલ પ્રદર્શનો અને વ્યુહીંગ ગેલેરીની મુલાકાત લીધી હતી. ત્યાર બાદ સાંજે નિલકંઠ ધામ શ્રી સ્વામિનારાયણ મંદિર પોઇચાની મુલાકાત લીધેલ હતી. ત્યાં સાંજની આરતીનો લાભ લીધો હતો તથા નયનરમ્ય લાઇટોના પ્રકાશમાં શુશોભિત મંદિરનો નઝારો માણેલ હતો.

પ્રથમ દિવસની રાત્રી રોકાણ છાત્રાલયના ચેરમેન શ્રી જેઠાલાલભાઇ પુરૂષોત્તમભાઇ પરમારના વડોદરામાં આવેલા ફાર્મ હાઉસ હબા ફાર્મ ખાતે કરેલ હતો. બીજા દિવસે સવારનો નાસ્તો તથા બપોરના સ્વાદિષ્ટ ભોજનની વ્યવસ્થા તેમના દ્વારા ફાર્મ હાઉસ ખાતે કરવામાં આવેલ હતી તેમજ પ્રથમ દિવસ અને બીજા દિવસના રાત્રી ભોજનની વ્યવસ્થા પણ તેમના દ્વારા જ કરવામાં આવેલ હતી. ફાર્મ હાઉસ ખાતે તેમના ધર્મપત્ની ગુણવંતીબેન, પુત્ર પરાગભાઇ તથા પુત્રવધુ પુનમબેને સુંદર મહેમાનગતી કરેલ હતી. તેમના સાથે વિદ્યાર્થીઓએ ફાર્મ હાઉસ પર સ્વીમીંગ ફુલ, બગીચો તથા શિવ મંદિરનો નિહાળેલ હતું. પરાગભાઇના માર્ગદર્શન હેઠળ સૌએ નજીકમાં આવેલ મહીનદીનો સુંદર નજારો માણ્યો હતો.

બીજા દિવસે બપોરે પાવાગઢમાં આવેલ મા મહાકાળીના મંદિરના દર્શન કર્યા હતા અને ત્યાં આવેલ રોપ-વેમાં બેસી ૮૨૨ મીટર ઉંચા મંદિર અને આજુબાજુનો અદ્ભૂત નજારો માણ્યો હતો. ત્યાર બાદ કુકમા પરત આવવા રવાના થયા હતા.

સમગ્ર પ્રવાસમાં છાત્રાલયની વિદ્યાર્થીનીઓ અને સ્ટાફ સાથે હોદ્દેદારો અને સભ્યશ્રીઓ રમેશભાઇ ચૌહાણ, મોહનલાલભાઇ ચૌહાણ, રસીકભાઇ ચૌહાણ, અનસુયાબેન પરમાર, શોભનાબેન ટાંક, ચંપાબેન ચૌહાણ, હંસાબેન ચૌહાણ, રવિલાલભાઇ ચૌહાણ, બાબુલાલભાઇ ચૌહાણ અને હરીલાલભાઇ યાદવ જોડાયેલ હતા તેમજ આર્થિક સહયોગ પણ આપેલ હતો. સમગ્ર પ્રવાસના આયોજનમાં સંસ્થાના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ ચૌહાણનો સહકાર મળેલ હતો.

## સમાજ ગૌરવ



ઉજ્જૈન ઘટક નિવાસી શ્રી વિકાસભાઇ રમેશભાઇ ચાવડા તથા અંજલીબેન ચાવડાની સુપુત્રી કુ. ઝલક ચાવડાએ ઇંડોનેશિયામાં આયોજીત આંતરરાષ્ટ્રીય સ્તરની નૃત્ય પ્રતિયોગીતામાં ભાગ લઇને ક્લાસીક જુનિયર કેટેટરીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. કુ. ઝલક ચાવડાને જુગલબંદી નૃત્ય પ્રતિયોગીતામાં પણ સેમી ક્લાસીક શ્રેણીમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું. કુ. ઝલક ચાવડાએ પરિવારનું અને ઉજ્જૈન ઘટકનું તથા સાથે સાથે સમાજનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન અને ઉજ્જવલ ભવિષ્યની શુભકામના...


Sea Freight Solutions
Your Navigator In The World Of Trade

SERVICES
- Sea freight
- Custom clearing
- Air Freight
- Warehousing
- Transportation Service
- LCL Services
- Project Cargo Handling
- Packaging & Pelletization

CONTACT
MALAV CHAUHAN
Sea Freight Solutions
:Office :
Gandhidham
:Email :
seafreight.mun@gmail.com
Malav@seafreightsolutions.co.in
:Web Site :
www.seafreightsolutions.co.in
:Mobile:
+91 9662898112

## શ્રી ક.ગુ.ક્ષ સમાજ સેવા ટ્રસ્ટ, રાયપુર

### ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સૂચના

આ ટ્રસ્ટ દ્વારા વિગત વર્ષોથી સમાજના જરૂરતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષા માટે શિક્ષણ સહાય આપવામાં આવે છે. ટ્રસ્ટ દ્વારા (૧૦ + ૨ પછીનાં) કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓથી સત્ર ૨૦૨૨-૨૩ના (બી.એસ.સી., બી.કૉમ, બી.એ., એમ.એ., એમ.કૉમ., એમ.એસ.સી., બી.એડ) અ-વ્યવસાયીક નોન-પ્રોફેશનલ ડિગ્રી અને ટેકનિકલ ડિપ્લોમા કોર્સ તેમજ એમ.બી.એ., બી.બી.એ, કંપની સેક્રેટરી, કમ્પ્યુટર વિજ્ઞાન, બી.સી.એ., એમ.સી.એ., પી.જી.ડી.સી.એ., બી.એ.એમ., એલ.એલ.બી., કોર્સ માટે શિષ્યવૃતિ ફોર્મ પ્રાપ્ત કરવાની અંતિમ તા. ૩૧.૦૧.૨૦૨૩ નિર્ધારિત કરેલ છે અને ત્યાર બાદ આવેલ અરજી પર વિચાર કરવામાં આવશે નહીં. આવેદન પત્રમાં અપાયેલી સર્વે વિગતો ભરવીને પાછલી પરીક્ષાની માર્કશીટની ફોટોકાપી અને કોલેજ એડમીશન વખતે જમા કરેલ ફી-રસીદની ફોટોકાપી પણ મોકલવી જરૂરી છે. અરજી પત્રક. ટ્રસ્ટની વેબસાઈડ માં ઉપલબ્ધ છે.

**— પ્રમુખ, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ સેવા ટ્રસ્ટ —**

શ્રી ક્ષત્રિય જ્ઞાતિ સેવા સમિતિ ભવન, સિવિલ સ્ટેશન રોડ, સત્કાર હોટલ સામે રાયપુર (છ.ગ.) ફોન નં. (૦૭૭૧) ૨૫૨૩૩૬૩, મો. ૯૮૨૭૧ ૫૬૯૭૯

**Website : www.kgksamajsevatrust.com**

સમાજના દાન દાતા બાંધવોની જાણકારી માટે બેંક ખાતા ના નમ્બરો
૧. કેનરા બેંક, રાયપુર ખાતા નં.- ૩૭૦૫૧૦૧૦૦૦૨૬૨
૨. પંજાબ નૈશલ બેંક રાયપુર ખાતા નં.- ૧૦૬૬૦૦૦૧૦૦૦૮૯૬૭


***With Best Compliments from...***

## Er. Keval B. Rathod

DCE, B.Tech Civil

DEV CONSULTANT
BUILD UNIQUE

**Consulting Civil Engineer**

*(Anjar Area Development Aurthority "AADA" Approved)*

*Bhoomi Complex, Ground Floor, Shop No. 3, In front of Vijay Card & Gift Shop, Turiya vad, Anjar (Kachchh) 370110*

- Architectural Planning
- Structural Design
- Building Permission
- Estimation
- 2D and 3D view
- Site Supervision
- Billing
- Interior Design
- Land Survey
- Any type of Civil Engineering Work

*Mo. +91 9428065623 E-mail : kbrathod92@gmail.com*


## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઈકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.

**ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :**

**સવારે** ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી


**ચેકઈન ટાઈમ :** સવારે ૧૦.૦૦, **ચેકઆઉટ ટાઈમ :** બીજા દિવસે સવારે ૧૦.૦૦

સરનામું : કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ, રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫ મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬, પ્રમુખ : ૯૯૨૪૪૧૧૮૦૭


**Hemraj Damji Solanki**
**Ketan H. Solanki (B.Arch.)**
**Samir H. Solanki (B.E.)**

**098221 17126**
**098226 67940**
**097654 82266**

## M/s. DAMJI GANGJI & Co. (Forest Contractor)



## M/s. SAMEER TRADERS (Agencies House)

## 3rd DIMENSION (Architect & Engineers)

**D.G. Market, 1st Floor, Opp. Bus Station, Post Box No. 32, Po & Dist. NANDURBAR (M.S.) Ph. 02564 - 222365**




Movement that inspires

## RATHOD KIA

**(3S-Sales, Service, Spares)**

Survey No. 916, 1496, Balitha, Vapi- 396191

TOYOTA

## RATHOD TOYOTA

**(3S-Sales, Service, Spares)**

**Vapi :** Survey No. 315/1, N.H.No.48,
Balitha, Vapi.
**Navsari :** Block No. 1064, Opp. Sai Mandir
Sisodra Ganesh, Navsari.







cromā

in-store | online | mobile

India's leading Consumer Durables and Electronics (CDE) retailer

## Rathod Chambers

Daman Road, Chala, Vapi- 396191

SANDY RESORT

Devka Beach, Daman - 396210
Mail : info@sandyresort.com
Website : www.sandyresort.com
Phone : 9727 223333




Late **Amritlal V. Rathod**

Nitin A. Rathod - 9898 907750
Ashok A. Rathod - 9898 907740
Rajen A. Rathod - 9898 907744
Ashish A. Rathod - 9898 907747

**Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.**

हार्दिक अभिनंदन!





શ્રી સિકોતર માતાજી અને શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી અને પરિવારજનોના આશીર્વાદથી મુળ ગામ દેવળીયાના હાલે ભિલાઇ (છત્તીસગઢ) નિવાસી **'નિયતી મારૂ'** એ ઇન્ટરનેશનલ લેવલ ડાન્સ ફેસ્ટીવલ (કથક) 'રાસ બનારસ'માં પદ્મશ્રી ડૉ. રાજેશ્વર આચાર્યજીના હસ્તે **'કૃષ્ણકલી સન્માન'** હાંસલ કરેલ છે. તેમની આ સિદ્ધીથી સમગ્ર સમાજ તથા પરિવારનું ગૌરવ વધારવા બદલ નિયતી મારૂને ખૂબ ખૂબ અભિનંદન અને ઉતરોત્તર પ્રગતિ કરે એવા આશીર્વાદ...

**શુભેચ્છક પરિવારજનો :**

| | |
|---|---|
| **શ્રી રૂપેશભાઇ મધુસુદનભાઇ મારૂ** | **(પપ્પા)** |
| **શ્રીમતી સિમ્પલબેન રૂપેશભાઇ મારૂ-ભિલાઇ** | **(મમ્મી)** |
| **દમયંતીબેન મધુસુદનભાઇ મારૂ** | **(દાદી-દાદા)** |
| **અનિતાબેન અરવિંદભાઇ ચાવડા-અંગુલ** | **(નાની-નાના)** |
| **જહાન્વી રૂપેશભાઇ મારૂ** | **(દીદી)** |

हार्दिक अभिनंदन!





શ્રી કુળદેવી માતાજીની અસીમ કૃપાથી **શ્રીમતી રિદ્ધિબેન રાજા જેઠવા** એ Gujarat Super Model 2022 Season-2 માં અમદાવાદ મધ્યે સંપૂર્ણ ગુજરાતમાંથી 2nd Runner's up થઇ જેઠવા કુટુંબ તથા નાગલપરનું નામ રોશન કરેલ છે. તેમને આ સિદ્ધિ બદલ ખૂબ ખૂબઅભિનંદન...

**શુભેચ્છક :**

| | |
|---|---|
| **સુજાતાબેન મહેશભાઇ જેઠવા** | **(સાસુ-સસરા)** |
| **રાજા મહેશભાઇ જેઠવા** | **(પતિ)** |
| **સોનલબેન અમિત જેઠવા** | **(દેર-દેરાણી)** |
| **સૌમ્ય, રૂહિ** | **(પુત્ર-પુત્રી)** |
| **ક્રિષ્ના** | **(ભત્રીજો)** |
| **કવિતાબેન શૈલેષભાઇ વરૂ** | **(નણંદ-નણદોયા)** |
| **દિવ્યેશ, હર** | **(ભાણેજ)** |

**મોટી નાગલપર, તા. અંજાર (કચ્છ)**

# હાર્દિક શુભેચ્છા





દેશમાં ગામ કુંભારીયા, હાલે ઔરંગાબાદ (મહારાષ્ટ્ર) નિવાસી
અ.સૌ. જયશ્રીબેન તથા શ્રી વિનયકાંત જયંતિલાલ સોલંકીના સુપુત્ર

## ચિ. પુષ્પક (B.E.I.T.)

ના શુભ લગ્ન

## ચિ. દષ્ટિ (B.Sc., I.D.)

દેશમાં ગામ : નાગલપર, હાલે બાલાઘાટ (મ.પ્ર.) નિવાસી
અ.સૌ.હેમંતીબેન તથા શ્રી દિપકભાઇ ચાંપસીભાઇ ટાંકની સુપુત્રી
સાથે તા. ૨૦-૧૧-૨૦૨૨ના શુભ દિને બાલાઘાટ (મ.પ્ર.) મધ્યે
સંપન્ન થયેલ છે.
નવદંપતિને ઉજ્જવળ ભવિષ્યની હાર્દિક શુભેચ્છાઓ સહ શુભાશિષ...

-: શુભેચ્છક :-

અ.સૌ. જયશ્રીબેન તથા શ્રી વિનયકાંત જયંતિલાલ સોલંકી
અ.સૌ. પ્રાજક્તાબેન તથા શ્રી ગૌરવ વિનયકાંત સોલંકી
સર્વેશકુમાર
અ.સૌ. ચેતનાબેન તથા શ્રી ચંદ્રકાન્ત જયંતિલાલ સોલંકી
ભાવિ અને ઉર્જા (આદીપુર-કચ્છ)
તરૂણાબેન જયંતિલાલ સોલંકી (આદીપુર)
અ.સૌ. રીતાબેન તથા શ્રી બકુલ જયંતિલાલ સોલંકી
જશકુમાર (વડોદરા)
અ.સૌ. અમિતાબેન તથા શ્રી સંજય હરીરામ ટાંક (નાગપુર)
તથા સમસ્ત સોલંકી પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છા.

:: વ્યવસાયિક પ્રતિષ્ઠાન ::

ગૌરવ ફોટો સ્ટુડીઓ (ઔરંગાબાદ)
મો. ૯૪૨૨૨૦૨૯૦૨

જયંત ફોટો સ્ટુડીયો (ગાંધીધામ-કચ્છ)
મો. ૯૪૨૮૦૮૦૪૪૮



# UR JA CHANDRAKANT SOLANKI

DIVYAPRABHA, Plot No. 188, Ward 4/A, Rambaug Road. ADIPUR(Kutch) – 370205(Taluka : Gandhidham, Gujarat)

**DATE OF BIRTH**

3RD JANUARY 1996

**NATIVE/PLACE OF BIRTH**

ADIPUR(KUTCH)

**TIME OF BIRTH**

13:42 Hours

**HEIGHT**

5.0'

**COMPLEXION**

FAIR

**DESH MA GAM**

KUMBHARIYA

**GOTRA**

BHARADWAJ

**KULDEVI**

CHAWAL MAA(DEVADIYA)

**CONTACT(FATHER)**

PHONE:
+91 – 9428080448(WatsApp), 6351189039

**EMAIL:**
cjsolanki@ymail.com

**HOBBIES**
Reading Books
Listening Music, Watching Movies
Social Networking

## EDUCATION & OCCUPATION

**B.E Information Technology**
BVM Engineering College, Vallabh Vidyanagar, Anand – Gujarat.

**Presently Working as: Software Engineer at Meta (FACEBOOK), Zurich City (Switzerland - Europe)**

## FAMILY BACKGROUND

**CHANDRAKANT JAYANTILAL SOLANKI**
FATHER
Retired Lecturer from Tolani Polytechnic (Electrical Dept), Adipur.
Adipur Ghatak Pramukh – KGK Samaj

**CHETNA CHANDRAKANT SOLANKI**
MOTHER
Working as an English Teacher in a Higher Secondary School, Adipur.

**BHAVI CHANDRAKANT SOLANKI**
ELDER BROTHER – B.E Computer Engineering
Presently working as a Solution Manager SAP ( IT Software Services ) in Triumph International GmbH – Munich City (Germany)

**PATERNAL FAMILY**
1. MOTA PAPPA - VINAYKANT J. SOLANKI - Gaurav Photo Studio, Aurangabad - MH. (**Mob** : 9422202902, 8999857796)
2. KAKA - BAKUL J. SOLANKI, Retired Project Manager, IOC Refinery, Vadodara - GJ. (**Mob** : 9428973671)

**MATERNAL FAMILY**
**DEEPAK AMARSHI CHAUHAN – MAMA**
Deepak Opticals, Deendayal Market, Korba ( C.G. )
Granddaughter of Late Amarshi Rajaram Chauhan, Sambalpur (Orissa).



# Nilesh P. Rathod

| | | |
|---|---|---|
| Date of Birth | : | 3 January 1981 |
| Birth Place | : | Raipur (C.G.) |
| Birth Time | : | 11:15 am |
| Height | : | 6 Feet |
| Occupation | : | Business - Om Traders (FMCG Dealer - Distributor of Soft Drinks, Mineral Water, Namkeen & Confectionery etc.) |
| Income | : | 100000/- (1 Lakh) Monthly |
| Education | : | 10th Raipur |
| Father | : | Pratapbhai Valamjibhai Rathod |
| Mother | : | Manjulaben Pratapbhai Rathod |
| Sister | : | 3 (Married)<br>1. Pravina Parmar (Jabalpur)<br>2. Yogita Tank (Raipur)<br>3. Neeta Parmar (Gandhidham) |
| Brother | : | 1 (Married) Manish P. Rathod (Rajkot) |
| Native Place | : | Khambhara |
| Kuldevi | : | Shri But Bhavani Mataji |
| Gotra | : | Gautam |
| Mosad | : | Binesh Jadavji Varu (Raipur - C.G.)<br>Khushal Jadavji Varu (Rourkela - Odisha) |
| Home Address | : | Plot No. 65, New Shantinagar Society,<br>Village - Khambhara, Tal. Anjar (Kutch - Gujarat) |
| Contact | : | Manjulaben - 7567292161<br>Manishbhai - 9913505520<br>Nileshbhai - 9586177500 |
| E-mail | : | omtraders3181@gmail.com |




## Kamal Chauhan

| | | |
|---|---|---|
| Date of Birth | : | 05 Dec. 1990 |
| Time of Birth | : | 6.00 am |
| Birth Place | : | Berhampur |
| Height | : | 5'3" |
| Gotra | : | Vats |
| Education | : | B.Com. (Honors), PGDM in Finance & Marketing (Int.Inst. of Mgmt. Stu.Pune) |
| Occupation | : | Working in Flex KPO as Financial Analyst (Chennai Location) |
| Hobbies | : | Travelling and Cooking |
| Kuldevi | : | Shri Brahmani Mata (Kukma) |
| Mosad | : | Balligudda |
| **Father** | **:** | **Himatlal N. Chauhan Mob. 7873543530** |
| Occupation | : | Retd. Service Employee |
| **Mother** | **:** | **Sobha Chauhan Mo. 7064643530** |
| **Grand Father** | **:** | **Lt. Nogha Raja Chauhan** |
| **Grand Mother** | **:** | **Lt. Mithibai Nogharaja Chauhan** |
| **Nana** | **:** | **Lt. Nanalal Haridas Chauhan** |
| **Nani** | **:** | **Lt. Shanta Chauhan** |
| **Mama** | **:** | **Tribhuban Chauhan** |
| **Mami** | **:** | **Priyanka Chauhan** |
| Permt. Adrs. | : | Jeevan Villas, Hillpatna, Nr. Smit College, Berhampur (Ganjam) Odisha - 760005. |
| E-mail | : | kamal.h.chauhan@gmail.com |
| **Contact** | **:** | **9841673740** |



## Prashant Padhiar

| | | |
|---|---|---|
| Date of Birth | : | 23 March, 1989 |
| Place of Birth | : | Raipur |
| Time of Birth | : | 01:44 pm |
| Height | : | 5'11" |
| Education | : | M.B.A. in Marketing from Indore |
| Occupation | : | Job at Cholamandalam Finance Ltd. at Raipur (C.G.) |
| Kuldevi | : | Shri Momai Mataji |
| Native Place | : | Anjar |
| **Father** | **:** | **Lt. Jaswant Padhiar** |
| **Mother** | **:** | **Damyantiben Padhiar** |
| **Ygr. Sister** | **:** | **Kajal Parmar at Bangalore** |
| **Mosad** | **:** | **Vijaybhai Parmar at Bangalore** |
| **Masi** | **:** | **Triveni Patel at Hyderabad** |
| Address | : | Jalaram Times, Soda Complex, Chirmiri (C.G.) |
| **Contact** | **:** | **Mother - 8435888674 Mama - 9827164351** |



## Jayesh Chauhan

| | | |
|---|---|---|
| Date of Birth | : | 10.02.1994 |
| Place of Birth | : | Raipur (C.G.) |
| Birth Time | : | 6.55am (Thursday) |
| Height | : | 5'.11'' |
| Qualification | : | B.E. (CSE) |
| Occupation | : | Business Analyst at Amicus Technology (Raipur) |

### Family Detail

| | | |
|---|---|---|
| Grand Father | : | Late Shyamjibhai Chauhan |
| Grand Mother | : | Late Savitaben Chauhan |
| Father | : | Dilipbhai Chauhan |
| Mother | : | Smt. Sarla Chauhan |
| Sister | : | Smt. Khyati Maulik Patel (Married) |
| Gotra | : | Vatsay |
| Native Place | : | Kumbhariya |
| Kuldevi | : | Bramani Mataji |
| Mosad | : | Mr. Shashi R. Rathor, Raipur<br>9827400978 |
| Address | : | Dilip Chauhan<br>EWS 139, Sector-3<br>Devendra Nagar<br>Near Mahila Mandal School<br>Raipur (C.G.) |
| Mobile | : | 99939 09005, 78697 98742 |



## Manish Chauhan

| | | |
|---|---|---|
| D.O.B. | : | 16/10/1990, Tuesday |
| Birth Place | : | Jaipur Rajasthan |
| Birth Time | : | 02:18:59 |
| Blood Group | : | -B (-) |
| Height | : | 5'8" |
| Kuldevi | : | Shri Bhare Brahmani Maa - Kumbharia |
| Gotra | : | Kashyap |
| **Father** | **:** | **Lt. Kanheyalal Chauhan** |
| **Mother** | **:** | **Laxmi Chauhan** |
| **Mosad** | **:** | **Lalchandbhai Rathod (Raipur)**<br>**Anjali Lalchand Rathod** |
| Education | : | B.Com. |
| Occupation | : | Business (Electronics, Furniture) |
| Hobby | : | Travelling, Eating & Listen Music |
| **Siblings** | **:** | **Ankita Chauhan Chawda (Married)**<br>**Bhabika Chauhan** |
| **Mob.** | **:** | **7077991245, 9777729445** |
| Address | : | Lephripara, Sundargarh<br>(Odisha) 770012 |
| Income | : | 60,000/- per month |



## Dilkhush Parmar

| | | |
|---|---|---|
| **Father** | : | **Lt. Harsukhbhai Arjanbhai Parmar** |
| **Mother** | : | **Hanshaben Harsukhbhai Parmar** |
| D.O.B. | : | 27th Feb. 1990 |
| Place of Birth | : | Anjar (Kachchh) |
| Time of Birth | : | 23:45 |
| Height | : | 6 Ft. |
| Education | : | B.A.B.Com., LL.B. (Pursu.) |
| Job Profile | : | Govt. Job at Principal District & Sessions Court, Kachchh@Bhuj |
| Salary | : | 40 K |
| Complexion | : | Fair |
| Native Place | : | Mota Reha (Kachchh-Gujarat) |
| Kuldevi | : | Shree Momai Mataji (Kukma) |
| Gotra | : | Bharadwaz |
| **Maternal Uncle** | : | **Vegad Dilipbhai Shantilal**<br>Swami Vivekanand Society, Anjar<br>**Mo. 9879264239** |
| Resi. Address | : | 4, Suryavansy Society,<br>Nr. Railway Station, Junavas,<br>Madhapar, Kachchh@Bhuj |
| **Contact No.** | : | **9727325068, 9727325061** |
| E-mail | : | dhpparmar@yahoo.in |



## Dhaval Parmar

| | | |
|---|---|---|
| Date of Birth | : | 16/02/1996 (9:55 am) |
| Birth Place | : | Bhuj (Gujarat) |
| Height | : | 5'7" |
| Education | : | M.Tech (Artificial Intelligence) 2021<br>Indian Inst. of Science (IISc), Bangalore<br>BTech (Elec. Engg.) 2017<br>Maharaja Sayajirao Uni. Vadodara |
| Occupation | : | Data Scientist,<br>ConcertAI, Bangalore |
| **Father** | : | **Udaybhai Parmar** (Civil Engineer) |
| **Mother** | : | **Shilpaben Parmar** (Housewife) |
| **Grand Father** | : | **Lt. Parshottambhai Parmar** |
| **Grand Mother** | : | **Prabhavatiben Parmar** |
| **Mota Pappa** | : | **Dineshbhai Parmar** |
| **Nana** | : | **Lt. Lagdhirbhai Tank** (Madhapar) |
| **Nani** | : | **Jayaben Tank** |
| **Mama** | : | **Rameshbhai Tank** |
| Gotra | : | Bhardwaj |
| Kuldevi | : | Shree Momai Mataji (Kukma) |
| Address | : | 53, Madhavbaug Society,<br>Nr. Manav Hotel, Anjar (Kutch-Guj.) |
| **Contact No.** | : | **9825430652 (Father)**<br>**9909549009 (Mother)**<br>**9687713441 (Self)** |
| E-mail | : | dhavalparmar61@gmail.com |

॥ જય સીયારામ ॥

‘સમાજરત્ન’ શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકીના ૬૬મા જન્મદિવસ નિમિત્તે

માધાપર ઘટક, જી.કે. જનરલ હોસ્પિટલ-ભુજ અને લાયન્સ ક્લબ ઓફ માધાપરના સહયોગથી

BLOOD DONATION

# ‘સમાજરત્નશ્રી’નો ‘રક્તતુલા’ કાર્યક્રમ યોજાયો તેની તસ્વીરો...







સૌજન્ય : શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટક

॥ જય સીયારામ ॥

‘સમાજરત્ન’ શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકીના ૬૬મા જન્મદિવસ નિમિત્તે

માધાપર ઘટક, જી.કે. જનરલ હોસ્પિટલ-ભુજ અને લાયન્સ કલબ ઓફ માધાપરના સહયોગથી

# ‘સમાજરત્નશ્રી’નો ‘રક્તતુલા’ કાર્યક્રમ યોજાયો તેની તસ્વીરો...

























સૌજન્ય : શ્રી રામ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ - માધાપર



## Anjali Parmar

**Father** : **Chandrakant Pragjibhai Parmar**
**Mother** : **Varsha Chandrakant Parmar**
**Grand Father** : **Lt. Pragjibhai Vaghjibhai Parmar**
**Grand Mother** : **Lt. Ujjamben Pragjibhai Parmar**
Date of Birth : 30-05-1992
Time of Birth : 12.15 pm
Place of Birth : Shrirampur (Ahemadnagar-MH)
Height : 5'
Edu.Quali. : M.C.A. Engineering
Other Quali. : B.C.A.
Candidates Occ. : Software Engg. Trainer in TechnoKraft Training & Solution Pvt. Ltd. Nashik
Father's Occp. : Retired
Languages Kn. : Gujarati, Marathi, Hindi, English
Native : Anjar (Kutch)
Kuldevi : Shri Khodiyar Maa
Gotra : Bharadwaj
**Brother** : **Pranav Chandrakant Parmar** (Software Developer - Currently working in TCS, Pune)
**Mama** : **Hitesh Purushottambhai Chawda 9860345681**
Address : 3, Chetan Appt., Opp.Deep Lakshmi Mangal Karyalaya, Hirawadi Road, Panchavati, Nasik (MH) 422003
**Contact No.** : **9270162674 (Mother)**
**9860345681 (Mama)**
**9209938209 (Father)**
E-mail : cpparmar123@gmail.com



## Hirenkumar Jethwa

Date of Birth : 03-04-1990
Birth Time : 4.00 pm
Birth Place : Nizamabad
Education : B.Tech. (Electronics & Comm.)
MBA in Marketing & HR
Occupation : Working with Zaggle Deputy Mgr. Hyderabad
**Father** : **Shivlal Jethwa**
**Mother** : **Sunitha Jethwa**
**Elder Sister** : **Trushna Jethwa** (Married)
Gotra : Shandilya
Height : 5'4"
Native Place : Anjar
Kuldevi : Shree Brahmani Maa
Address : 11-1-248, Neela Knata Nagar, Kanteshwar, Nizamabad Telangana - 503001
**Contact** : **Mother : 9676951907**
**Father : 7093190743**



## Kajal Chawra

| | |
|---|---|
| D.O.B. | : 18/12/1994 |
| Time | : 6:15 pm |
| Birth Place | : Jamshedpur |
| Height | : 5'1" |
| **Father** | : **Bhupendra R. Chawra** |
| **Mother** | : **Bhumita B. Chawra** |
| Education | : B.E. in Electronic and Communication |
| Native Place | : Sinogra |
| Kuldevi | : Shri Brahmani Sikotar Mataji |
| Gotra | : Vashishta |
| **Brother** | : **Mohit Chawra** |
| **Dada** | : **Shri Ratilal R. Chawra** |
| **Dadi** | : **Smt. Godavariben R. Chawra** |
| **Mosad** | : **Lt. Natwarlal R. Chauhan(Nana)**<br>**Mukesh N. Chauhan and**<br>**Rajesh N. Chauhan (Mama)**<br>Ghatshila - Jharkhand |
| **Address** | : **Bhupendra Chawra**<br>Shreejee Traders, Nr. Central Bank,<br>Kotma - 484334,<br>Dist. Anuppur (MP) |
| **Contact No.** | : **9300452302** |



## Nayan Chawda

| | |
|---|---|
| Date of Birth | : 27-July-1996 |
| Time of Birth | : 06:32 pm |
| Place of Birth | : Anjar (Kutch) |
| Height | : 5'8" |
| Native Place | : Khambhara (Kutch-Gujarat) |
| Gotra | : Kashyap |
| Kuldevi | : Shri Brahmani Maa &<br>Shri Sikotar Maa (Devaliya) |
| Education | : B.E./B.Tech. (Computer Science - JNTU Hyderabad) |
| Occupation | : Sr. Site Reliability Developer at OCI (Oracle India Pvt. Ltd.) |
| **Father** | : **Nimesh Amrutlalbhai Chawda**<br>**9949459659** |
| Father's Occp. | : Retail Business (Power Tools & Home Appliances) |
| **Mother** | : **Preethi Nimesh Chawda** (Home maker)<br>**8520011964** |
| **Ygr. Sister** | : **Jyothi Geet Vadher** (Married, Vadodara)<br>**9574427142**<br>**Mansi Nimesh Chawda** (Purusing Edu.) |
| **Grand Parents** | : **Lt. Amrutlal Raja Chawda (Dada)**<br>**Lt. Muktaben Amrutlal Chawda (Dadi)** |
| **Mosad** | : **Amrutlal Ramjibhai Jethwa (Nana)**<br>**Jendrabalaben Amrutlal Jethwa (Nani)**<br>**Vinodbhai Keshavji Jethwa (Mama)** |
| Address | : A/6, Satish Park Society, B/h. Shri Hari Party Plot, Opp. Kedardham, Manjalpur Vadodara - 390011 |



## Raghav Chawda

**Father** : **Lt. Dr. Hemant Chawda**

**Mother** : **Seema Hemant Chawda**

Date of Birth : 19 June 1988

Place of Birth : Nagpur

Time of Birth : 8.29 am

Height : 5'4"

Education : B.Pharmacy

Job Profile : Product Manager at SLPL Pharmaceuticals and Owner Prestige Pharmacy

Native Place : Kumbharia

**Ygr. Brother** : **Anuj Chawda**

**Mater. Uncle** : **Puranlal Viram Chawda, Dhanbad**

**Contact No.** : **9373106174,9325063691**

E-mail : raghavchawda@yahoo.co.in

Resi Adrs. : 402, Shyam Palace, Congress Nagar, Nagpur - 440012



## Akash Chawda

Birth Date : 20 Jan 1994

Birth Time : 2:50 am

Birth Place : Jaipur (Rajasthan)

Native : Devaliya

Gotra : Kashyap

Height : 5'8.5"

Kuldevi : Shir Brahmani Maa and Shikotar Maa

Blood Group : O+

Education : B.Tech. in IT, West Bengal University of Technology, Salt Lake, Kolkata (W.B.)

Occupation : Sr. Software Engineer at Oracle Corp. Ltd. (Multi Nation Company) Gift City, Gandhinagar (Ahmedabad) Previously worked in IBM (Bangalore), Infosys (Pune)

Salary : 23 Lakh Package per year

Languages Kn. : Gujarati, Hindi and English

**Father** : **Gunwant Pragji Chawda**

**Mother** : **Bharati Gunwant Chawda**

**Brother** : **Vikash Chawda married to Richa Chauhan**

**Grand Father** : **Lt. Pragji P. Chawda**

**Grand Mother** : **Lt. Narmada P. Chawda**

**Mama** : **Jaisukhbhai Tank, Chandrakanth Tank** Jaipur (Rajasthan)

Resi. Adrs. : E-503, Pramukh Arcade Residency, Kudasan Gandhinagar, Gujarat

**Father Co. No.** : **9835344920**

**Mother Co. No.** : **8603715832**



## Arpit Tank

| | | |
|---|---|---|
| Date of Birth | : | 03 January 1993 |
| Time of Birth | : | 08:40 pm |
| Birth Place | : | Gondia (MH) |
| Height | : | 5'11" |
| Education | : | B.E. (Mechanical Engg.) from Somaiya College of Engg. Mumbai. |
| Profession | : | E & C (Project Consultant) at Thermax Ltd. Pune |
| Kuldevi | : | Shree Brahmani Maa |
| Gotra | : | Kashyap |
| Native | : | Paratwada, Amravati (MH) |
| Address | : | Tilak Chowk, Shriniwas Marg, Paratwada (Achalpur - Amravati - MH) |
| **Grand Father** | : | **Lt. Morarjibhai Tank** |
| **Father** | : | **Lt. Dipak Morarjibhai Tank** |
| **Mother** | : | **Jayshri Dipak Tank** |
| **Brother** | : | **Harshal Dipak Tank** |
| **Mosal** | : | **Lt. Narayanbhai Khangarbhai Rathod** |
| **Mama** | : | **Vasant Narayanbhai Rathod-Gondia**<br>**Hasmukh Narayanbhai Rathod-Gondia**<br>**Kishor Narayanbhai Rathod-Gondia** |
| **Contact Det.** | : | **Jayshri Tank - 9420127541**<br>**8668997302**<br>**Arpit Tank - 8999501241** |



## Mayur Rathod
(Mangal)

| | | |
|---|---|---|
| **Father** | : | **Hasmukhbhai Dharsibhai Rathod** |
| **Mother** | : | **Shobhaben Hasmukhbhai Rathod** |
| **Grand Father** | : | **Lt. Dharsibhai Arjan Rathod** |
| **Grand Mother** | : | **Smt. Radhaben Dharsibhai Rathod** |
| Date of Birth | : | 24 June 1993 |
| Time of Birth | : | 01:50 pm |
| Place of Birth | : | Nanded (MH) |
| Height | : | 5 Feet 6 inches |
| Weight | : | 60 Kgs |
| Blood Group | : | B Positive |
| Edu. Quali. | : | 12th Pass (H.S.C.) |
| Occupation | : | Private Job (Manager - Accounting & Marketing) |
| Father's Occp. | : | Self-employed |
| Income | : | Rs. 40,000/- (Monthly) |
| Languages Kn. | : | Gujarati, Hindi, Marathi, English |
| Native Place | : | Nagalpar (Anjar - Kutch) |
| Kuldevi | : | Shri Momai Maa |
| Gotra | : | Gautam |
| Kundli Required | : | માંગલિક કન્યા અથવા જેની કુંડલીમાં લગ્નસ્થાને શનિ હોય |
| **Sister** | : | **Priya Deep Chawda - Married** (Tumsar-MH) |
| **Mama** | : | **Ramesh Govindbhai Rathod**<br>**Parbhani (MH) 9403901480** |
| Address | : | 14, Antariksh, Amrut Housing Society, Old Adgaon Naka, Nr. Katya Maruti Police Station, Punchavati, Nasik (MH) |
| **Cont. No.** | : | **9767955839, 7387155286** |
| E-mail | : | mayurrathod1110@gmail.com |



# Palak Vaghela

| | | |
|---|---|---|
| **Rashi Name** | : | **Leenu** |
| Date of Birth | : | 18 - Oct. 1997, 7:40 pm |
| Birth Place | : | Balaghat |
| Height | : | 5'4" |
| Kuldevi | : | Shri Brahmani Mata |
| Gotra | : | Vishwamitra |
| Education | : | B.Des. (Fashion Design. Ahmedabad) |
| Occupation | : | Fashion Catalogue Specialist (Work from home), Freelance Graphic Designer, Currently working freelance and doing 3d Max Couser (Pune) |
| Address | : | LIG-24, Premnagar, Housing Board Colony, Balaghat Ward No. 25, Balaghat (MP) |
| Contact | : | 9893893778 |
| **Father** | : | **Mr. Rajeshkumar Vaghela** (Retired Govt. Employee W.R.D.) |
| **Mother** | : | **Mrs. Kavita Vaghela** (Housewife) |
| **Grand Father** | : | **Lt. Morarji Kunwarji Vaghela** |
| **Grand Mother** | : | **Lt. Maniben Morarji Vaghela** |
| **Siblings** | : | **Pratik Vaghela (Younger Brother)** |
| Occupation | : | Chemical Engineer in Alpha Laval Pune (MH) |

# Gaytri P. Parmar



| | | |
|---|---|---|
| D.O.B. | : | 11/05/1996 |
| Birth Time | : | 13:48 pm |
| Birth Place | : | Bhuj |
| Height | : | 5' |
| Education | : | M.Com. |
| Gotra | : | Bhardwaj |
| Kuldevi | : | Shree Momai Maa |
| Native Place | : | Kukma |
| Father | : | Lt. Prabhulal Mavjibhai Parmar |
| Mother | : | Meenaben Prabhulal Parmar (Maheshwariben) |
| Elder Sister | : | Alpaben Rajeshbhai Chawda<br>Falguniben Ashwinbhai Chauhan<br>Rinkuben Ankitbhai Rathod |
| Nana | : | Lt. Nanalal Ratansibhai Chawda |
| Nani | : | Champaben Nanalal Chawda |
| Mama | : | Deepak Nanalal Chawda |
| Mama | : | Rajesh Nanalal Chawda - Chandiya |
| Residence | : | Vadvadi Sheri, Navavas, Po. Madhapar (Bhuj-Kutch) |
| Contact | : | 9426835905 |

# સેતુ સમાજ સંદેશ

સહ વીર્યં કરવાવહૈ

## અગત્યની સુચના

(૧) આથી દરેક ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળના હોદ્દેદારશ્રીઓને જણાવવાનું કે, 'સેતુ સમાજ સંદેશ'માં પ્રકાશીત કરવા માટેના સમાચારો લેટરપેડ પર લખી મોકલાવવા જરૂરી છે.

(૨) જેમની પાસે લેટરપેડ ન હોય તેમણે હોદ્દા સહિતની રબ્બર સ્ટેમ્પ લગાવવી જરૂરી છે.

(૩) ઇ-મેલથી મોકલાવવામાં આવતા સમાચારો ટાઈપ કરેલા અથવા સુવાચ્ય અક્ષરોમાં હોવા જરૂરી છે.

(૪) અહેવાલ, વિજ્ઞાપન વગેરે મોકલતી વખતે મોબાઈલ નંબર અવશ્ય લખવો. જેથી સંપર્ક કરી શકાય.

(૫) સેતુ સમાજ સંદેશમાં પ્રકાશિત કરવા માટેની માહિતિ તારીખ ૧૫ સુધીમાં અવશ્ય મોકલી આપવાની રહેશે.

(૬) વિજ્ઞાપન માટેના ફોટોગ્રાફ ઓછામાં ઓછા **1 mb** નો મોકલાવવાનો રહેશે.

(૭) મોબાઈલ એન્ડ્રોઈડ એપ્સ અને વેબસાઈટની માહિતિ માટે સેતુ સમાજ સંદેશના અધ્યક્ષશ્રી હિતેશભાઈ બી. ચૌહાણ - મો. ૯૯૦૯૦૬૯૦૫૭ નો સંપર્ક કરવો.

- તંત્રીશ્રી

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. નિર્મળાબેન લીલાધરભાઈ ટાંક (ઉ.વ.૮૦)

**સ્વ. તા. ૦૫-૧૨-૨૦૨૨, સોમવાર**

**મુળ ગામ : ખંભરા, હાલ અંજાર (કચ્છ)**

**નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ । ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ ।।**

આપના સરલ સ્વભાવ, કુટુંબ સાથે પ્રેમ સૌના હૃદયમાં જીવીત રહેશે. આપના આદર્શો અમારા માર્ગદર્શક હતા. હર દમ તમારા હોવાનો આભાસ રહ્યા કરે છે, ક્યારેક કહેલી વાતોના ભણકારા વાગ્યા કરે છે, યાદમાં સતત આપના દર્શન થયા કરે છે. દરેક કાર્યોમાં આપના આશીર્વાદનો અહેસાસ થયા કરે છે. પ્રભુ આપની આત્માને શાંતિ આપે એજ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ...

**:: આપના પરિવારજનો ::**

**સ્વ. મીઠીબેન તથા સ્વ. નથુભાઈ રઘુભાઈ ટાંક પરિવાર - ખંભરા (સાસુ-સસરા)**

**સ્વ. મંગળાબેન દેવરામભાઈ રાઠોડ પરિવાર - રાજનાંદગાંવ (માતા-પિતા)**

| | | | |
|---|---|---|---|
| લીલાધરભાઈ નથુભાઈ ટાંક | પતિ | સ્વ. અમૃતબેન નરશીભાઈ નથુભાઈ ટાંક | જેઠાણી-જેઠ |
| ભુપેશભાઈ લીલાધરભાઈ ટાંક | પુત્ર | સ્વ. પ્રેમુબેન નારાણભાઈ ચાવડા | નણંદ-નણદોયા |
| નયનાબેનઅ ભુપેશભાઈ ટાંક | પુત્રવધુ | સ્વ. કસ્તુરીબેન કેશવજીભાઈ જેઠવા | નણંદ-નણદોયા |
| લેખા ભુપેશભાઈ ટાંક | પૌત્રી | દયારામભાઈ અમરશીભાઈ ટાંક | ભત્રીજા |
| હર્ષ ભુપેશભાઈ ટાંક | પૌત્ર | સ્વ. મુળરાજ મુળજીભાઈ ટાંક | ભત્રીજા |
| સ્વ. મણીબેન અમરશીભાઈ નથુભાઈ ટાંક | જેઠાણી-જેઠ | ઓમપ્રકાશ નરશીભાઈ ટાંક | ભત્રીજા |
| સ્વ. પાર્વતીબેન મુળજીભાઈ નથુભાઈ ટાંક | જેઠાણી-જેઠ | | |

**તથા સમસ્ત ટાંક અને રાઠોડ પરિવારના જયશ્રી કૃષ્ણ**

# શ્રદ્ધાંજલી



જન્મ
૦૩.૦૭.૧૯૩૩

સ્વર્ગવાસ
૨૨.૧૧.૨૦૨૨

**સ્વ. હરીકુંવરબેન નવીનચંદ્ર ચાવડા**
**દેશમાં ગામ સિનોગ્રા હા.મુ. કેંજોરગઢ**

આપનો દ્રઢ વિશ્વાસ,અસાધારણ હિંમત,પ્રખર ઇચ્છા શકિત,સેવા ભાવિ સ્વભાવ અને સંસ્કારી જીવનની યાદ ને રડી પડે છે આંખો। મન હજુ માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી । સ્વભાવની સુવાસ ફેલાવી સર્વત્ર સંભારણા સૌના દિલમાં રાખી ગયા।

પ્રભુ દિવ્ય આત્માને શાંતિ અને મોક્ષ આપે એવી પ્રાર્થના। ઓમ શાંતિ।

**શોકમગ્ન પરિવારજનો**

પુત્ર સોમનાથ નવીનચંદ્ર ચાવડા
પુત્રવધુ ઈલા બેન સોમનાથ ચાવડા

સ્વામી સ્વ. નવીનચંદ્ર કલ્યાણજી ચાવડા
નણંદ સ્વ. કાંતાબેન નાનાલાલ પઢીહર (ચીરીમીરી)
નણંદ સ્વ. ગૌરીબેન કમલ સોલંકી (રાંચી)
દેવર સ્વ. પરસોતમ કલ્યાણજી ચાવડા
દેવર સ્વ. મોહન કલ્યાણજી ચાવડા
દેવર સ્વ. રમણીક કલ્યાણજી ચાવડા
દેરાણી ભાનુબેન પરસોતમ ચાવડા
પૌત્ર રમેશ પરસોતમ ચાવડા
પૌત્રવધુ બેન સોની રમેશ ચાવડા
પુત્રી જમાઈ ભગવતી ગુણવંત રાઠોડ (ધનબાદ)
પુત્રી જમાઈ મંગલાબેન યુવરાજ ચૌહાન (બિલાસપુર)
પુત્રી જમાઈ રંજનબેન કૃષ્ણકાંત ગોયલ (બેંગ્લોર)
મુકેશ,કૌશલ,કુશ,નિખિલ
હસ્મિતા,ભુમિકા,ભાવિકા

## શ્રદ્ધાંજલી

હરિને ભજતા હરિકુંવરબેન
ક્યાં તે ચાલ્યા ખબર નહીં,
કઈ દુનિયામાં વસી ગયા
એ દુનિયાની ખબર નહી ।

પહેલી ઝલકમાં આખો અટકતી
હવે એ ચહેરો દેખાશે નહીં,
મન મોકરું કરી લેશું પણ
પ્રેમની વસંત ખીલશે નહીં ।

યાદોના ભરોસે રહી લેશું પણ
સમાચાર કોઈ મળશે નહીં,
પદ ચિન્હોને અનુસરશુ પણ
પદ ચિન્હ જોવા મળશે નહીં ।

દાન પુન કરતા રહેશું તોય
સમજણ અમને રહેશે નહીં,
દિન દુખીયા ને હતો સહારો
હવે સહારો મળશે નહીં ।

શ્રીજી ચરણે શરણ લીધું હવે
આટાપાટા ના બંધન નહીં,
સંસાર સાગરે તરી ગયા ને
ભવના ફેરા રહ્યા નહીં ।




સ્વર્ગવાસઃ
કાર્તક કૃષ્ણપક્ષ તેરસ
મંગળવાર
તા. ૨૨.૧૧.૨૦૨૨

**શ્રદ્ધાસુમન**
પ્રભુ અમર આત્માને
સદ્દગતિ આપે
એવી પ્રાર્થના સાથે
શોકાભીભુત સભ્યો
માઁ જગદમ્બા ટ્રષ્ટ
કેન્દુઝર

# પ્રાદેશિક સમિતિ તથા ઘટકોના સમાચાર

## કચ્છ પ્રાદેશિક સમિતિ



વિનાશક ભુકંપ બાદ રૂા. ૩ કરોડના ખર્ચે નિર્માણ પામેલ શ્રી ક.ગુ.ક્ષ. સમાજ નૂતન સમાજ ભવન ખાતે શ્રી ક.ગુ.ક્ષ.સ. મહાસભા પ્રા. સમિતિ કચ્છ દ્વારા ૨૦ ઘટકનું સન્માન કરવાનો પ્રાયોજીત કાર્યક્રમના પ્રારંભે જાજરમાન સ્ટેજ, વિશાળ જનસમુદાય, સમાજબંધુઓ, ક.પ્રા.સ.ના હોદ્દેદારો, યુવા-મહિલા પ્રા.સ.ના હોદ્દેદારો, મહાસભા, અ.ભા.મહિલા, અ.ભા.યુવા મહામંડળ, અંજાર ઘટક અને તેમની બંને પાંખો, ૨૦ ઘટક અને તેમની બંને પાંખો, શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં નૂતન સમાજ ભવનના હાલમાં દીપ પ્રાગટ્ય કરતા અંજાર મત વિસ્તારના ધારાસભ્ય શ્રી ત્રિકમજીભાઇ છાંગાએ જણાવ્યું હતું કે, કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ હંમેશા સત્તા પક્ષની સાથે રહ્યો છે. અંગ્રેજોના શાસન સમયે દેશમાં રેલ્વેના કામો હોય કે બ્રિજના કામો હોય, તે કામો સમયમર્યાદામાં પૂર્ણ કરી રાયબહાદુરના ઇલ્કાબો મેળવ્યા છે. આજે પણ આ સમાજે ગત ચૂંટણીમાં કચ્છમાં અંજાર મત વિસ્તારમાં મને ભવ્ય વિજય અપાવ્યો છે અને અન્ય સમાજને નવી રાહ ચીંધી છે. બ્રિટીશ સમયે લિમીટેડ કોન્ટ્રાકટર હતાં, તેમાં આ સમાજને કામો મળતા તેવી રીતે બદલાતા સમયમાં અન્ય સમાજ કરતાં સત્તા પક્ષની સાથે રહેવા મક્કમ નિર્ધાર અને મને વિશ્વાસ આપ્યો હતો, અને તે સાર્થક કરી બતાવ્યો, તેનું ઋણ આ સમાજના પડતર પ્રશ્નો હોય તે હું નિરાકરણ લાવીશ તેની હું ખાતરી આપું છું.

પ્રારંભમાં શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા પ્રાદેશિક સમિતિ કચ્છ તથા યજમાન અંજાર ઘટક દ્વારા ભવ્યાતી ભવ્ય, પ્રાંગણમાં સામૈયું કરી અંજારની તેમજ ૨૦ ઘટકની બાળાઓએ કુમકુમ તિલક કરી અંજાર મત વિસ્તારના ધારાસભ્ય શ્રી ત્રિકમભાઇ છાંગાનું તેમજ સમાજ પદાધિકારીઓ, ભાઇ-બહેનો, શ્રેષ્ઠીઓનું સ્વાગત કરેલ હતું. પ્રભુ પ્રાર્થના અંજાર ઘટક, પ્રા. મહિલા મંડળ, રાષ્ટ્રીય મહિલા મંડળની બહેનો દ્વારા રજુ કરવામાં આવી હતી. ધારાસભ્યશ્રી ત્રિકમભાઇ છાંગાનું કચ્છ પ્રાદેશિક સમિતિના પ્રમુખ શ્રી રમણીકભાઇ વાઢેર તથા અંજાર ઘટકના પ્રમુખ અને અંજાર નગરપાલિકાના શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી બલરામભાઇ જેઠવાએ પુષ્પગુચ્છ, સાલ, મોમેન્ટો આપી સન્માનીત કરવામાં આવ્યા હતાં. અંજાર ઘટકના પ્રમુખ શ્રી બલરામભાઇ જેઠવાનું ક.પ્રા.સ. અને તેમની બંને પાંખોના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં પુષ્પગુચ્છ સાલ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. અંજાર ઘટક અને તેમની બંને પાંખો દ્વારા કચ્છ પ્રાદેશિક સમિતિના નવા વરાયેલ પ્રમુખશ્રી રમણીકભાઇ પ્રાગજીભાઇ વાઢેરનું ફુલહાર, સાલ, સન્માનપત્ર, ભેટ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. સિનુગ્રા ઘટકના પ્રમુખ શ્રી ધરમસિંહભાઇ અને તેમની બંને પાંખો દ્વારા ફુલહાર, સાલ, સન્માનપત્ર, તલવારની ભેટ અર્પણ કરી વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. કચ્છના ૨૦ ઘટક અને તેમની બંને પાંખો, પ્રાગજીભાઇ ધનજીભાઇ પઢિઆર પરિવાર, શ્રીમતી પુષ્પાબેન જીવરામભાઇ ટાંક પરિવાર તેમજ કચ્છ પ્રાદેશિક સમિતિ અને તેમની બંને પાંખો દ્વારા શ્રી રમણીકભાઇ વાઢેર - પ્રમુખશ્રીનું ફુલહાર, સાલ, મોમેન્ટો અર્પણ કરી જાહેર અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કચ્છ પ્રા.સ. અને તેમની બંને પાંખોના પ્રમુખ શ્રી રમણીકભાઇ વાઢેર, હિરેન ચૌહાણ, શ્રીમતી ઇલાબેન ચાવડા દ્વારા અંજાર નગરપાલિકાના શાસક પક્ષના નેતા શ્રી સુરેશભાઇ ટાંક, કાઉન્સીલર સર્વ શ્રીમતી ઇલાબેન ચાવડા, હર્ષાબેન ગોહિલ, કુંદનબેન જેઠવા તેમજ ભુજ તાલુકા બક્ષીપંચ મોરચાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઇ વરૂ, ભુજ તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન શ્રી જયનેશ વરૂ, અંજાર તાલુકા યુવા મોરચાના મંત્રી અને એપીએમસીના ડાયરેક્ટર શ્રી ભુમિતભાઇ વાઢેર, રાષ્ટ્રીય મહાસભા દ્વારા નિર્માણ પામી રહેલ વિવિધલક્ષી હોલના નિર્માણ માટે રૂા. પંદર લાખનું અનુદાન જાહેર કરનાર

યુગાન્ડામાં કાર્ય કરતા અને મલ્ટીનેશનલ કાં.ના સીઇઓ શ્રી રાજેશભાઇ રાઠોડ, ડિઝલ વેચાણ ક્ષેત્રે આંતર રાષ્ટ્રીય કક્ષાએ સતત ત્રણ વર્ષ પ્રથમ ક્રમાંક મેળવનાર જાણીતા ઉદ્યોગપતિ અને ગાંધીધામ ઘટકના પ્રમુખ શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડનું ફુલહાર, સાલ-મોમેન્ટો અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

આજના આ સત્કાર સમારંભનું સંભારણું અંજાર મધ્યે ચાલી રહેલ શિવ મહાપુરાણ કથાના યજમાન શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવા તેમજ શ્રી શાંતિલાલભાઇ ગોપાલજીભાઇ જેઠવા પરિવારનું સાલ, ફુલહાર, મોમેન્ટો અર્પણ કરી શ્રી રમણીભાઇ પ્રાગજીભાઇ વાઢેર, પ્રમુખશ્રી ક.પ્રા.સ. અને તેમની બંને પાંખો દ્વારા વિશાળ જનસમુદાયની વચ્ચે વિશિષ્ટ સન્માન કરતા હોલ તાડીઓના ગડગડાટથી ભાવુક બની ગયો હતો. આ પ્રસંગે મહાસભાના પૂર્વ પ્રમુખ શ્રી કાંતિલાલ જીવરામભાઇ જેઠવા (મહાત્માજી) રાષ્ટ્રીય મહાસભાના સલાહકાર શ્રી પરસોત્તમભાઇ રામજીભાઇ જેઠવા, ૨૦ ઘટક અને તેમની બંને

હતી. આવનારા સમયમાં સ્વર્ણિમ સમાજની કલ્પના સાથેના સમાજનું નિર્માણ કરવાની ઇચ્છા દર્શાવી હતી.

યજમાન અંજાર ઘટકના સ્નેહમય આમંત્રણ અને શિવમહાપુરાણના યજમાન શ્રી શાંતિલાલભાઇ ગોપાલજીભાઇ જેઠવા અને શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવા દ્વારા મહાપ્રસાદના આયોજન બદલ ક.પ્રા.સ. બંને પાંખો દ્વારા તેમના પ્રત્યે શુભેચ્છાની લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે ક.પ્રા.સ.ના ઉપપ્રમુખ સર્વશ્રી રમેશભાઇ ટાંક, હરગોવિંદભાઇ ચૌહાણ, જીવરામભાઇ ચાવડા, સંજયભાઇ રાઠોડ, મંત્રી શ્રી રમેશભાઇ આર. ચૌહાણ, વરીષ્ઠ મહામંત્રી શ્રી સંજયભાઇ એલ. પરમાર, મહામંત્રી શ્રી કિશોરભાઇ રાઠોડ, સહમંત્રી કિશન રાઠોડ, જશવંત ચાવડા, પ્રવિણ ચૌહાણ, ધીરજલાલ પરમાર, કોષાધ્યક્ષ શ્રી રાકેશ ટાંક, ક.પ્રા.સ. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ઇલાબેન ચાવડા, ક.પ્રા.સ. યુવા મંડળના પ્રમુખ શ્રી હિરેનભાઇ ચૌહાણ અને બંને પાંખના હોદ્દેદારો, રાષ્ટ્રીય મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ એસ. જેઠવા, બલરામભાઇ જેઠવા, રાષ્ટ્રીય મહાસભાના સલાહકાર શ્રી





પાંખો અને યજમાન અંજાર ઘટક અને તેમની બંને પાંખો - શ્રેષ્ઠીઓએ ઉપસ્થિત રહી જેઠવા પરિવારના આ ધાર્મિક કાર્યને બિરદાવ્યું હતું. સાથે રાષ્ટ્રીય મહાસભાના ઉપપ્રમુખ બ્ર.કુ. શ્રી બાબુભાઇ પરમાર દ્વારા ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરી મહાપ્રસાદનું આયોજન કરવાની જાહેરાત સાથે રાષ્ટ્રીય મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ જેઠવા અને વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઇ ખોડિયાર અને ક.પ્રા.સ.ના પ્રમુખ શ્રી રમણીકભાઇ વાઢેર દ્વારા બ્ર.કુ. બાબુભાઇ પરમારનું સાલ-મોમેન્ટો અર્પણ કરી જાહેર અભિવાદન કરવામાં આવ્યું હતું. અધ્યક્ષ સ્થાનેથી વકતવ્ય આપતા ક.પ્રા.સ.ના પ્રમુખ શ્રી રમણીકભાઇ વાઢેરે જણાવ્યું હતું કે, નવી જવાબદારી મળી છે. ઘટકના પ્રશ્નો અને ખાસ તો સગપણ સંમેલન, સમુહલગ્નના સુંદર આયોજન થાય તેવા પ્રયત્નોની સાથે યુવાઓને રોજગાર સંબંધે, ૨૦ ઘટકની મુલાકાત લઇ, ઘટક સ્તરે, ક.પ્રા.સ., રાષ્ટ્રીય સ્તરે પ્રશ્નની રજુઆત કરી નિરાકરણ લાવીશ તેની ખાતરી આપી

કુંવરજીભાઇ ટાંક, પરસોત્તમભાઇ જેઠવા, મંત્રી શ્રી અજયભાઇ પઢિઆર, ભગવાનજીભાઇ રાઠોડ, અ.ભા.મ.મહામંડળના મહામંત્રી શ્રીમતી પુષ્પાબેન ટાંક તથા તેમના હોદ્દેદારો, અંજાર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ચાવડા, યુવા મંડળના પ્રમુખ શ્રી મુકેશભાઇ ખોડિયાર, અંજાર ઘટકના વરીષ્ઠ મહામંત્રી શ્રી જીવરામભાઇ ટાંક, ચેરમેન શ્રી પ્રવિણભાઇ વેગડ તેમજ ક.પ્રા.સ., ક.મ.પ્રા.સ., ક.યુ.પ્રા.સ., મહાસભા, અ.ભા.મહિલા મહામંડળ, અ.ભા.યુવા મહામંડળ, અંજાર ઘટક, મહિલા મંડળ, યુવા મંડળના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

અંજાર મધ્યે યોજાયેલ સત્કાર સમારંભનું સંયુક્ત સંચાલન શ્રી સંજય એલ .પરમાર, પરેશ એલ. પરમાર, આભારવિધિ ક.પ્રા.સ.ના મંત્રી શ્રી રમેશભાઇ ચૌહાણ, અંજાર યુવા મંડળના પ્રમુખ શ્રી મુકેશભાઇ ખોડિયારે કરી હતી. ઉપસ્થિતો માટે મહાપ્રસાદનું આયોજન શાંતિલાલભાઇ ગોપાલજીભાઇ જેઠવા પરિવાર દ્વારા કરવામાં આવેલ હતું.

## માંડવી ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માંડવી ઘટક દ્વારા સરસ્વતી સન્માન સમારોહ અને વાર્ષિક સ્નેહમિલનના કાર્યક્રમનું આયોજન શિવમસ્તુના સુંદર પ્રાંગણમાં કરવામાં આવેલ. માંડવી ઘટકના પ્રમુખ શ્રી જયંતિલાલભાઇ રાઠોડ, મંત્રી શ્રી ધર્મેન્દ્રભાઇ ટાંક, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ત્રિવેણીબેન રાઠોડ તથા મંત્રી શ્રીમતી જ્યોતિબેન ટાંક, અંધ-અપંગ માનવ કલ્યાણ સંસ્થા દ્વારા સંચાલિત માંડવી કેન્સર ઇન્સ્ટીટ્યુટના ડૉ. ભાવિન મનસુખલાલ રાઠોડ તથા ડૉ. હિમાબેન ભાવિન રાઠોડ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ. જૈન ધર્મના પરમ પૂજ્ય મુનિ શ્રી પૂર્ણભદ્રસાગરજી મહારાજના આશીર્વચનથી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવેલ. તેઓશ્રીએ પોતાના અત્યંત ચિંતનીય તથા મનનીય પ્રવચનમાં માનવજીવનમાં સુખ અને દુઃખનું કારણ જણાવેલ અને જીવનને સુખમય બનાવવા માટે પાપાચારનો પરિત્યાગ કરવા માટે સમાજના બાંધવોને જણાવેલ. પ્રમુખશ્રી જયંતિલાલભાઇ રાઠોડના સ્વાગત પ્રવચન બાદ શ્રીમતી મમતાબેન પરમાર દ્વારા ક્વીઝનો કાર્યક્રમ કરવામાં આવેલ. શ્રી મુકેશભાઇ સોલંકી તથા શ્રી રાજેશભાઇ રાઠોડ દ્વારા હાઉઝી રમાડવામાં આવેલ. સમાજના સર્વે વિદ્યાર્થીઓને શ્રી રોહિતભાઇ રાઠોડ, સિડની (ઓસ્ટ્રેલિયા) દ્વારા પ્રોત્સાહક ભેટ આપવામાં આવેલ. આ શુભ પ્રસંગે યુવા મંડળના પ્રમુખ શ્રી જગદીશભાઇ ચૌહાણ તથા માંડવીના પ્રસિદ્ધ સીટી ધી વિલેજ રીસોર્ટના હિમાંશુભાઇ ટાંક દ્વારા માંડવી ઘટકને શુભેચ્છા સ્વરૂપે દાન જાહેર કરવામાં આવેલ. શ્રી જયેશ પરમાર દ્વારા વાર્ષિક હિસાબ રજુ કરવામાં આવેલ.

શ્રીમતી જ્યોતિબેન ટાંક દ્વારા ક્વીઝના વિજેતાઓને ઇનામો આપવામાં આવેલ. કાર્યક્રમ સફળ બનાવવામાં શ્રીમતી જ્યોતિબેન ટાંક, જગદીશભાઇ ચૌહાણ, મુકેશભાઇ સોલંકી, મનોજભાઇ યાદવ, વિરલભાઇ પરમાર, ભુપેન્દ્રભાઇ તથા ધર્મેન્દ્રભાઇ ટાંકનો સહકાર સાંપડેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી રાજેશભાઇ રાઠોડ દ્વારા કરવામાં આવેલ. આભારવિધી શ્રી ધર્મેન્દ્રભાઇ ટાંક દ્વારા કરવામાં આવેલ.

## રાયગઢ ઘટક

રાયગઢ ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળ દ્વારા નવવર્ષ ૨૦૨૨નું ભવ્ય આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમના પ્રારંભમાં દીપ પ્રજ્વલિત કરી સરસ્વતી વંદન સાથે કાર્યક્રમ પ્રારંભ કરવામાં આવેલ. ત્યાર બાદ સમાજના બાળક-બાલિકાઓ માટે રમત-ગમતનું આયોજન મહિલા મંડળ દ્વારા કરવામાં આવેલ. ત્યાર બાદ અનેક રોચક કાર્યક્રમો અને ગેમ્સની મજા સમાજબાંધવોએ માણી હતી. ત્યાર બાદ ૨૦૨૦થી ૨૦૨૨ સત્રના ત્રણે પાંખોના પ્રમુખશ્રી હેમંતભાઇ નિર્ભયરામભાઇ ચાવડા, સુશ્રી ઉષાબેન ચૌહાણ, શ્રી ચંદ્રેશભાઇ દેવેન્દ્રભાઇ ટાંકનું સન્માન કરવામાં આવેલ સાથે ત્રણે પ્રમુખશ્રીઓ દ્વારા ત્રણ વર્ષનો અહેવાલ રજુ કરવામાં આવેલ.



ત્યાર બાદ રાયગઢ ઘટકની પરંપરા મુજબ સત્ર ૨૦૨૨થી ૨૦૨૫ માટે સમાજબાંધવોની હાજરીમાં સર્વસંમતિથી ત્રણે પાંખોના પ્રમુખોની વરણી કરવામાં આવેલ. ઘટક પ્રમુખ શ્રી હેમંતભાઇ નિર્ભયરામભાઇ ચાવડા, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી અરૂણાબેન તુષારભાઇ ચૌહાણ, યુવા મંડળ પ્રમુખ શ્રી ચંદનભાઇ સતિષભાઇ ટાંકને મંચસ્થ કરવામાં આવેલ. તેમની

સાથે છત્તીસગઢ પ્રાદેશિક સમિતિ મંત્રી શ્રી ગિરિશભાઇ વલમજીભાઇ સાવરિયાનું પણ સન્માન રાયગઢ ઘટક દ્વારા કરવામાં આવેલ તેમજ આદ. ગીરીશભાઇ દ્વારા તેમના પ્રેરક પ્રવચનથી સમાજ ઉત્કર્ષના બારામાં રાયગઢ ઘટકને પ્રેરણા આપી હતી. ત્યાર બાદ નવનિયુક્ત ત્રણે પ્રમુખશ્રીઓનું સન્માન રાયગઢના સમાજ બાંધવો દ્વારા કરવામાં આવેલ સાથે ત્રણે પ્રમુખો દ્વારા સમાજ ઉત્કર્ષના કાર્યો આવતા ૩ વર્ષમાં કરવાનું વિશ્વાસ આપેલ.

કાર્યક્રમના અંતિમ પડાવમાં શ્રી યશવંત નાનાલાલભાઇ સાવરિયા પરિવાર દ્વારા એક અદ્‌ભૂત ખેલ સમાજના પ્રત્યેક પરિવારને રમાડવામાં આવેલ. આ રમત-ગમત શ્રીમતી રૂચિ યોગેશભાઇ સાવરિયા દ્વારા રમાડવામાં આવેલ. સાથે અનેક ગીફ્ટ વિજેતાઓને આપવામાં આવેલ. કાર્યક્રમના અંતમાં સ્વરૂચી ભોજ સાથે પુર્ણાહુતી આપી સાથે નવનિયુક્ત પ્રમુખ શ્રી હેમંતભાઇ ચાવડા, અરૂણાબેન ચૌહાણ, ચંદનભાઇ ટાંક દ્વારા સમાજબાંધવોનું આભાર સાથે સહુને ભેગા લઇ કાર્ય કરવાનું વિશ્વાસ આપેલ. અંતમાં રાષ્ટ્રગાન બાદ કાર્યક્રમને સમાપ્ત કરવામાં આવેલ.

## માધાપર ઘટક




શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટકના પ્રમુખ અને જગડુશા 'સમાજરત્ન' દાતાશ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીના ૬૬મા જન્મ દિવસ નિમિત્તે તથા શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ, જી.કે. જનરલ હોસ્પિટલ અને લાયન્સ ક્લબ ઓફ માધાપરના સહયોગથી લાયન્સ હોસ્પિટલ મધ્યે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવેલ હતો તેમજ રક્તતુલા અભિવાદન અને ડૉક્ટર્સ ઓપીડી રૂમ બેનું લોકાર્પણ સમારોહનું પણ આયોજન કરવામાં આવેલ. દાતાશ્રી 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી દ્વારા ડૉક્ટર્સ ઓપીડી રૂમ બે માટે રૂપિયા ૯,૦૦,૦૦૦ (નવ લાખ)નું દાન આપ્યું હતું. દાતા પરિવાર તથા ઉપસ્થિત મહેમાનોનું હોસ્પિટલ મધ્યે વાજતે-ગાજતે સ્વાગત અને ત્યાર બાદ તેમના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. દાતા શ્રી 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી તેમના પત્ની શ્રીમતી નીતાબેન, પુત્ર મોહિતભાઇ, પુત્રવધુ ઋતુબેન, પૌત્રી વિહાની અને પૌત્ર ધ્યેય સમગ્ર પરિવારજનોના હસ્તે ઓપીડી રૂમ નંબર-બેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ દ્વારા ૯૦ વ્યક્તિઓ બ્લડ ડોનેશન માટે ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પમાં બ્લડ આપવા માટે ખાસ બી.એસ.એફ.ના ૫૦થી વધુ જવાનો આવ્યા હતા અને કુલ ૨૫૦ જેટલા લોકોએ આ કેમ્પમાં રક્તદાન કર્યું હતું તેમજ લાયન્સ ક્લબ ઓફ માધાપરના લાયન્સ મેમ્બરો દ્વારા પણ રક્તદાન કરવામાં આવ્યું હતું. સર્વે રક્તદાતાઓને એચડીએફસી બેન્ક દ્વારા પાણીની બોટલ તથા દાતા પરિવાર તરફથી સલાડ ચોપર, લાયન્સ ક્લબ ઓફ માધાપર તરફથી એક બોલપેન તથા સર્ટીફીકેટ ભેટ સ્વરૂપે એનાયત કરવામાં આવ્યું હતું. લાયન્સ ક્લબ ઓફ માધાપરના પ્રેસિડેન્ટ લાયન શ્રી પ્રવિણભાઇ ખોખાણીએ દાતાશ્રી અને સાથે પધારેલા મહેમાનશ્રીઓને આવકારતા તેમનું સ્વાગત અભિવાદન કર્યું હતું. તમામ મહેમાનોએ હોસ્પિટલના અલગ-અલગ વિભાગોની મુલાકાત લીધી અને કામગીરી જોઇ ખુબજ પ્રભાવિત થયા હતા. હોસ્પિટલના ચેરમેન લાયન શ્રી ભરતભાઇ એ.ડી. મહેતાએ હોસ્પિટલમાં ચાલતી સેવાકીય પ્રવૃત્તિઓથી સર્વેને માહિતગાર કર્યા હતા. દાતા પરિવાર તેમજ ખાસ હાજર રહેલ મહેમાનોએ પોતાના અનુભવો રજુ કર્યા હતા તેમજ હોસ્પિટલ અને સમગ્ર ટીમની સેવાકીય કામગીરીની ખુબ પ્રશંસા કરી હતી.

કાર્યક્રમમાં દાતા પરિવારના શ્રીમતી ઇન્દુબેન સોલંકી, શ્રી જયદીપભાઇ સોલંકી, શ્રીમતી નંદિનીબેન સોલંકી, શ્રીમતી



શિવ મંદિર પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. કોરોના બાદ આ વર્ષે લોકોની મોટી સંખ્યામાં હાજરી વચ્ચે સમાજ ગોર શ્રી પરેશભાઇ શાંતિલાલ ત્રિવેદીએ માધાપર ઘટકના પ્રમુખ અને 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી તથા તેમના ધર્મપત્ની શ્રીમતી નીતાબેન સોલંકી પરિવારને શાસ્ત્રોક્ત વિધીથી સવારે ૭.૦૦ કલાકે ઠાકર મંદિરમાં પૂજા કરાવેલ તથા ભક્તજનોએ વિષ્ણુ સહસ્ત્ર પાઠ કરેલ જેના કારણે મંદિરનું વાતાવરણ ભક્તિમય બન્યું હતું. બપોરે સમાજવાડીથી ઠાકર





નયનાબેન ચૌહાણ વગેરે હાજર રહ્યા હતા. શ્રી બાબુભાઇ ચૌહાણ, શ્રી દિલીપભાઇ ચૌહાણ, ડૉ. દેવેન્દ્રભાઇ પરમાર, શ્રી વિનોદભાઇ ચૌહાણ માધાપર ઘટકના શ્રી કમલેશભાઇ પરમાર, શ્રી અશ્વિનભાઇ સોલંકી, શ્રી વલમજીભાઇ રાઠોડ, શ્રી ચેતનભાઇ ચૌહાણ, શ્રી મનોજભાઇ ટાંક, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી તારાબેન ટાંક તેમજ ભાવનાબેન ટાંક, રેખાબેન સોલંકી તેમજ યુવક મંડળ પ્રમુખ શ્રી ભરતભાઇ રાઠોડ અને શ્રી દેવેન્દ્રભાઇ ચૌહાણ, શ્રી ધનંજયભાઇ રાઠોડ, શ્રી કેયુરભાઇ ટાંક, શ્રી યાજ્ઞિક ચૌહાણ, લાયન્સ ક્લબ ઓફ માધાપર અને ભુજના લાયન સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનોનું શાલ અને મોમેન્ટોથી સન્માન કરવામાં આવ્યું હતું. તમામનો શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર વતી મંત્રી શ્રી ગિરીશભાઇ ચૌહાણે આભાર વ્યક્ત કરેલ હતો. શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર દ્વારા સંચાલિત ઠાકર મંદિરનો માગસર સુદ પાંચમના દર વર્ષની જેમ આ વરસે પણ માધાપર ઘટક પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકીના માર્ગદર્શન હેઠળ મંદિરે શોભાયાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાઇ ભગવાનની આરતી કરી અને ભોગ પ્રસાદ ચઢાવવામાં આવેલ હતો. ત્યાર બાદ ઘટક પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી પરિવારનું સાલ તેમજ પાઘડી પહેરાવી સન્માન કરવામાં આવેલ હતું. મહિલા મંડળ તેમજ બ્રહ્માકુમાર શ્રી બાબુલાલ અરજણભાઇ પરમારે પણ દાતા પરિવારનું સન્માન કરેલ હતું. આ અવસર મહાસભાના ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી પણ ઉપસ્થિત રહ્યા હતા. ઠાકર મંદિર પાટોત્સવ અને મહાપ્રસાદનો તમામ ખર્ચ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીએ આપેલ. પાટોત્સવમાં મહિલા મંડળ ઉપપ્રમુખ રેખાબેન સોલંકી અને મહામંત્રી જયશ્રીબેન ચૌહાણ તેમજ સભ્યો, યુવા મંડળ અને ઘટકના હોદ્દેદારો અને સભ્યો તેમજ પૂજારી અને મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવેલ હતી. સર્વેનો આભાર માનવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન ઘટકના મંત્રી ગિરીશભાઇ ચૌહાણે કર્યું હતું.

## રાજકોટ ઘટક

રાજકોટ ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળના હોદ્દેદારોની નવા સત્ર ની વરણી કરવા માં આવેલ જેમાં ફરી વાર ઘટક પ્રમુખ તરીકે શ્રી ચંદ્રેશભાઈ ચાવડા, મહિલા મંડળ પ્રમુખ તરીકે શ્રીમતી દીનાબેન ખોડીયાર અને યુવા મંડળ પ્રમુખ તરીકે શ્રી ધવલભાઈ ટાંક ને કાર્યભાર સોંપાયા હતો.

રાજકોટ ઘટક પ્રમુખ – શ્રી ચંદ્રેશભાઇ ચાવડા, ઉપપ્રમુખ – શ્રી જતીનભાઇ ચૌહાણ, ઉપપ્રમુખ – શ્રી કિરણભાઇ ખોડિયાર, મંત્રી – શ્રી રાજનભાઇ પરમાર, કોષાધ્યક્ષ – શ્રી મયુરભાઇ વાઢેર, મહિલા મંડળ : પ્રમુખ – શ્રીમતી દીનાબેન ખોડિયાર, મંત્રી – શ્રીમતી સંગીતાબેન ચૌહાણ, કોષાધ્યક્ષ – શ્રીમતી નિશીબેન વાઢેર, યુવા મંડળ : પ્રમુખ – શ્રી ધવલભાઇ ટાંક, મંત્રી – શ્રી ધૈર્યભાઇ રાઠોડ, સલાહકાર મંડળ – શ્રી પરેશભાઇ ચૌહાણ, શ્રી પ્રફુલભાઇ ગોહિલ, શ્રી દયારામભાઇ રાઠોડ, શ્રી ગીરધરભાઇ રાઠોડ, શ્રી રાજેન્દ્રભાઇ રાઠોડ તથા પાંચ કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી.

# હૈદ્રાબાદ-સિકંદરાબાદ ઘટક






હૈદ્રાબાદ-સિકંદરાબાદ ઘટક સ્નેહમિલન તા. ૬-૧૧-૨૦૨૨ના ગુજરાતી સ્કુલ, સિકંદરાબાદમાં આયોજીત કરવામાં આવેલ હતું. છેલ્લા બે વર્ષથી કોવિડના કારણે સ્નેહમિલન ઓનલાઇન ઉજવવામાં આવેલ હતું. આ વર્ષે બધા બાંધવોએ રૂબરૂ મળીને સ્નેહમિલન ઉજવાયો જેના કારણે બધાને બહુજ આનંદ આવ્યો. ઘટકના સલાહકાર સમિતિ જેમાં શ્રી સુનિલભાઇ ચાવડા, શ્રી દિલીપભાઇ ટાંક, શ્રી શિવભાઇ ચાવડા, શ્રી નિરંજનભાઇ ચાવડા, શ્રી વિનોદભાઇ પરમારનું પુષ્પથી સ્વાગત કર્યું. દીપ પ્રજ્વલન કરીને પ્રભુની પ્રાર્થનાથી મીટીંગની શરૂઆત કરી હતી.





ઘટકના પ્રમુખ શ્રી જીતેશભાઇ ચૌહાણે ઘટકના સભ્યોને સંબોધિત કર્યા હતા. ત્યાર બાદ ઘટકના મંત્રી શ્રી નરેશભાઇ ચાવડા ૨૦૨૧-૨૨માં ઉજવેલા કાર્યક્રમની જાણકારી આપી. ખજાનચી શ્રી જશવંતભાઇ ટાંકએ ૨૦૧૯-૨૦૨૨ના ખાતાનું વિવરણ આપ્યું તેમજ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી હર્ષાબેન મેહુલભાઇ સોલંકીએ મહિલા મંડળના કાર્યક્રમની જાણકારી આપી. યુવા મંડળ પ્રમુખ શ્રી મયુરભાઇ સોલંકીએ યુવા મંડળના વિષયમાં જાણકારી આપી. મહાસભાના ઉપપ્રમુખ સુનિલભાઇ ચાવડાએ મહાસભાના વિષયે ઘટકના સભ્યોને જાણકારી આપી. શ્રી વિનોદભાઇ પરમારે પણ ઘટકના સભ્યોને સંબોધિત કર્યા હતા. ઘટકના સભ્યો જેઓએ કોવિડના સમયમાં મદદ કરી જેમાં ડૉ. દિલીપભાઇ ટાંક, અશ્વિનભાઇ ચાવડા, કીરણભાઇ વરૂ, નિશાંતભાઇ ચાવડા, સ્નેહલભાઇ જેઠવા એમને સમ્માનિત કરવામાં આવ્યા હતા. આ વર્ષે ઘટકની ચૂંટણી થઇ અને નવી ટીમની નિમણુંક થઇ હતી. ચૂંટણીના ચેરમેન શિવભાઇ ચાવડા, સલાહકાર સમિતિ (શ્રી ભુપેન્દ્રભાઇ ચાવડા, શ્રી સુનિલભાઇ ચાવડા, શ્રી દિલીપભાઇ ટાંક, શ્રી નિરંજનભાઇ ચાવડા, શ્રી વિનોદભાઇ પરમાર, શ્રી દેવજીભાઇ ચૌહાણ, શ્રી નવીનભાઇ ચૌહાણ, શ્રી જિતેશભાઇ ચૌહાણએ યોગેશભાઇ પરમારને હૈદ્રાબાદ-સિકંદરાબાદ ઘટકના પ્રમુખ નિર્વાચીત કરવામાં આવ્યા હતા. એમને સ્નેહલભાઇ જેઠવા - મંત્રી, ગોપાલભાઇ ચાવડા - સહમંત્રી, મુકેશભાઇ ટાંક - ઉપપ્રમુખ, પરેશભાઇ સોલંકી - ઉપપ્રમુખ, દિનેશભાઇ ચાવડા - ખજાનચી, દીપકભાઇ ચાવડા - સહ ખજાનચીને ટીમ તરીકે લીધેલ છે.

મહિલા મંડળની પણ નવી ટીમની નિમણુંક થયેલ. હર્ષાબેન સોલંકીને પ્રમુખ ઘોષિત કરવામાં આવ્યા હતા. તેમની ટીમનો પરિચય આપ્યો હતો. જેમાં સંગીતાબેન ચૌહાણ - ઉપપ્રમુખ, શીલાબેન ચૌહાણ - ઉપપ્રમુખ, મંજુબેન સોલંકી - ખજાનચી, મનીષાબેન ખોડિયાર - મંત્રી, રક્ષાબેન ટાંક - સહમંત્રી, ગીતાબેન ચાવડા - સહમંત્રી, વનિતાબેન ચાવડા - સહમંત્રીનું ચયન કરવામાં આવ્યું હતું.

યુવા મંડળની પણ નવી ટીમનું ચયન થયું હતું. શરદભાઇ ચાવડાને પ્રમુખ ઘોષિત કરવામાં આવ્યા હતા. તેમને પોતાની ટીમનો પરિચય આપ્યો. જેમાં સમીરભાઇ ચાવડા - મંત્રી, કરણભાઇ ચાવડા - સહમંત્રી, હર્ષિતભાઇ ટાંક - ખજાનચીનું ચયન થયું હતું. સવારના ૯ વાગ્યાથી પ્રોગ્રામ અને સ્પર્ધા

યોજવામાં આવેલ. જેમાં હેન્ડમેડ ફોલ્ડીંગ રંગોળી પ્રતિયોગીતા મહિલા માટે બાળકો માટે ફીડિમ ફાઇટર ફેન્સી ડ્રેસ પ્રતિયોગીતા આયોજીત કરવામાં આવેલ. બધાએ ખુબ જોશથી ભાગ લીધેલ હતો. યુવા મંડળએ જુદા જુદા સાંસ્કૃતિક પ્રોગ્રામનું આયોજન કર્યું હતું. જેમાં યુવા, મહિલા અને બાળકો બહુજ ઉત્સાહથી ભાગ લીધો એને સર્વે પ્રેક્ષકોના દિલ જીતી લીધા હતા. ઘટકના બાળકો ધો. ૧ થી ૧૦ને પ્રોત્સાહિત કરવા માટે ઘટક દ્વારા સરસ્વતી સન્માન કરવામાં આવે છે. આ વર્ષે ભાવનાબેન અમૃતલાલ ચૌહાણ દ્વારા પુરસ્કારીત કરવામાં આવ્યા હતા. જેથી બાળકોનો ઉત્સાહ વધાવ્યો. બપોરના સભ્યોએ સ્વાદીષ્ટ ભોજનનો લાભ લીધો હતો. ત્યાર બાદ તમ્બોલા અને લક્કી ડ્રોનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સર્વે બાંધવોએ ખુબ આનંદથી ભાગ લીધેલ હતો. ઘટકના સભ્યોએ ખુબજ ઉત્સાહ સાથે ભાગ લીધો અને બધાને ખુબજ આનંદ આવ્યો હતો. જીતેશભાઇ ચૌહાણ, નરેશભાઇ ચાવડા, જશવંતભાઇ ટાંક, હેમંતભાઇ ચૌહાણ, દિનેશભાઇ ચૌહાણ, ઉદયભાઇ ચાવડા, દીપકભાઇ ચાવડા, મયુરભાઇ સોલંકી તરફથી નવી ટીમને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

## કેંજોરગઢ ઘટક

કેંજોરગઢ સમાજવાડીમાં તા. ૩૧-૧૦-૨૦૨૨ સોમવારે જલારામ જયંતીનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૯.૩૦ વાગ્યે શ્રી લક્ષ્મીનારાયણ મંદિરથી જલારામબાપાનો વરઘોડો વાજતે-ગાજતે નિકળી સમાજવાડી પહોંચ્યો હતો. ત્યાર બાદ ભજન-કિર્તન કરવામાં આવ્યા હતા.

બપોરે ઉપસ્થિત સૌ ભક્તો માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. સાંજે ૫.૩૦ વાગ્યે આરતી કરવામાં આવી હતી. બધા આરતી તથા પ્રસાદ લઇ પોત-પોતાના ઘરે રવાના થયા હતા. આ આયોજનમાં મહિલા મંડળ તથા યુવા મંડળના સૌ



સદસ્યોએ તેમનો પૂરો સહયોગ આપ્યો હતો.

વડીલો, ભાઇઓ-બહેનો તથા બાળકો આ કાર્યક્રમમાં સારી સંખ્યામાં ઉપસ્થિત રહી તેને સફળ બનાવ્યો હતો.

## બિલાસપુર ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ બિલાસપુર ઘટક તથા યુવા મંડળના સંયુક્ત ઉપક્રમે આયોજીત વિશાલ ફિજીયોથેરેપી, ન્યુરો થેરેપી, યોગ થેરેપી, નાડી સ્ટીમ થેરેપી તથા સુજોક થેરેપીનો શિબિર યોજવામાં આવ્યો હતો. તા. ૩-૧૨-૨૦૨૨ના ઘટક પ્રમુખ શ્રી અંબાલાલઘાઇ ચૌહાણના માર્ગદર્શન હેઠળ શિબિરના ઉદ્‌ઘાટનના મુખ્ય અતિથિ છત્તીસગઢ પ્રાદેશિક પ્રમુખ શ્રી હેમંતભાઇ ચૌહાણ, વિશેષ અતિથિ મહાસભા ન્યાયપંચ છત્તીસગઢ પ્રભારી શ્રી મહેન્દ્રભાઇ રાઠોડ દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમ દરમ્યાન ઘટકના માનનીય સભ્ય તથા અન્ય પ્રતિષ્ઠિત સદસ્યોની ઉપસ્થિતિ હતી. આ શિબિર તા. ૩-૧૨-૨૦૨૨ થી તા. ૧૩-૧૨-૨૦૨૨ સુધી આયોજીત કરવામાં આવેલ હતો. એક્યુપ્રેશર યોગા થેરેપી રીસર્ચ ટ્રેનીંગ એન્ડ ટ્રીટમેન્ટ ઇન્સ્ટીટ્યુટ જોધપુરથી ડૉ. ચૌધરી તથા તેમની ટીમ દ્વારા શરીર સંબંધી દરેક બિમારીનો ઇલાજ દવા વગર કરવામાં આવેલ હતો. શરીર સંબંધી કોઇપણ તકલીફ જેમ કે જોડોના દર્દ, કમર દર્દ, અર્થરીટીઝ, હાથ-પગમાં સોજો રહેવો, માથાના દુઃખાવો, ડાયાબીટીસ, બ્લડપ્રેશર, થાઇરોઇડ જેવી અનેક બિમારીનો ઇલાજ કરવામાં આવેલ. કમર દર્દ તથા જોડોના દર્દ માટે જર્મન ટેકનિકલ દ્વારા સારવાર કરવામાં આવેલ. આ શિબિરનો લાભ લેવા બિલાસપુર ઘટક તથા અન્ય શહેરવાસીઓએ અનેરો લાભ લઇ કાર્યક્રમને સફળ બનાવ્યું હતું. લગભગ ૨૧૦ સદસ્યોએ આ સારવારનો લાભ લીધો હતો.

# હાજાપર ઘટક





હાજાપર ઘટક્ની કોર કમિટીની મીટીંગ તા. ૨૭-૧૧-૨૦૨૨ના થયેલ હતી. મુખ્ય એજન્ડામાં હાજાપર સમાજ ભવનની પ્રગતિ વિશે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી. પધારેલ સર્વે મેમ્બરોએ જરૂરથી સ્વીકાર્યું કે ભલે આપણા હાજાપર સમાજ ભવનના કાર્યમાં નાની-મોટી અડચણરૂપે ધીમી ગતીએ ચાલી રહ્યું છે પરંતુ એક અટલ નિર્ણય પર ભવિષ્યને ધ્યાનમાં રાખી અત્યાર સુધી આપણે સામાજીક ધોરણે સંતોષકારક કાર્યનો અનુભવ કરી રહ્યા છીએ.

માધાપર રહેતા આપણા સમાજના રમેશભાઇ ટાંકની પ્રતિષ્ઠીત માધવ કન્સ્ટ્રકશનના હાજાપર ગામ પ્રત્યે અને માતાજી પ્રત્યે અતૂટ શ્રદ્ધા ધરાવતા શ્રી કલ્પેશભાઇ યાદવ અને શ્રી ભરતભાઇ રાઠોડના નેજા હેઠળ હાજાપર સમાજ ભવનનું સરકારી કાર્ય પ્લાનીંગ આર.સી.સી. બાંધકામ સાથે સંપૂર્ણ કાર્યની જવાબદારી હાજાપર કમીટીએ આપેલ. હાલ હાજાપર સ્થિત યાદવકુળના માતાજી શ્રી ચાવલમાંનું આલીશાન અને ભવ્ય મંદિર કલ્પેશભાઇ યાદવના નેજા હેઠળ પરિપૂર્ણ થયેલ.

હાજાપર સમાજ ભવન માત્ર બિલ્ડીંગ નથી. પરંતુ આપણા પૂર્વજો વડીલોનું સન્માનનું પ્રતિક છે. સાથે સાથે સંપૂર્ણ ભારત વર્ષમાં હાજાપરવાસીઓએ હાજાપર ગામ પ્રત્યેનો પ્રેમ અને આજના સંસ્કારી પરિવારોને પૂર્વજો-વડીલોનું પોતાના ગામ પ્રત્યેનું ઋણ ઉતારવાનો સોનેરી અવસર છે. આજના આધુનિક યુગમાં આજની યુવા પેઢી પોત-પોતાના વડીલો અને પૂર્વજોને ભૂલ્યા નથી. ઉદાહરણ રૂપે... હાજાપર સમાજ ભવનના મુખ્ય દાતા શ્રી વલમજીભાઇ વાઘેલા - આદીપુર અને જમશેદપુર રહેતા શ્રી નાનજી ગોવિંદજી પરિવારના ત્રીજી પેઢીના આ સમાજ ભવન માટે ઉદારદિલથી ફાળો આપી વડીલો-પૂર્વજોનું હાજાપર ગામ પ્રત્યેનું ઋણ ઉતારી રહ્યા છે તથા અન્ય સર્વેને પ્રેરણારૂપી ઉદાહરણ પુરૂં પાડી રહ્યા છે.

બેઠકમાં એક સાત્વિક નિર્ણય પ્રમાણે શક્ય હશે તેટલા સંપૂર્ણ ભારતવર્ષમાં વસતા હાજાપરવાસી પરિવારજનોને સંપર્ક સેતુના નેજા હેઠળ રૂબરૂ મળવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પ્રથમ પ્રયાસ રૂપે હાજાપર ઘટકના ખજાનચી શ્રી રાઘવજીભાઇ પરમાર, મંત્રી શ્રી ઇશ્વરલાલભાઇ પરમાર અને ઉપપ્રમુખ શ્રી અર્જુનભાઇ પરમારે કરેલ હતો. પરંતુ અનિવાર્ય સંજોગોના કારણે ફક્ત ઘટક પ્રમુખ શ્રી નવીનભાઇ યાદવ સ્વયં પ્રવાસે નિકળ્યા હતા. આ પ્રવાસમાં છત્તીસગઢ, બંગાળ, ઝારખંડ, ઓરિસ્સા મધ્યે વસતા હાજાપરવાસીઓની રૂબરૂ મુલાકાત લઇ હાજાપર ગામ વિષે અને સમાજ ભવન વિષે વિસ્તૃત જાણકારી આપેલ હતી. ચાર રાજ્યોમાં હાજાપરવાસીઓએ હાજાપર ઘટકનું સુંદર હરણફાળ પ્રગતિ-વિકાસની પ્રશંસા કરી હતી. અલગ અલગ રાજ્યોમાંથી અંદાજે ૨ થી ૩ લાખ રૂપિયા જેવી માતબર રકમ આપી વતનપ્રેમીનું દષ્યાંત પુરૂં પાડેલ હતું. કલકતા-ઉતરપાડાવાળા શ્રી અશોકભાઇ વલમજીભાઇ પરમાર (પૂર્વ મહાસભા પ્રમુખશ્રી વલમજીભાઇ પરમાર) અને રાઉરકેલાના કિશોરભાઇ ટાંક, સંબલપુરથી યાદવ પરિવાર અને પરમાર પરિવાર, રાંચીથી જસવંતભાઇ, જયંતભાઇ અને નવીનભાઇ પરમાર, સાથે બલાંગીર (ઓરિસ્સા)માં રહેતા ફક્ત એકજ પરિવાર હાજાપર નિવાસી શ્રી સુરેશભાઇ વલમજીભાઇ યાદવના ઘરે ખરેખર ભારતીય સંસ્કૃતીની યાદ અપાવે તેવું અતિથી દેવો ભવઃનું દશ્ય માણ્યું. સંપર્ક સેતુના નેજા હેઠળ આ પ્રવાસમાં અને ટાટાનગરના હાજાપર સમાજ ભવનના દિલેર દાતાશ્રી નાનજી ગોવિંદજી ટાંકના પૌત્ર અને પ્રપૌત્ર શુભેચ્છા મુલાકાત કરી, હાજાપર ગામ અને હાજાપર સમાજભવનની વિસ્તૃત ચર્ચા-વિચારણા કરેલ હતી. અગાઉના પ્રવાસમાં પણ આજ પરિવારોએ રૂપિયા ૫.૨૫ લાખનું માતબર દાન આપેલ હતું.

ફરીથી જમશેદપુર ઘટક તરફથી અન્ય હાજાપરવાસીઓ તરફથી હાજાપર ઘટકના સલાહકાર શ્રી રવિન્દ્રભાઇ ગોવર્ધનભાઇ ટાંક તરફથી વિશેષ ફંડ એકઠું કરી નવીનભાઇને સુપ્રત કરેલ હતું. આ સફળતમ પ્રવાસ દરમ્યાન રાઉરકેલા

નિવાસી મહાસભાના મંત્રી શ્રી કિશોરભાઇ ટાંક, સંબલપુર ઘટક પ્રમુખશ્રી અને પ્રાદેશિક પ્રમુખ શ્રી ઘનશ્યામભાઇ ચૌહાણ, જસવંતભાઇ ચૌહાણ અને મંત્રી શ્રી રાજેશભાઇ પરમાર અને રાંચી મધ્યે ઘટક પ્રમુખ શ્રી સૂર્યકાંતભાઇ રાઠોડ મિલનસાર સ્વભાવ અને સુંદર ચિત્રકાર પેન્ટર શ્રી મહેન્દ્રભાઇ વાઢેરનો વિશેષ સહકાર મળેલ હતો.

પ્રવાસ દરમ્યાન રાઉરકેલા મધ્યે રહેતા મહાસભાના પૂર્વ પ્રમુખ શ્રી ભુપેન્દ્રભાઇ વિશનજીભાઇ પરમાર અને અ.ભા.મહિલા મહામંડળના પૂર્વ પ્રમુખ શ્રીમતી પ્રતિમાબેન ભુપેન્દ્રભાઇ પરમારની મુલાકાત લઇ હાજાપર સમાજ ભવન વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

ધનબાદ મધ્યે ધનબાદ ઘટકના કર્મઠ પ્રમુખ શ્રી નરેશભાઇ ચાવડા અને ધનબાદ ઘટકના મંત્રી શ્રી પિયુષભાઇ વેગડની મુલાકાત કરેલ હતી. આપણા સમાજના સાથે સાથે અ.ભા.ગુજરાતી સમાજના પૂર્વ પ્રમુખ શ્રી પરેશભાઇ રમણીકભાઇ ચૌહાણની શુભેચ્છા મુલાકાત કરી પ્રસંગને અનુરૂપ ચર્ચા-વિચારણા કરી હતી તેમજ ઝોનલ પ્રમુખ શ્રી કિરીટભાઇ રમણીકભાઇ ચૌહાણના સંજોગોવસાત લગ્ન દિવસ હોતાં મુલાકાત અવસર ઉત્સવમાં બદલાઇ ગયો હતો. આ રીતે સંપર્ક સેતુનો પ્રવાસ કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

## અમદાવાદ ઘટક

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અમદાવાદ ઘટક દ્વારા દિવાળી સ્નેહમિલનનું આયોજન તા. ૧૩-૧૧-૨૦૨૨, રવિવારના શ્રી કચ્છ કડવા પાટીદાર વાડી નરોડા મુકામે રાખવામાં આવેલ હતું. સ્નેહમિલન સમારંભ સવારે ૯ થી સાંજના ૭ વાગ્યા સુધી રાખવામાં આવેલ હતું. ઘટકના મહિલા મંડળ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ તથા યુવા મંડળ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ હતું. બપોરના ભોજન સમારંભ મુખ્ય દાતા પ્રફુલભાઇ કરશનભાઇ વાઢેર તરફથી હતો. અમદાવાદ ઘટક દ્વારા સ્નેહમિલન કાર્યક્રમમાં સહયોગ આપવા બદલ દાતાઓનું શાલ ઓઢાળી સન્માન કરવામાં આવેલ હતું. વિદ્યાર્થીઓને ઇનામ તથા મોમેન્ટો આપવામાં આવેલા હતા. સાંજના હળવા નાસ્તાનો આનંદ સર્વે જ્ઞાતિજનોએ લીધો હતો.

# કચ્છી સમાજ ભવન - દ્વારકા દ્વારા દાતાશ્રીઓએ આપેલા દાનની તકતીનું અનાવરણ કરાયું



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના સમાજવાડી સૌથી અધ્યતન અલ્ટ્રા મોર્ડન અને દર વખતે નવા નવા બાંધકામો દ્વારા નવી સુવિધામાં હંમેશા અગ્રેસર રહેતા કચ્છી સમાજ ભવન દ્વારકા નો ફાળો ખૂબ જ અગત્યનો છે. સમગ્ર દ્વારકામાં સૌથી સ્વચ્છ અને સુવિધા સભર સમાજ વાડીમાં આપણી વાળીની ગણના થાય છે. દ્વારકામાં કોઈપણ પ્રસંગ હોય તો દરેક સમાજના લોકો ની પ્રથમ પસંદગી આપણી કચ્છી સમાજ ભવન ની વાડી હોય છે. જો આપણી વાડી બુક હોય તો જ લોકો બીજી વાડી લે છે, આ આપણા દ્વારકા સમાજ ભવનની શાખ છે. આ સાખ મેળવવા માટે કચ્છી સમાજ ભવનના ટ્રસ્ટી મંડળ અને તેમની ટીમ ની મહેનતને આભારી છે.

આપણા સમાજના લોકો માટે અગાઉથી જાણ કરવાથી નિશુલ્ક ઉતારાની વ્યવસ્થા કરી આપવામાં આવે છે અને લોકો પોતાની ઈચ્છા અનુસાર સૌજન્ય ભેટ લખાવે છે. ઈત્તર જ્ઞાતિ માટે પણ ખૂબ જ વ્યાજબી ભાવથી વાડી આપવામાં આવે છે. આવી ચોખાઈ અને સ્વચ્છતા જોઈ ઘર જેવી અનુભૂતિ થાય છે.



આવા જ પાવનધામ પર લોકોની સેવા અને શ્રદ્ધા પણ અવિરત પણે ચાલુ રહેતા સમાજભવનમાં નવી નવી સુવિધા સાથે નવા બાંધકામો થતા જાય છે. સર્વપ્રથમ પ્રભુ પરિસર દ્વારા દાનદાતાના સહયોગથી પ્રથમ માળનું નિર્માણ થયું. ત્યારબાદ સભાગૃહ અને હાલમાં જ એર કન્ડિશન સુવિધા સાથે ગોમતી નદીના રમણીય કિનારે પ્રથમ માળ પર આઠ રૂમો સમાજ





બંધુઓના દાનદાતાથી અર્પિત કરવામાં આવેલા.

હાલમાં આપણા સમાજના અંજારના ચારધામ ભાગવત સપ્તાહના ગ્રુપ દ્વારા દ્વારકા મુકામે સુંદર ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું ત્યારે કચ્છ તથા બહારના આપણા સમાજના મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. આપેલા દાનનો આટલો સુંદર સદઉપયોગ જોઈ આ પવિત્ર ધામમાં યોગદાન આપવાની ઈચ્છા થતા કચ્છના ચાર દાતાશ્રીઓને પ્રેરણા મળતા પ્રતિ દાતાશ્રી દ્વારા રૂપિયા ૫૧,૧૧૧/-નો અનુદાન કચ્છી સમાજ ભવનને અર્પણ કરેલ.

મહાસભાના પ્રમુખશ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા અને તેમની ટીમનો ગુજરાત પ્રાદેશિક સમિતિના અંતર્ગત આવતા ઘટકોને શુભેચ્છા મુલાકાત દરમિયાન દ્વારકા કચ્છી સમાજ ભવનને પણ મુલાકાત હોય કે પ્રમુખ શ્રી પોતે પણ એક નવા રૂમના દાતા તરીકે ₹ ૨,૫૧,૦૦૦ નું અનુદાન પણ આપેલું છે આ શુભ અવસરનો સદુપયોગ કરી ચારે દાતાશ્રીઓની તકતીઓનું અનાવરણ આદરણીય શ્રી યોગેશભાઈ ચાવડા અને મહાસભાના ટીમ હસ્તે કરવાનું નક્કી કરવામાં આવ્યું.

તારીખ ૨૭/૧૧/ ૨૦૨૨ ના રોજ સાંજે કચ્છી સમાજ ભવન ખાતે મહાસભાના પ્રમુખશ્રી અને તેમની ટીમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. કચ્છથી દાતાશ્રીઓ પહેલેથી જ આવી ગયા હતા. સાંજે સમાજના પરિસરમાં દાતાશ્રીઓ, ટ્રસ્ટી મંડળ, દ્વારકા સમાજના સમાજ બંધુઓની અને મહાસભાના પ્રમુખશ્રી અને તેમની ટીમની હાજરીમાં સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. સર્વપ્રથમ મહા સભા ના વરિષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઈ ખોડીયાર એ મહાસભા ના ટીમનું સુંદર સ્વાગત માટે આભાર પ્રગટ કરેલ અને આજના કાર્યક્રમની માહિતી આપી હતી.

સર્વ પ્રથમ અંજાર નિવાસી શ્રીમતી કાંતાબેન કનકસિંહ પઢિયાર દ્વારા અપાયેલ તકતીનું અનાવરણ દાતાશ્રી અને મહાસભાના પ્રમુખશ્રી તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ સ્વર્ગસ્થ શાંતાબેન ભનુભાઈ (ભનુ પેન્ટર) પરમાર અંજારની પુણ્ય સ્મૃતિમાં શ્રીમતી ધનગોરીબેન અને શ્રી મહેશભાઈ પરમાર તરફથી અપાયેલી દાનની તકતીનું અનાવરણ કરવામાં આવ્યું.

ત્યારબાદ સ્વ માતૃશ્રી કાનતાબેન કેશવજીભાઈ ટાંક અંજારની પુણ્ય સ્મૃતિમાં શ્રી રમેશભાઈ કેશવજીભાઈ ટાંક તરફથી અપાયેલા દાન ની તકતીનું અનાવર કરેલ. શ્રીમતી નિર્મલાબેન અને શ્રી પ્રભુલાલ શિવજીભાઈ ચાવડા તરફથી સીડીના બાંધકામ માટે મળેલ અનુદાનની શક્તિનું અનાવરણ કરેલ. મહાસભા ના પ્રમુખશ્રી અને તેમની ટીમની ગરીમામય હાજરીમાં આ કાર્યક્રમ થતાં સૌ દાતાશ્રીઓએ આભાર પ્રગટ કરેલ અને સમાજભવનના વિકાસ માટે આવી પ્રેરણા મળતી રહે તે હેતુસર આ દાન ની પ્રેરણા જરૂર થી લેશે તેવી આશા પ્રગટ કરી અંતમાં શ્રી વિનોદભાઈ ખોડીયાર દ્વારા સૌનો આભાર પ્રગટ કરી સભાગૃહમાં મીટીંગ માટે પ્રયાણ કરવા વિનંતી કરી.

-પરેશ ગોવિંદભાઈ ચૌહાણ રાજકોટ-ઉપપ્રમુખ મહાસભા

પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ
**શ્રી તૃષાર મોહનભાઇ ચૌહાણ**
4, આનંદપાર્ક સોસાયટી, મયુર સોસાયટીની બાજુમાં
વૃંદાવન ક્રોસ રોડ, વાઘોડીયા રોડ,
વડોદરા (ગુજરાત) મો. 9426591239

મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ
**શ્રી અનમોલ મહેન્દ્રભાઇ ટાંક**
એલ.આઇ.જી. ૨૮, લાયનનગર, પહાડ મંદિર રોડ,
રાયગઢ (છ.ગ.) ૪૯૬૦૦૧ મો. 9685469888,
E-mail : kgkyuvamahamandal@gmail.com

Facebook - https://www.facebook.com/KGKYUVAMAHAMANDAL, Instagram - @akhil_bhartiya_yuva_mahamandal


## રાયગઢ યુવા મંડળ





પ્રમુખ



મંત્રી

યુવા મંડળ રાયગઢ દ્વારા નવવર્ષ ૨૦૨૨ના દિવસે સર્વસંમતિથી યુવા મંડળ પ્રમુખની વરણી કરવામાં આવેલ. સત્ર ૨૦૨૨ થી ૨૦૨૫ માટે સર્વે યુવાનો દ્વારા એક મત થઇ શ્રી ચંદન સતીશભાઇ ટાંકને યુવા મંડળ પ્રમુખનું દાયિત્વ સોંપવામાં આવેલ સાથે સર્વે ઉપસ્થિત યુવાનો દ્વારા શ્રી ચંદનભાઇ ટાંકનું સન્માન કરવામાં આવેલ સાથે ચંદનભાઇએ યુવા ઉત્કર્ષના કાર્યો કરવા માટે સર્વેના સહયોગની અપેક્ષા જાહેર કરી. જેમાં શ્રી ચંદન સતીષભાઇ ટાંક - પ્રમુખ, શ્રી વૈભવભાઇ ચૌહાણ - કાર્યકારી પ્રમુખ, શ્રી ચંદ્રેશભાઇ ટાંક - સલાહકાર પ્રમુખ, શ્રી મુંજાલભાઇ ચાવડા, શ્રી અણમોલભાઇ ટાંક - સલાહકાર સભ્ય, શ્રી નિલેશભાઇ ચૌહાણ, શ્રી પુલકભાઇ ચાવડા - ઉપપ્રમુખ, શ્રી ચિન્મય પુનીતભાઇ ચાવડા - મંત્રી, શ્રી પારસ ટાંક, શ્રી નૈતિક સાવરિયા, શ્રી તન્મય રાઠોડ - સહમંત્રી, શ્રી અંકિત સાવરિયા, ખ્યાતિ પરમાર - ખજાનચી, શ્રી રોમિત ચાવડા, રિશી ટાંક, એલિસ સાવરિયા, જયતી ચૌહાણ - ખેલમંત્રી, સંસ્કૃતિ ચૌહાણ, ધરીતિ રાઠોડ, વીની સાવરિયા, વૈભવી સોલંકી - સંસ્કૃતિક મંત્રી, ચાહત ટાંક, ભાવિન વાઘેલા, પ્રગતિ પરમાર - શિક્ષામંત્રી, કપિલ પરમાર, દીપેશ રાઠોડ, અમન સાવરિયા - ડીજીટલ મંત્રી, રાહત ટાંક, જેસલ પરમાર - પ્રચાર-પ્રસાર મંત્રી, જતીન ટાંક, પાર્થ ચાવડા, હિતેશ જેઠવા - સેવા સમિતિ સાથે સંરક્ષક અને કાર્યવાહક સભ્યોની પણ નિમણુંક કરવામાં આવેલ હતી.

## આદીપુર યુવા મંડળ



તા. ૧૧-૧૨-૨૦૨૨, રવિવારના રોજ સાંજે ૫.૦૦ વાગ્યાથી રાત્રે ૧૦.૦૦ વાગ્યા સુધી 'ધ સ્કાય બોક્સ' સુભાષનગર, ગાંધીધામ ખાતે ફેમીલી બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન શ્રી ક.ગુ.ક્ષ. સમાજ આદીપુર યુવા મંડળ દ્વારા આયોજીત કરવામાં આવેલ હતું. આ ટુર્નામેન્ટમાં આદીપુર ઘટકના પુરૂષો, યુવાઓ-યુવતીઓ, મહિલાઓ અને બાળકોએ ભાગ લઇ સર્વે પરિવાર સાથે મળી અને ક્રિકેટ રમ્યા હતા. અને ક્રિકેટની મજા માણી હતી.

પાંચ ટીમ બનાવવામાં આવી હતી અને દરેક ટીમને બબ્બે વાર રમવા મળ્યું હતું. દરેક મેચમાં મેન ઓફ ધી મેચ તથા મેન ઓફ ધી સીરીઝ તથા રનર્સ અપ ટીમને ટ્રોફી તથા વિનર ટીમને મુખ્ય ટ્રોફી આપવામાં આવી હતી અને બેસ્ટ મહિલા પ્લેયર



અને બેસ્ટ પ્લેયર બાળકોમાં પણ ટ્રોફી આપવામાં આવી હતી. સોનલ ટાંક, સૌરભ ચૌહાણ, ભાવિક ટાંક, ધારા ગોહિલ, વંશ ચાવડા અલગ અલગ મેચમાં પ્લેયર ઓફ ધ મેચ રહ્યા હતા. સેમી ફાઇનલ ૧માં આનંદ પરમાર તથા સેમી ફાઇનલ ૨માં નીતિન ટાંક પ્લેયર ઓફ ધ મેચ રહ્યા હતા અને ફાઇનલ મેચમાં ભાવિક ટાંક મેન ઓફ ધ મેચ રહ્યા હતા. તથા બેસ્ટ પ્લેયર મેલ રહ્યા હતા. બેસ્ટ પ્લેયર જુનિયર વંશ ચાવડા તથા બેસ્ટ પ્લેયર ફિમેલ નિધિ ચૌહાણ રહ્યા હતા. આદીપુર રાઇડર્સ ટીમ વિજેતા રહી હતી. આદીપુર રોયલ્સ ટીમ રનરઅપ રહી હતી.

સાંજે પાંચ વાગ્યાથી રાત્રે દસ વાગ્યા સુધી ટુર્નામેન્ટ ચાલી હતી. અને રમતના વચ્ચમાં બ્રેક કરી અને સર્વે સાથે મળીને ભોજનની મજા માણી હતી. બહોળી સંખ્યામાં લોકો રમત જોવા આવ્યા હતા અને આદીપુર ઘટક પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઇ સોલંકી તથા મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી અનિતાબેન ટાંક પણ ક્રિકેટ મેચ નિહાળવા આવ્યા હતા. આદીપુર ઘટક, મહિલા મંડળ તથા શ્રી જતીન ચૌહાણ, શ્રી જે રાઠોડ તથા શ્રી અમિત ચાવડા દ્વારા રાશી યોગદાન મળેલ હતું. ઉપરોક્ત પ્રોગ્રામને સફળ બનાવવા આદીપુર યુવા મંડળની સમગ્ર ટીમે ભારે જહેમત લીધી હતી અને પ્રોગ્રામને સફળ બનાવેલ. ટુર્નામેન્ટ પૂર્ણ થતાં બધા હર્ષોલ્લાસ સાથે છુટા પડ્યા હતા.

## કચ્છ પ્રાદેશિક યુવા મંડળ



કચ્છ પ્રાદેશિક યુવા મંડળ, યુવા ઉત્કર્ષ સમિતિ દ્વારા કાળા ડુંગર પર સાહસિક પ્રવાસનું આયોજન ૧૮.૦૯.૨૦૨૨ ના રોજ થયું હતું. ત્યાં યુવાનો ને ડુંગર પર સાહસિક ટ્રેકિંગ કરાવવામાં આવી, યુવાનોમાં ડર-ભય દૂર થાય અને આત્મવિશ્વાસ વધે તે માટે સાહસિક પ્રવૃત્તિ હેઠળ ડુંગર પર ટ્રેકિંગ કરમાવા આવી, આ સાહસિક પ્રવાસમાં હિરેન ચૌહાણ, જય ભારત, પવન પરમાર, ભરત રાઠોડ, રાજન પરમાર, નીરવ પરમાર, નિકુંજ ચૌહાણ , નિર્મલ ચાવડા, રવિરાજ ચાવડા, ભૂમિબેન, કાજલબેન, કિંજલબેન વગેરે કાર્યકર્તાઓની મહેનતથી આયોજન સફળ રહ્યું હતું. આયોજનમાં કચ્છના યુવા ઉત્કર્ષ સમિતિના ૫૦ જેટલા યુવાનો જોડાયા હતા. જેમાં યુવાનોને સમાજના ઉત્કર્ષ માટે માર્ગદર્શન આપવામાં આવેલ હતું. મંદિરના પ્રાગણમાં ભજન કીર્તન-હનુમાન ચાલીસાનો પાઠ કરવામાં આવ્યો હતો, રમત સાથે ગમત સાથે જ્ઞાનની રમતો રમાડવામાં આવી, બપોરે પંગતમાં બેસીને ભોજન મંત્ર સાથે પ્રસાદી લેવામાં આવી હતી. વિવિધ પ્રવૃતિઓ સાથે વિવિધ રમતો પણ રમાડવામાં આવી હતી. ટ્રેકિંગ દરમિયાન યુવાનો એ ફોટોગ્રાફી પણ કરી હતી.



# શુરાપુરા દાદાના સ્થાનક ધાણેટી મધ્યે હવન કાર્યક્રમ યોજાયો

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના શુરાપુરા દાદાના સ્થાનકે દર વર્ષની જેમ આ વર્ષે પણ કારતક માસની અંધારી ચૌદસના ભુજ તાલુકાના ધાણેટી ગામમાં આવેલ ચૌહાણ, પરમાર, સોલંકી અને રાઠોડના શુરાપુર દાદાના પાળીયાઓના સ્થળે હવનનું આયોજન શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીના મુખ્ય યજમાન પદે કરવામાં આવેલ હતું.

હવનવિધીમાં શ્રી જેન્તીલાલ મોહનભાઇ ચૌહાણ - નાગોર, શ્રી ગોવર્ધનભાઇ શાંતિલાલભાઇ રાઠોડ - આદિપુર, શ્રી સતિષભાઇ મોહનભાઇ રાઠોડ - માધાપર અને શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - માધાપરને શ્રી પરેશભાઇ શાંતિલાલભાઇ ત્રિવેદીએપૂજા તેમજ હવનવિધી કરાવેલ હતી. આ પ્રસંગે 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી તરફથી ગાયોને નિરણ સુકો કડબનો ચારો તેમજ ધાણેટી ગામની કુમાર શાળા - કન્યા શાળા અને બોર્ડીંગના બાળકોને તેમજ પધારેલ સૌ



સમાજના ભાઇ-બહેનો અને ભક્તોને મહાપ્રસાદ આપવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં શ્રી મોહિતભાઇ વી. સોલંકી, શ્રી જયમિતભાઇ એમ. સોલંકી તેમજ શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના ભાઇઓએ તમામ કાર્યમાં પૂરો સહકાર આપેલ તે સૌનો આભાર માનવામાં આવેલ હતો.

# સિનીયર સિટીઝન ક્લબ - ગાંધીધામ




શ્રી કે.જી.કે. સમાજ સિનીયર સિટીઝન ક્લબ - ગાંધીધામની કારોબારી સમિતિની મીટીંગમાં પ્રવાસનું આયોજન કરવામાં આવેલ હતું. તે અંતર્ગત તા. ૧૫-૧૧-૨૦૨૨, મંગળવારના ભુજ ભુજીયો ડુંગર સ્મૃતિવનમાં ભુકંપ પ્રદર્શન અને લાઇવ શો તથા કલ્યાણેશ્વર મહાદેવ, શેખપીર પાસે સિનીયર સિટીઝન એસોસીએશન - કુકમાના વાર્ષિક પ્રોગ્રામમાં ભાગ લેવાનું નક્કી કરવામાં આવેલ. તા. ૧૫-૧૧-૨૦૨૨, મંગળવારના સિનીયર સિટીઝન ક્લબ - ગાંધીધામનો પ્રવાસ ગાંધીધામ સમાજ ભવથી લકઝરી બસથી રવાના થઇ ગાંધીધામ-આદીપુરના સભ્યોએ ભુજમાં ભુજીયા ડુંગરમાં સ્મૃતિવન વિભાગ પ્રદર્શનના સાત વિભાગ અને બીજી તરફ



સાયન્સ પ્રદર્શનના છ વિભાગની મુલાકાત લીધી હતી. સાયન્સ વિભાગ પ્રદર્શનમાં સ્પેશ, મરીન, સોલાર, બોનસાઇન છોડ, ઇલેકટ્રોનિક્સ વિભાગ વગેરેમાં ખુબજ જાણવાનું અને જોવાનું મળ્યું હતું. સ્મૃતિવન વિભાગ પ્રદર્શન-ભુકંપ પ્રદર્શનમાં કચ્છમાં ભુકંપ આવ્યો તે માહિતગાર કરાવ્યો અને ભુકંપનો વિડિયો બતાવેલ. બપોરે જમ્યા બાદ કુકમા પાસે કલ્યાણેશ્વર મહાદેવ મંદિરમાં સિનીય સિટીઝન એસો. કુકમાના વાર્ષિક પ્રોગ્રામમાં ભાગ લીધો હતો. કુકમા અને ગાંધીધામ - સિનીયર સિટીઝન ક્લબના સભ્યોની એક સંયુક્ત મીટીંગ યોજવામાં આવી હતી. સિનીયર સિટીઝન માટેની પ્રવૃત્તિઓ વિષે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ત્યાર બાદ ઘણી ગેમ્સ રમાડવામાં આવી હતી અને વિજેતાઓને ઇનામ આપવામાં આવેલ. સાંજે જમ્યા બાદ બસમાં ગાંધીધામ-આદીપુર બધાય હર્ષોલ્લાસ સાથે પાછા આવી ગયા હતા. આ પ્રવાસને સફળ બનાવવા પ્રમુખ શ્રી પ્રભુલાલભાઇ પરમાર, પ્રવાસ મંત્રી પ્રવિણભાઇ ચૌહાણ, મંત્રી શ્રી યશવંતભાઇ પરમાર અને કુકમાના પ્રમુખ શ્રી મોહનભાઇ ચૌહાણ તેમજ બધાય હોદ્દેદારોએ ભારે જહેમત ઉઠાવી હતી અને પ્રવાસને સફળ બનાવેલ હતો.

# તરાના કેજીકે મ્યુઝિક ગ્રુપ



શ્રી કેજીકે સમાજનું સર્વ પ્રથમ મ્યુઝિક વ્હાટ્સએપ ગ્રુપ, જે ફેબ્રુઆરી ૨૦૧૮થી નિરંતર કાર્યરત્ છે તેનું અવિસ્મરણીય મિલન સમારોહ, દુર્ગ મધ્યે પીસેગાંવ ફાર્મમાં તારીખ ૧૧. ૧૦. ૨૨ ના દિવસે આયોજિત કરવામાં આવ્યું હતું. ગ્રુપના સંસ્થાપક શ્રી મોહનભાઈ રતિલાલભાઇ ચૌહાણ તથા શ્રીમતી કોમલબેન મોહનભાઈ ચૌહાણના છત્તીસગઢ પ્રવાસ દરમિયાન તેમની પ્રેરણાથી તરાના એડમીન શ્રી દિનેશભાઈ ખીમરાજભાઈ પરમાર, શ્રી દિલીપકુમાર પ્રાગજીભાઈ પઢીયાર અને દુર્ગના તરાના સદસ્ય શ્રીમતી ઝરનાબેન હુલ્લાસભાઈ ટાંક તેમજ વડીલશ્રી ગીરીશભાઈ જયંતીલાલભાઈ ટાંકના મૂળભૂત પ્રયાસથી આયોજિત કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં, તરાનાના સંરક્ષક શ્રી ધીરુભાઈ શામજી પરમાર - રાયપુરનો પૂરેપૂરો સહકાર તથા માર્ગદર્શન મળેલ હતો. ઉપરોક્ત કાર્યક્રમને સાકાર કરવા માટે વિશેષ સહયોગ રૂપે પ્રાયોજક હતા શ્રી ધીરુભાઈ શામજી પરમાર, શ્રી દિલીપ કુમાર પ્રાગજીભાઈ પઢીયાર, શ્રી કિશોરભાઈ નાનાલાલભાઈ ચાવડા, શ્રી ખુશાલભાઈ કેશવજીભાઈ રાઠોડ, શ્રી ચંદ્રેશભાઇ નરભેરામભાઇ પરમાર, શ્રી નરેશભાઈ કાંતિલાલભાઈ ચૌહાણ, શ્રીમતી હેમાબેન હરીશભાઈ ચાવડા, શ્રીમતી ઝરનાબેન હુ લ્લાસભાઈ ટાંક તથા સહપ્રયોજક રૂપે શ્રીમતી શર્મિલાબેન ભુપેશભાઈ ચાવડા. આપ સર્વેનો આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો. કાર્યક્રમમાં સ્વાદિષ્ટ નાસ્તો તથા બપોરના ભોજનની સુંદર વ્યવસ્થા તેમજ સુંદર વોટર પ્રુફ મંડપની વ્યવસ્થા માટે શ્રી હુલાશભાઇ ટાંકનો આભાર માનવામાં આવેલ. સમારોહની વિશેષતાઓ :- આ તરાના મિલનની વિશેષ છટા હતી કે કાર્યક્રમ શ્રી ગિરીશભાઈ જયંતીલાલભાઈ ટાંકના બગીચામાં તેમના વિશેષ આગ્રહથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ માત્ર એક દિવસનો હોવા છતાં કાર્યક્રમનો આનંદ લેવા દૂર થી મહાનુભાવો પધાર્યા હતા જેમાં ભુવનેશ્વરથી શ્રીમતી લીલાબેન જેઠવા, રાઉરકેલાથી શ્રી દિનેશભાઈ પરમાર, નાગપુર થી શ્રી દિનેશભાઈ ચૌહાણ, દિલ્હીથી શ્રીમતી અનુબેન સોલંકી, બાલાઘાટ થી દીપિકાબેન ટાંક અને ગોંદીયા થી શ્રી મિતેશભાઇ પરમાર. ભવ્ય સ્વાગત સમારોહ , દીપ પ્રજવ્લન, સ્વાગત ગીત તથા ગણેશ વંદના (મનોરમ નૃત્ય સાથે) જેવા સુંદર કાર્યક્રમ પશ્ચાત વિશેષ અતિથિઓને શ્રી દિલીપભાઈ એ સન્માન સંબોધિત કર્યા તથા શ્રી ધીરુભાઈ પરમાર દ્વારા સુંદર મધુર શબ્દ પુષ્પો દ્વારા કાવ્ય દ્વારા તરાના સંસ્થાપક શ્રી મોહનભાઈ ચૌહાણ, શ્રીમતી કોમલબેન ચૌહાણ, શ્રી ગિરીશભાઈ અને રશ્મિબેન ટાંક, ભજન સમ્રાટ શ્રી મિતેશભાઇ અને મીલીબેન પરમાર, શ્રીમતી લીલાબેન જેઠવા, શ્રી દિનેશભાઈ પરમાર તથા શ્રી દિનેશભાઈ ચૌહાણ નું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ ની વિશેષ આભારૂપે સર્વે સદસ્યોને સ્વ પરિચય માટે શ્રી દિલીપભાઈ પઢીયાર દ્વારા તથા શ્રી ખુશાલભાઈ રાઠોડ દ્વારા આમંત્રિત કરવામાં આવેલ. આ સ્વપરિચયની વિશેષતા હતી કે એક એક પરિચય આપતા સદસ્યો સાથે બન્ને સંચાલકોને મધુર મધુર સંવાદો તથા અનેરી શેરો શાયરી દ્વારા સ્વાગત તથા ઉત્સાવર્ધન કરતા હતા, જેની વારંવાર તાળીઓથી ઉમંગભેર ઉત્સવનું સર્જન થયું હતું. કાર્યક્રમના ઇન્દ્રધનુષ જેવા રંગારંગ કાર્યક્રમની ફોટોગ્રાફી માટે શ્રી દિનેશભાઈ ચૌહાણ નાગપુર નું વિશેષ આભાર માનવામાં આવ્યો હતો. મધ્યાન્હ પછીના કાર્યક્રમોમાં અંતાક્ષરી નું અતિ સુંદર, મધુર તથા સંગીતમય સંચાલન કરતા હતા શ્રીમતી હેમાબેન ચાવડા, શ્રીમતી ઝરનાબેન ટાંક અને કુમારી પલક પરમાર. અંતાક્ષરીની વિશેષતા હતી કે સર્વે સદસ્યોને ગાવાનો અવસર આપવામાં આવ્યો , જેથી વાતાવરણ આનંદ અને સંગીતથી સરાબોર થયેલ, ભજન સમ્રાટ શ્રી મિતેશભાઇ અને મિલિબેન પરમાર દ્વારા ધૂમધામ થી ધુઆધાર સંગીતમય ગાયન દ્વારા ગરબા રાસ નો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો જેમાં દરેક સદસ્યો ઝૂમી ઊઠ્યા હતા તથા ખૂબ આનંદની વર્ષા થયેલ હતી. સમાપન તથા ધન્યવાદ જ્ઞાપન એડમીન શ્રી દિનેશભાઈ પરમાર રાઉરકેલા દ્વારા કરવામાં આવ્યું હતું.



# સંબંધોમાં ધૈર્યતા અનિવાર્ય

એક મિત્રએ બીજા મિત્રને કહ્યું, યાર ચાલ આજ રાજુને મળવા જઇએ. બીજા મિત્રએ સ્પષ્ટતા કરતા કહ્યું, વિચાર તો સારો છે પરંતુ એને ફોન કર્યા વગર ન જાવું જોઇએ. એની અનુકૂળતા અને પ્રતિકૂળતા તો જાણી લેવી જોઇએ. પહેલા મિત્રએ કહ્યું, યાર, જે નજીકના હોય એને પૂછવાનું ન હોય...!

મનુષ્યને બીજાના માથે પડવાની કળા શિખવી પડતી નથી. વધુ પડતા અધિકારો મનુષ્ય પોતે ભોગવી લેવા ઇચ્છે છે. વધુ સગવડતા મનુષ્યનું ગૌરવ ઓછું કરી દે છે જ્યારે દુવિધા ક્યારેક એવું મહત્વ વધારવા માટે નિમિત્ત બની જાય છે. અતિથિ શબ્દ અતિ પ્રાચીન સમયથી પ્રચલિત છે. કાર્યક્રમના આમંત્રણ પત્રિકામાં 'અતિથિ વિશેષ' જેવો હાસ્યાસ્પદ શબ્દ બીજો કોઇ નથી. રૂબરૂ કે પત્ર દ્વારા અથવા ફોન દ્વારા જે તારીખ ઉપર હાજર રહેવાનું કહેવામાં આવે એ વ્યક્તિને વિશેષ 'અ–તિથિ' કેમ કહી શકાય ?વાસ્તવમાં તો તેને 'સતિથિ' કહેવાય.

એક જમાનામાં જ્યારે સંદેશા કે વાહન વ્યવહારની સગવડ ન હતી ત્યારે મહેમાન અચાનક પહોંચી આવતા ત્યારે કોઇ તિથિ–તારીખ નક્કી ન હોવાથી આવનાર મહેમાનને 'અ–તિથિ' કહેવાનો રિવાજ પડી ગયો. આજ તો સંદેશા અને વાહન વ્યવહાર એટલો ઝડપી બની ગયો છે છતાં મનુષ્ય કોઇને જાણ કર્યા વિના કોઇપણ સમયે પહોંચી જાય છે. સોમવાળાનો કેવો મૂડ છે તેની પરવા કર્યા વગર પોતાની વાત એના ઉપર થોપવાનું ચાલુ કરી દે છે. કેટલાક લોકો પોતાનું કામ કઢાવવા નજકપણાંનું નાટક ખૂબીપૂર્વક કરી જાય છે. એવા ચાલાક લોકોની દુનિયામાં કમી નથી. નજીકપણું એક વાત છે પરંતુ ખુશામત કે સ્વાર્થ માટે નજીકપણાનું નાટક કરવું બીજી વાત છે. **દૂર હોવા છતાં ઉગતા સૂર્યને સૌ પૂજે છે પરંતુ જ્યારે મધ્યાહને નજીક આવે છે ત્યારે એજ સૂર્ય ગરમીમાં ત્રાહિમામ કરાવી દે છે.** ચોમાસામાં લગાતાર વરસાદ થતો હોય ત્યારે સૂર્યને ગેરહાજરી અકળાવી દે છે. એમ થાય કે ક્યારે સૂર્ય નિકળે... ! લોકો ઉપયોગીતાના માપ ઉપર જ મનુષ્યની હાજરી અને ગેરહાજરની ઇચ્છા રાખે છે. બજારમાં જે વસ્તુ સરળતાથી ઉપલબ્ધ હોય એની વેલ્યુ ઓછી ગણાય છે પરંતુ જે વસ્તુની અછત થઇ જાય તો એની માંગ પણ વધે છે અને વેલ્યૂ પણ વધે છે. **સંબંધ કે ઓળખાણ અમૃત જેવા આમવૃક્ષ સમાન છે. એના ફળ ઉતાવડે ખાઇએ તો ખાટા લાગે. એમાં ધૈર્યતા રાખવી જરૂરી છે તો જ સંબંધમાં મીઠાશ આવે છે.**

રોબર્ટ ગ્રેનું ઉદાહરણ અહીં બંધબેસતું લાગે છે. અઢારે અંગ વાંકા એવા ઊંટ જ્યારે પહેલીવાર કોઇ મનુષ્યને દેખાયો હશે ત્યારે ભાગ્યો હશે ! બીજીવાર દેખાયો હશે ત્યારે જરા થોભીને કુતુહલપૂર્વક જોવા લાગ્યો હશે અને ત્રીજીવાર દેખાયો હશે ત્યારે નજીક જઇ રસ્સીથી બાંધી લીધો હશે. પ્રત્યેક ઘટનાને વિવેકપૂર્ણ દ્દષ્ટિથી જોવાને કારણે તે સફળ થયો. **વ્યવહારમાં મનુષ્ય પ્રેમપૂર્વક સંબંધ પરિપક્વ થવા સુધીનું ધૈર્ય નથી રાખતો. સ્નેહ અને પ્રેમ મેળવવા માટે સંબંધને કલ્પવૃક્ષની જેમ પોતાની ઇચ્છાઓ પૂરી કરવાનું સાધન ન બનાવવું જોઇએ. પ્રેમના સંબંધોને સ્વાભાવિક રીતે જ વિકસવા દેવો જોઇએ. સંબંધ સાચવવાની પણ આચારસંહિતા છે. અતિ નજીકપણું હોય તો પણ સમજદારીપૂર્વક અંતર રાખવું જરૂરી છે**. કોઇ એક ઘટનાના આધારે સંબંધ કે સગાસંબંધીઓનું મૂલ્યાંકન ન કરવું જોઇએ. જે લોકો તકવાદી હોય, માત્ર લાભ લેવાનું જ જાણતા હોય તેનાથી દૂરી રાખવી સારી. એટલું વધુ પડતું નજીકપણું પણ ન રાખવું જેથી સામેવાળાના વ્યક્તિગત જીવનની સ્વતંત્રતામાં બાધા પડે. આપણે પોતે જ પોતાની પવિત્રતા અને ખુશીઓ બનાવી રાખીએ. બીજા પાસેથી ખુશી મળે એવી ઇચ્છા કે આધાર ન રાખીએ.

**– વંદનાબેન મહેશભાઇ ચૌહાણ – માધાપર**

મૈનેં ભારતવર્ષ કે ઈતિહાસ કે પન્ને પર 'ગુરૂ આશ્રમ' શબ્દ તો સુના થા કિન્તુ 'વૃદ્ધાશ્રમ' નહીં ! હમારે દેશ કી ભાવી પીઢી ઈસ પાશ્ચાત્ય દેશકી શૈલી મેં લિપ્ત ઈતને ગૂંગે-બહરે હો ચૂકે હૈં કિ ઉન્હે અપને વૃદ્ધ માતા-પિતા કે ન મન કી ભાવનાયેં નજર આ રહી હૈ, ન ઉનકે દિલ કા દર્દ સુનાઈ પડ રહા હૈ.

## વૃદ્ધાશ્રમ

લગતા હૈ નવયુવકોંને ખબ તજી હુઈ હૈ શરમ,
તભી ગલી-મોહલ્લોંમેં ખુલ ગએ હૈ વૃદ્ધાશ્રમ.
સ્નેહ સારા ન્યોછાવર કર, માના આંખો કા તારા,
ઉન્હીં બૂઢી આંખો સે બહતી, અબ દુઃખ કી અશ્રુધારા.
ખિલા નિવાલે હાથોં સે તુજકો, પાતે થે અપાર તૃપ્તિ,
દે ન પાયે દો રોટી તુમ, ક્યારે કરોગે સબ સંપત્તિ ?
હર પલ તેરે સંગ ચલે જો, બન તેની પરછાઈ,
ઢૂંઢે લડખડાતી ટાંગે, અબ ક્યોં સહારા કોઈ ?
માં કી મમતા, પિતા કા પ્યાર તુજ પે બડે હૈ કર્જ,
ખુદગર્જી મેં અંધે હોકર, બિસર ગએ સબ ફર્જ.
જિસ ઘર પે ન મિલ પાયે, બુઝુર્ગો કો સમ્માન,
ઈશ્વર બસે ન કભી વહાં પર, વો બસ હૈ મકાન.
નહીં અપેક્ષા તુમસે કિ તુમસે ફ્રિમ બનો શ્રવણકુમાર,
રાવણ, કંસ બનકર ક્યા સબ ભૂલ ગએ સંસ્કાર ?
ઔલાદ ભી તુમ્હારી અબ તો, પાયેગી યહી ધરોહર,
છોડા થા જહાં માતા-પિતા કો, તુમ ભી પહુંચોગે વહીં પર.

– અંજૂ રાઠૌર – ચાઈબાસા

## જીંદગી કિતાબ હોતી



કાશ જિંદગી સચમુચ કિતાબ હોતી,
પઢ સકતી મૈં કી આગે ક્યા હોગા ?
ક્યાં પાઉંગી, ઔર ક્યા દિલ ખોએગા ?
કબ થોડી ખુશી મિલેગી, કબ દિલ રોએગા ?
કાશ જિંદગી સચમુચ કિતાબ હોતી
ફાડ સકતી મૈં ઉન લમ્હોં કો
જિન્હોંને મુઝે રૂલાયા હૈ
જોડતી કુછ પન્ને જિનકી
યાદોં ને મુઝે હંસાયા હૈ
હિસાબ તો લગા પાતી કિતના
ખોયા ઔર કિતના પાયા હૈ ?
કાશ જિંદગી સચમુચ કિતાબ હોતી
વક્ત સે આંખે ચુરાકર પીછે ચલી જાતી
ટૂટે સપનો કો ફિર અરમાનોં સે સજાતી
કુછ પલ કે લિએ મૈં ભી મુસ્કુરાતી
કાશ જિંદગી સચમુચ કિતાબ હોત ।

ગ્રીશા પરમાર - માધાપર

# 'સેતુ સમાજ સંદેશ' ખાસ સુચના

**'સેતુ સમાજ સંદેશ'નો અંક દર મહિનાની ૨જી તારીખે પોસ્ટ કરવામાં આવે છે.**


'સેતુ સમાજ સંદેશ' નો અંક ન મળવાની ફરીયાદ આવતા મહિનાની ૧લી તારીખ બાદ કરવાની રહેશે. એટલે કે જે સમાજબંધુઓને જાન્યુઆરી'૨૦૨૩નો અંક ન મળ્યો હોય તેમણે અંક ન મળવાની ફરીયાદ તા. ૦૧/૦૨/૨૦૨૩ પછી કરવાની રહેશે. પોસ્ટીંગની અનિયમીતતાને કારણે અંક વહેલો-મોડો મળી શકે છે. તેથી સર્વે સમાજબંધુઓને વિનમ્ર વિનંતી છે કે આ બાબતે અમોને આપનો સંપૂર્ણ સહકાર આપશો.

**અંક ન મળવાની ફરીયાદ માટે ફોન-કોલ કરવાની જરૂરત નથી.** આપે માત્ર **વોટ્સએપ** દ્વારા અથવા તો **ટેક્સ મેસેજમાં આપના ગ્રાહક નંબર, આપનું પુરૂં એડ્રેસ અને જે માસનો અંક નથી મળ્યો તેની વિગતો અને આપનો કોન્ટેક્ટ નંબર નીચે દર્શાવેલ મોબાઈલ નંબર પર મોકલી આપશો.** જેથી આપને અંક મોકલવા માટેની વ્યવસ્થા કરવામાં આવશે. અંક ન મળવા બાબતે ફોન કરવો આવશ્યક નથી.

**વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર - માનદ્ તંત્રીશ્રી**
મો. ૯૪૦૮૨૪૪૬૪૪

**હિતેશ ભોગીલાલ ચૌહાણ - અધ્યક્ષ સેતુ સમાજ સંદેશ**
મો. ૯૯૦૯૦૬૯૦૫૭

# અનંતની યાત્રાએ...



રાજનાંદગાંવ (નાગલપર) નિવાસી શ્રી લાલજીભાઇ ખેંગારભાઇ રાઠોડ (ઉ.વ.૮૦)નું તા. ૧૬-૧૦-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



દુર્ગ (નાગલપર) નિવાસી શ્રીમતી મંજુલાબેન નારાયણભાઇ રાઠોડ (ઉ.વ.૭૨) નું તા. ૦૬-૧૨-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



દુર્ગ (અંજાર) નિવાસી શ્રીમતી ગીતાબેન અમૃતલાલભાઇ જેઠવા (ઉ.વ.૭૧)નું તા. ૨૧-૧૨-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



દુર્ગ (ખંભરા) નિવાસી શ્રી પ્રમોદકુમાર રામજીભાઇ ચાવડા (ઉ.વ.૮૧)નું તા. ૨૬-૧૧-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.




રાયપુર (માધાપર) નિવાસી શ્રી અમિતભાઇ પ્રકાશભાઇ રાઠોડ (ઉ.વ.૨૭)નું તા. ૨૨-૧૧-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



રાયપુર (ખેડોઇ) નિવાસી શ્રી કલ્યાણજીભાઇ અરજણભાઇ રાઠોડ (ઉ.વ.૮૫)નું તા. ૨૮-૧૧-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



અંતરજાળ (દેવળીયા) નિવાસી શ્રી કાંતિલાલભાઇ દેવરામભાઇ ટાંક (ઉ.વ.૮૪)નું તા. ૨૧-૧૧-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



અંજાર નિવાસી શ્રી રતિલાલભાઇ મુળજીભાઇ ખોડિયાર (ઉ.વ.૭૬) મંત્રીશ્રી અંજાર ઘટકનું તા. ૦૫-૧૨-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



અંજાર (ખંભરા) નિવાસી શ્રીમતી નિર્મળાબેન લીલાધરભાઇ ટાંક (ઉ.વ.૮૦)નું તા. ૦૫-૧૨-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



કુકમા નિવાસી ગં.સ્વ. કલાવંતીબેન કાંતિલાલભાઇ પરમાર (ઉ.વ.૭૮)નું તા. ૦૫-૧૨-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



નાગલપર (સિનુગ્રા) દ્વારકાના ગં.સ્વ. પ્રેમકુંવરબેન બાબુલાલભાઇ વાઢેર (ઉ.વ.૯૦)નું તા. ૧૦-૧૨-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



નાગલપર નિવાસી ગં.સ્વ. ચંપાબેન હિરજીભાઇ ચૌહાણ (ઉ.વ.૭૮)નું તા. ૧૩-૧૨-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



નાગલપર નિવાસી ગં.સ્વ. નિર્મળાબેન નાનાલાલભાઇ ચૌહાણ (કાચા) (ઉ.વ.૭૧)નું તા. ૧૩-૧૨-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



અંજાર નિવાસી શ્રીમતી પુજાબેન નિલેશભાઇ રાઠોડ (ઉ.વ.૨૫)નું તા. ૨૪-૧૧-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.

# અનંતની યાત્રાએ...



સિનુગ્રા (દેવળીયા) નિવાસી શ્રી ગોવિંદભાઇ ભવાનભાઇ ચાવડા (ઉ.વ.૮૫)નું તા. ૨૪-૧૧-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



મુન્દ્રા (ચંદિયા) નિવાસી શ્રી જેન્તીભાઇ દેવશીભાઇ ચાવડા (ઉ.વ.૬૭) (મહાસભાના માનદ્ સભ્ય ભોગીલાલભાઇ ચાવડાના ભાઇ)નું તા. ૨૬-૧૧-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



કુકમા નિવાસી શ્રી પ્રાણલાલ જીવણલાલ ટાંક (ઉ.વ.૭૪)નું તા. ૩૦-૧૧-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



કુકમા (રેહા) નિવાસી શ્રી પરેશભાઇ ગોપાલભાઇ ચૌહાણ (ઉ.વ.૫૬)નું તા. ૦૪-૧૨-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



કેંજોરગઢ (સિનુગ્રા) નિવાસી ગં.સ્વ. હરિકુંવરબેન નવિનચંદ્ર ચાવડા (ઉ.વ.૮૯)નું તા. ૨૨-૧૧-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



સુરેન્દ્રનગર (અંજાર) નિવાસી ગં.સ્વ. સવિતાબેન કાનજીભાઇ પરમાર (ઉ.વ.૭૨) નું તા. ૦૫-૧૨-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



દુર્ગ (દેવળીયા) નિવાસી શ્રીમતી મીનાબેન હિંમતભાઇ મારૂ (ઉ.વ. ૬૭)નું તા. ૨૧-૧૧-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.




પુના (સિનુગ્રા) નિવાસી શ્રી ચંદ્રકાંતભાઇ પ્રેમજીભાઇ ચૌહાણ (ઉ.વ.૭૫) નું તા. ૧૨-૧૨-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



પુના (ખંભરા) નિવાસી શ્રી રમેશભાઇ જીવરામભાઇ રાઠોડ (ઉ.વ.૭૯)નું તા. ૦૪-૧૨-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



પુના (સિનુગ્રા) નિવાસી શ્રી દિલીપભાઇ ચીમનભાઇ ચાવડાનું તા. ૧૩-૧૨-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



પુના (કુંભારીયા) નિવાસી શ્રી ગજેન્દ્રભાઇ પ્રભુલાલભાઇ ચૌહાણ (ઉ.વ.૭૨) નું તા. ૧૩-૧૨-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



પુના (કુંભારીયા) નિવાસી ગં.સ્વ. શાંતાબેન ત્રંબકલાલ ચૌહાણ (ઉ.વ.૯૫)નું તા. ૧૩-૧૨-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



નાગલપર નિવાસી શ્રી જાદવજીભાઇ નાનજીભાઇ ટાંક (ઉ.વ.૯૦)નું તા. ૧૮-૧૨-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.



આબુરોડ (સિનુગ્રા) નિવાસી શ્રી રાજારામભાઇ રણછોડભાઇ ટાંક (ઉ.વ.૭૯) નું તા. ૨૨-૧૧-૨૦૨૨ના રોજે અવસાન થયેલ છે.

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. નટવરલાલભાઈ માવજીભાઈ પરમાર

જન્મ તા. ૧૯-૦૩-૧૯૪૪ સ્વ. તા. ૨૪-૧૧-૨૦૨૨
દેશમાં ગામ : કુકમા, હાલ મુકામ : નંદુરબાર (મહારાષ્ટ્ર)

આપના સરલ સ્વભાવ, પરોપકારના કાર્યો કરીને જીવન ધન્ય બનાવી ગયા તમે, આપની ધર્મભાવના, કુટુંબ પ્રેમ, સાદું જીવન, પ્રમાણિકતા અમોને પ્રેરણા આપતી રહેશે. પરમકૃપાળુ ભોળાનાથ શિવશંકર આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે અને પરમધામમાં સ્થાન આપે એવી પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

ગં.સ્વ. હિરાબેન નટવરલાલભાઈ પરમાર (પત્ની)
ગોરધનભાઈ માવજીભાઈ પરમાર (મોટાભાઈ)
ભાગીરથીબેન પ્રવિણભાઈ પરમાર (વહુ-નાનાભાઈ)
ગંગાબેન સહદેવભાઈ પરમાર (વહુ-નાનાભાઈ)
રિતુબેન વિજયભાઈ પરમાર (પુત્રવધુ-પુત્ર)
કશિશ વિજયભાઈ પરમાર (પૌત્રી)
કલ્પેશભાઈ સહદેવભાઈ પરમાર (ભત્રીજા)
મિતાલી સહદેવભાઈ પરમાર (ભત્રીજી)
દિલીપ પ્રવિણભાઈ પરમાર (ભત્રીજા)
નિતોબન સ્વ. પ્રકાશભાઈ ચૌહાણ (દિકરી-જમાઈ) અમદાવાદ
ઉષાબેન દિપકકુમાર ચાવડા (દિકરી-જમાઈ) અમદાવાદ

**સમસ્ત પરમાર પરિવારના જયશ્રી મોમાઈ માતાજી**

વિજયભાઈ નટવરલાલભાઈ પરમાર (પુત્ર)
નંદુરબાર ઘટક મંત્રી - મો. ૯૦૨૧૪૨૪૬૮૩
રિતુબેન વિજયભાઈ પરમાર (પુત્રવધુ)
નંદુરબાર મહિલા મંડળ મંત્રી - મો. ૮૭૯૯૯૮૦૪૭૬

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. રાજારામભાઈ રણછોડભાઈ ટાંક

અવતરણ : ૧૦-૦૬-૧૯૪૩ સ્વ.તા. ૨૨-૧૧-૨૦૨૨
દેશમાં ગામ : સિનુગ્રા, હાલ મુકામ : આબુરોડ (રાજસ્થાન)

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।
ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ ॥

આપના ઉચ્ચ વિચારો, ધર્મભાવના, નિષ્કપટ સ્વભાવ અમોને પ્રેરણા આપતા રહેશે. પરમકૃપાળુ પરમાત્મા આપની દિવ્ય આત્માને શાંતિ, સદ્ગતિ પ્રદાન કરી મોક્ષ આપે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

સ્વ. જમનાબેન તથા સ્વ. રણછોડભાઈ આણંદા ટાંક - માતા-પિતા
ગં.સ્વ. જ્યોતિબેન રાજારામભાઈ ટાંક - પત્ની
આરતીબેન યશવંતભાઈ રાજારામભાઈ ટાંક - પુત્રવધુ-પુત્ર
પુનિત યશવંત ટાંક - પૌત્ર
ભાવના(બેના)બેન ભુપેન્દ્રભાઈ રાજારામભાઈ ટાંક - પુત્રવધુ-પુત્ર
મનન ભુપેન્દ્રભાઈ ટાંક - પૌત્ર
રીમા(રંજના)બેન આશિષભાઈ ચાવડા - પુત્રી-જમાઈ
અક્ષિતા ધવલ વેગડ - દૌહિત્ર-જમાઈ
નિત્યા, મહેક, હિતાંશ - દૌહિત્રી-દૌહિત્ર
સ્વ. મંજુલાબેન સ્વ. મોહનભાઈ રણછોડભાઈ ટાંક - ભાભી-ભાઈ
વર્ષાબેન વિજયભાઈ મોહનલાલ ટાંક - પુત્રવધુ-પુત્ર
દક્ષ વિજયભાઈ ટાંક - પૌત્ર
મોનાબેન મુકેશભાઈ મોહનલાલ ટાંક - પુત્રવધુ-પુત્ર
અવનિ, પ્રથમ - પૌત્રી-પૌત્ર
ગં.સ્વ. આશાબેન સ્વ. ગીરીશભાઈ રાઠોડ - પુત્રી-જમાઈ
તેજલ ગીરીશભાઈ રાઠોડ - દૌહિત્રી
ગં.સ્વ. કમળાબેન સ્વ. દાલચંદ રણછોડભાઈટાંક - ભાભી-ભાઈ
જ્યોત્સનાબેન સુરેશકુમાર - પુત્રી-જમાઈ
જ્યોતિબેન પ્રકાશભાઈ દાલચંદ ટાંક - પુત્રવધુ-પુત્ર
ધ્રુવાન્સી પ્રકાશભાઈ ટાંક - પૌત્રી
સ્વ. ભાગીરથીબેન સ્વ. અમૃતલાલ ખોડિયાર - બહેન-બનેવી
ખુશાલભાઈ, પ્રકાશભાઈ, મયુરભાઈ - ભાણેજ
વનિતાબેન, ગીતાબેન - ભાણેજી
કાન્તાબેન જાદવજીભાઈ ચૌહાણ - બહેન-બનેવી
રાજુભાઈ, જીતુભાઈ - ભાણેજ

**તથા સમસ્ત ટાંક પરિવાર**

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. રતિલાલભાઈ મુળજીભાઈ ખોડિયાર

**સ્વર્ગવાસ : માગસર સુદ-૧૩,**
**તા. ૦૫/૧૨/૨૦૨૨, સોમવાર (દબડા-અંજાર)**

આપના સરલ સ્વભાવ, પરોપકારના કાર્યો કરીને જીવન ધન્ય બનાવી ગયા તમે, આપની ધર્મભાવના, કુટુંબ પ્રેમ, સાદું જીવન, પ્રમાણિકતા અમોને પ્રેરણા આપતી રહેશે. પરમકૃપાળુ ભોળાનાથ શિવશંકર આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે અને પરમધામમાં સ્થાન આપે એવી પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

| | |
|---|---|
| ગં.સ્વ. રસીલાબેન રતિલાલભાઈ ખોડિયાર | - ધર્મપત્ની |
| સ્વ. અમરશીભાઈ મુળજીભાઈ ખોડિયાર | - ભાઈ |
| સ્વ. ભનીબેન અમરશીભાઈ ખોડિયાર | - ભાભી |
| સ્વ. પ્રેમુબેન હરિલાલભાઈ ચાવડા | - બહેન-બનેવી |
| સ્વ. કુંવરબેન મુળજીભાઈ ખોડિયાર | - બહેન |
| ગં.સ્વ. કસ્તુરબેન પ્રાગજીભાઈ ચૌહાણ | - બહેન-બનેવી |
| હરીશભાઈ રતિલાલભાઈ ખોડિયાર | - પુત્ર |
| સંગીતાબેન હરીશભાઈ ખોડિયાર | - પુત્રવધુ |
| ભરતભાઈ રતિલાલભાઈ ખોડિયાર | - પુત્ર |
| અર્ચનાબેન ભરતભાઈ ખોડિયાર | - પુત્રવધુ |
| ધર્મેશભાઈ રતિલાલભાઈ ખોડિયાર | - પુત્ર |
| આરતીબેન ધર્મેશભાઈ ખોડિયાર | - પુત્રવધુ |
| ભાવનાબેન દિપકભાઈ રાઠોડ | - પુત્રી |
| દિપકભાઈ ખીમજીભાઈ રાઠોડ | - જમાઈ |
| ભુમિ, શ્યામ, જીત, જીગર, શ્લોક, ધ્યાની | - પૌત્રી-પૌત્રા |
| ભવ્યા, હેત | - દોહિત્ર-દોહિત્રી |

**સ્વ. મુળજીભાઈ માંડણભાઈ ખોડિયાર પરિવારના**
**જયશ્રી કૃષ્ણ... જય માતાજી...**

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. રતિલાલભાઈ મુળજીભાઈ ખોડિયાર

**સ્વર્ગવાસ : માગસર સુદ-૧૩,**
**તા. ૦૫/૧૨/૨૦૨૨, સોમવાર (દબડા-અંજાર)**

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ । ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ ॥

પરમકૃપાળુ કુળદેવી શ્રી ખોડિયાર માતાજી આપના દિવ્ય અને પવિત્ર આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ખોડિયાર (ચુડાસમા) માતાજી પરિવાર

| | |
|---|---|
| અનિલભાઈ પરસોત્તમભાઈ ખોડિયાર | – પ્રમુખ |
| રસીકભાઈ ગોવિંદભાઈ ખોડિયાર | – સ.મં. પ્રમુખ |
| વિનોદભાઈ વિશનજીભાઈ ખોડિયાર | – ઉપપ્રમુખ |
| જેન્તીલાલ કરશનભાઈ ખોડિયાર | – ઉપપ્રમુખ |
| વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર | – મંત્રી |
| જૈનેશભાઈ રામજીભાઈ ખોડિયાર | – સહમંત્રી |
| દયારામભાઈ રામજીભાઈ ખોડિયાર | – સહમંત્રી |
| કાનજીભાઈ વાઘજીભાઈ ખોડિયાર | – સ. મં. સભ્ય |
| જયપ્રકાશભાઈ હેમરાજભાઈ ખોડિયાર | – સહમંત્રી |
| અશોકભાઈ ધનજીભાઈ ખોડિયાર | – સહમંત્રી |
| મયુરભાઈ અમૃતલાલભાઈ ખોડિયાર | – સહમંત્રી |
| મિતેશભાઈ જીતેન્દ્રભાઈ ખોડિયાર | – સહમંત્રી |

**સમસ્ત ખોડિયાર પરિવારના**
**જયશ્રી કૃષ્ણ... જય માતાજી**

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. સુરેશભાઈ દેવરામભાઈ રાઠોડ

**જન્મ તા. ૦૪/૦૮/૧૯૩૯ કૃષ્ણ શરણમ્ ૧૭/૧૧/૨૦૨૨**

દેશમાં ગામ : નાગલપર, હાલ મુકામ : સિવની (મ.પ્ર.)

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ । ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ ॥

હસમુખ, મિલનસાર, કર્મઠ, સદા ઉત્સાહી વ્યક્તિત્વ તથા સિવની ઘટકના સ્થાપક એવં પ્રથમ ઘટક પ્રમુખ સ્વ. સુરેશભાઈ દેવરામભાઈ રાઠોડ પરમાત્મામાં વિલિન થયા છે.

સિવની ઘટક તરફથી અશ્રુપુરિત શ્રદ્ધાંજલિ, પરમકૃપાળુ પરમાત્મા આપની દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

:: શોકમગ્ન પરિવારજનો ::

**ગં.સ્વ. સવિતાબેન સુરેશભાઈ રાઠોડ** — **રીતા અતુલભાઈ રાઠોડ**

**અતુલ સુરેશભાઈ રાઠોડ** — **મનન અતુલભાઈ રાઠોડ**

**પ્રમુખ સિવની ઘટક**

**પ્રમુખ, સિવની ઘટક મહિલા મંડળ**

# ભાવભીની શ્રદ્ધાંજલિ



## સ્વ. મીનાબેન હિમ્મતલાલ મારૂ

**જન્મ તા. ૧૭-૦૩-૧૯૫૫ સ્વ. તા. ૨૧-૧૧-૨૦૨૨**

**દેશમાં ગામ : દેવળીયા, હાલ મુકામ : પૂના, દુર્ગ**

**જય શ્રી સ્વામિનારાયણ**

પરમકૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાન આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના.... જય શ્રી સ્વામિનારાયણ

:: શોકમગ્ન પરિવારજનો ::

| | |
|---|---|
| હિમ્મતલાલ મારૂ | પતિ |
| ગજેન્દ્ર હિમ્મતલાલ મારૂ | પુત્ર |
| અનિતા ભુપેન્દ્ર ચાવડા | પુત્રી-જમાઈ |
| દિપ્રી મનોજ ચૌહાણ | પુત્રી-જમાઈ |
| ચીમન લગધીર પરમાર | ભાઈ |
| બ્રિજલાલ અમૃતલાલ મારૂ | ભત્રીજા |

| | |
|---|---|
| સમસ્ત મારૂ પરિવાર | સમસ્ત પરમાર પરિવાર |
| ૯૪૨૫૫૫૬૯૧૮ | ૯૯૨૩૬૫૪૬૯૬ |




Surbhi
CLOTHING

MISS AKSHITA
B. CHAVDA (MD)



# Inspired By Culture

Manufecturer and Retailer of Kurti and Dresses

**Factory Address:**

Shraddha Complex, Adani School Rd,
Near Zero Point, Mundra 370421.

**Home Address:**

Girinarayan Street, Mandvi Chock,
Old Bandar Road, Mundra 370421.

**Contact Address:**

+91 93246 85342
+91 99208 43135

surbhiclothing@gmail.com


LALITA PUBLIC SCHOOL® (CBSE)
CHETNA KIDS PARADISE
Ring Road, Wardhaman Nagar, Nagpur- 35
Email : lpswnngp1@gmail.com | Website : lalitapublicschool.com
LALITHA PUBLIC SCHOOL
Fly With Me
Director :
Mrs. Chetna Raju Tank
PURUSHOTTAM JAIRAM CO. & M/S JAIRAM KARSAN TANK
IMPORTERS AND EXPORTERS OF TIMBER
69, LAKADGANJ, NAGPUR-440 008 INDIA Off.: 91-712-2764667, 2764639, Fax : 91-712-2765367, E-mail : pj.tank@yahoo.com
ASHUTOSH INDUSTRIES
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR. LARGEST MANUFACTURER OF DECORATIVE TEAK VENEER IN INDIA
RISING FURNITURE
Gandhi Putla Sq., Central Avenue, Nagpur-2
FURNITURE SHOWROOM FOR ALL TYPES OF FURNITURE
NARAYANA MINERALS
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR
MANUFACTURER OF MANAGANESE DI OXIDE (MNO2) & MANAGANESE OXIDE (MINO)



|| ઓમ શાંતિઃ ||
ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી
લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ
જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ
કચ્છ જીલ્લાના કોઈપણ તાલુકામાં જમીન મળી શકશે
બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર
(ખંભરા)
પ્રમુખશ્રી, કચ્છ પ્રાદેશિક સમિતિ
Mob. 98252 97341
ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : Mo. 9537738640 (Deep)




માધવ સ્વીમીંગ – કુકમા
આપના શુભ પ્રસંગો, પારિવારીક ઉત્સવો, જન્મદિન જેવા પ્રસંગે પરિવાર સહીત ફરવાલાયક ઉત્તમ સ્થળ...
સ્વિમીંગ પુલ, બાગ-બગીચા સહીત નયનરમ્ય વાતાવરણનો આનંદ માણો...
શ્રી રામેશ્વરમ્ એગ્રી ફાર્મ – માધવ સ્વીમીંગ
આકાશવાણી રેડીયો સ્ટેશન ફાટકથી બે કી.મી. અંદર, કુકમા (કચ્છ)
શ્રી રામેશ્વરમ એસ્ટેટ બ્રોકર
બેંક ઓફ બરોડાની બાજુમાં, બસ સ્ટેશન પાસે, કુકમા
માધવ સ્વીટ એન્ડ નમકીન
બસ સ્ટેશન પાસે, કુકમા
શ્રી હરગોવિંદભાઈ એચ. ચૌહાણ
પ્રમુખશ્રી, કુકમા ઘટક
મો. ૯૮૨૫૫ ૧૪૩૫૧
શ્રી માધવ એચ. ચૌહાણ
કુકમા
મો. ૯૫૩૭૧ ૮૨૭૭૮



YOGESH CHAWDA



Aatur Chawda
(M.Arch Texas Univ.)



Raunak Chawda
(B.E. Civil, MBA)



vedbhumi

# VEDBHUMI BUILDERS & DEVELOPERS PVT.LTD.
# VEDBHUMI INFRAPROJECTS PVT. LTD.

1st Level, Bhumi Arcade, Near Garden, Lakadganj, Nagpur - 08.
Ph.: 0712 - 2760512 | e-mail : info@vedbhumi.com | www.vedbhumi.com
Residence : "Amber", Vatsalya Bhumi, Wathoda, Nagpur - 35.
M : +91 9373129642 | M : +91 7773933433

**Meena Y. Chawda** | **Abhilasha A. Chawda**

**(Chandia)**




Khodiyar Engineering Works
Urja Engineering Company
Perfect Power Systems
Unique Power Systems

Anil Khodiyar
+ 91 98252 36151

Sumeet Khodiyar
+ 91 98791 95121

Jigar Khodiyar
+ 91 98794 04009

*(Electrical Contractors, Consultants & Engineers)*

Mfrs. Of : PCC, MCC, APFC, VFD, LDB, DG SET Panels

**Besides the manufacturing of Panel, we also attain works such as**

- Installation of DP Structure.
- Installation of Cables and connecting them, etc.
- Supply of Transformers and Vaccume Circuit Breaker
- Rewinding Of all types of Motors and Generators.
- Filtration and supply of Transformer Oil.
- Supply of All types of Switchgears.
- All Types of HT & LT deals with P.G.V.C.L

Lighten Up Your Life...



**Authorised Dealer**

C&S electric | AVOCAB WIRES & CABLES | HPL The Power of Technology | connectwell THE RIGHT CONNECTION

**Office & Works : Shed No. L - 46, 47, 48 & M-50, Opp. I.T.I, G.I.D.C., Gandhidham (Kutch) Gujarat 370201.**
**Ph. (O) +91 2836 233791 • Fax : +91 2836 233761**
**E-mail : info@urjaengg.com / urjaengineeringcompany@gmail.com**
**Website : www.urjaengg.com / www.urjaengineeringcompany.com**




*With Best Compliments*



**UNITRON**

*The Instrumentation People*

**Vipin Rathod**
Managing Director

# UNITRON INSTRUMENTATION PVT. LTD.

The leading Suppliers of Scientific and Material Testing Equipments in India. Our major customers are Aerospace Industry, Automobile Industry, Steel Industry, Foundry & Forge Industry and Surface Coating Industry.






**Head Office**
127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore- 560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717
Email- info@unitron.in unitron@vsnl.net Web: www.unitron.in
**Branch Office: Chennai, Delhi(Gurgoan), Pune**

**Developers and Sponsorers of Home Page of Rathods of Khambra**
**www.rathodsofkhambra.in**

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2023-2025 Posted at S.O. BHUJ on 2nd of Every Month.
Published on January-2023




॥ જય સિયારામ ॥

## 'સમાજરત્ન'
## શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી

(પ્રમુખશ્રી, કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટક)
(પ્રમુખશ્રી કન્યા છાત્રાલય, કુકમા)
(પ્રમુખશ્રી, નૂતન કેળવણી મંડળ, માધાપર)
(પ્રમુખશ્રી ધોરાવા મંદિર ટ્રસ્ટ, માધાપર)
(આજીવન ટ્રસ્ટીશ્રી, માતાના મઢ જાગીર ટ્રસ્ટ)
(આજીવન ટ્રસ્ટીશ્રી, આશાપુરા માતાજી ભંડાર અને અતિથિગૃહ ટ્રસ્ટ)
(ઉપપ્રમુખશ્રી, હરિહર ટ્રસ્ટ, વાંઢાય)
(પ્રમુખશ્રી, સીતારામ સત્સંગ સેવા સમિતિ, રેહા)
(પ્રમુખશ્રી, રામબાઈ સેવા સમિતિ (અન્નક્ષેત્ર) માધાપર)
(આજીવન ટ્રસ્ટીશ્રી, હાથ મિલાવો શક્તિ વિકાસ ટ્રસ્ટ, ધમડકા)

SHREE RAM GROUP OF INDUSTRIES



Mohit V. Solanki
9925233580

- M/s. Vinod P. Solanki
- Shree Ram Processors
- Shree Ram Kaolin
- Shree Ram China Clay
- M/s. N.V. Solanki

# SHREE RAM GROUP OF INDUSTRIES

Mines Owner, Supplier & Exporter of Crude China Clay Levigeted China Clay, Kaolin Powder & Silica Sand

Junavas Main Bazar, Junavas, Madhapar (Bhuj-Kachchh) 370020
Tel No. 02832-242326, 293137, Fax : 242295 E-mail : info.shreeramgroup@gmail.com


# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ–કચ્છ) ૩૭૦૧૦૫, ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

## દાન માટે અપિલ :-

| | |
|---|---|
| રૂા. ૫૦,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર મુરબ્બી દાતાશ્રી |
| રૂા. ૧૦,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર શુભેચ્છા દાતાશ્રી |
| રૂા. ૫,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર આશ્રય દાતાશ્રી |
| રૂા. ૬,૦૦૦/- | નું દાન આપનાર દત્તક દાતાશ્રી (એક વિદ્યાર્થીનીની સત્ર ફી ભરી વિદ્યાદાન આપી શકાય છે.) |
| રૂા. ૪,૦૦૦/- | નું દાન આપનાર પુણ્ય સ્મૃતિ ભોજન દાતાશ્રી તથા ખુશાલી ભોજન દાતાશ્રી |
| રૂા. ૨,૦૦૦/- | નું દાન આપનાર આજીવન સભ્યશ્રી |

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842 IFSC Code : BARB0KUKMAX માં જમા કરાવી શ્રી મોહનલાલ કુંવરજી ચૌહાણ મો. 9427767810 ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.
PAN NO. AABTS 4600 B

આપનું દાન ૮૦-જી (૫) મુજબ આવકવેરા મુક્તિને પાત્ર છે

આપના વિનમ્ર


'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પી. સોલંકી - પ્રમુખ
શ્રી જેઠાલાલ પી. પરમાર - ચેરમેન
શ્રી પ્રફુલ્લચંદ્ર કે. ટાંક - સલાહકાર પ્રમુખ
શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ - મંત્રી
શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ - ઉપપ્રમુખ
શ્રી વિનોદભાઈ કે. પઢિઆર - ઉપપ્રમુખ
શ્રી પ્રભુલાલ પી. પરમાર - ઉપપ્રમુખ
શ્રી કાંતીલાલ આર. પરમાર - માનદ્ વ્યવસ્થાપક
શ્રી રસીકલાલ પી. ચૌહાણ - સહમંત્રી
શ્રી અનિલભાઈ ડી. ચૌહાણ - કોષાધ્યક્ષ
શ્રીમતી અનસુયાબેન જે. પરમાર - સહ વ્યવસ્થાપક
શ્રી મોહનલાલ કે. ચૌહાણ - સહ વ્યવસ્થાપક


મુદ્રક અને પ્રકાશક : વિનોદ મોહનલાલ ખોડીયાર એ આ મુખપત્રના માલિક : શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા (પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા), 'અંબર' વાત્સલ્ય ભૂમિ, વાઠોડા, નાગપુર – ૩૫ (મહારાષ્ટ્ર), મો. ૯૩૭૩૧૨૯૬૪૨ વતીથી, શ્રી ગાયત્રી ગ્રાફીક્સ – અંજાર ખાતે તૈયાર કરાવી, શ્રી હરિ ઓફસેટ – ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.